RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 29-05-2026 I VOL : 12 I Issue : 73 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


સુવિચાર

અશક્ય ભલે કંઈ ન હોય પણ બધું શક્ય બનાવવું જરૂરી નથી.

3  કેનેડાના નાયગ્રા શહેરમાં આણંદ જિલ્લાના બોરસદની યુવતીની કરૂણ હત્યા

4  ભારતીયો દર વર્ષે માત્ર ટ્રાફિકમાં 3.50 લાખ કરોડના પેટ્રોલ-ડીઝલનો ધુમાડો કરે છે!

6  લગ્ન-ઉંમરના કારણે ટ્રોલ થઈ શમિતા શેટ્ટી:યુઝર્સની ક્લાસ લેતાં એક્ટ્રેસે કહ્યું...

7  પેરા જેવલિન થ્રોઅર સુમિતે પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો: 74.82 મીટર દૂર જેવલિન ...

## એક નજર...

### બ્લેક શોર્ટ ડ્રેસમાં પ્રજ્ઞા જયસ્વાલે આપ્યા હોટ પોઝ



પ્રજ્ઞા જયસ્વાલના અવારનવાર સોશિયલ મીડિયા પર હોટ અને બોલ્ડ ફોટા વાયરલ થતા રહે છે. હાલમાં કેટલીક તસવીરો સામે આવી છે. આ તસવીરોમાં પ્રજ્ઞા એકદમ બોલ્ડ દેખાઈ રહી છે. હસીનાએ પોતે આ તસવીરો શેર કરી છે. આ દરમિયાન તે ક્યારેક બેસીને તો ક્યારેક ઊભા રહીને પોઝ આપી રહી હતી. પ્રજ્ઞાના આ ફોટા ચાહકોને ખૂબ જ પસંદ આવી રહ્યા છે.

# ભાજપે દિલ્હી, પંજાબ સહિત 4 રાજ્યોના પ્રદેશ પ્રમુખ બદલ્યા

## દિલ્હી ભાજપની કમાન હર્ષ મલ્હોત્રાના હાથમાં; હરિયાણા, પંજાબ અને ત્રિપુરાના પ્રદેશ પ્રમુખો પણ બદલાયા

નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સંગઠનમાં મોટા ફેરફારો શરૂ કર્યા છે. પાર્ટીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત ચાર રાજ્યોમાં પ્રદેશ પ્રમુખોને બદલી નાખ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હી, પંજાબ, હરિયાણા અને ઉત્તરપૂર્વીય રાજ્ય ત્રિપુરામાં પાર્ટીને હવે નવા પ્રદેશ પ્રમુખો મળ્યા છે. હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપની કમાન સોંપવામાં આવી છે. ભાજપે દિલ્હી, પંજાબ, હરિયાણા અને ત્રિપુરાના પ્રદેશ પ્રમુખોને બદલી નાખ્યા છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને દિલ્હીમાં હર્ષ મલ્હોત્રા, પંજાબમાં સરદાર કેવલ સિંહ ધિલ્લોન, હરિયાણામાં ડૉ. અર્ચના ગુપ્તા અને ત્રિપુરામાં અભિષેક દેબરોયને પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. દિલ્હી ભાજપની કમાન હર્ષ મલ્હોત્રાના હાથમાં દિલ્હી ભાજપના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા હર્ષ મલ્હોત્રા પૂર્વ દિલ્હીના સાંસદ છે. મલ્હોત્રા કેન્દ્રીય મંત્રીમંડળના સભ્ય પણ છે અને માર્ગ પરિવહન રાજ્યમંત્રીનો હોદ્દો ધરાવે છે. તેઓ વીરેન્દ્ર સચદેવનું સ્થાન લેશે. કેન્દ્રીય રાજ્ય મંત્રી હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સરદાર કેવલ સિંહ ધિલ્લોનને પંજાબ ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડૉ. અર્ચના ગુપ્તાને હરિયાણા ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અભિષેક દેબરોયને ત્રિપુરાના પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.



પંજાબમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. એક વર્ષથી ઓછો સમય બાકી હોવાથી, પાર્ટીએ સુનીલ જાખડના સ્થાને પાર્ટી સંગઠનનું નેતૃત્વ કરવા માટે એક નવા નેતાની નિમણૂક કરી છે. કેવલ સિંહ ધિલ્લોન પંજાબ ભાજપના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હરિયાણામાં, પાર્ટીએ એક મોટો સંગઠનાત્મક ફેરફાર કર્યો છે, જેમાં મોહન લાલ બદૌલીને બદલીને ડૉ. અર્ચના ગુપ્તાને નવા પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# સમગ્ર દેશમાં બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવ્યો



કોચીન

સમગ્ર દેશમાં બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. મુસ્લિમ ધર્મના લોકો ઈદગાહમાં નમાઝ પઢવા પહોંચ્યા. પીએમ નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ દેશવાસીઓને ઈદની શુભકામનાઓ પાઠવી છે. રાજસ્થાનના અજમેરમાં ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહમાં જન્નતી દરવાજો ખોલવામાં આવ્યો. યુપી, બંગાળ અને દિલ્હીમાં પોલીસ અને રેપિડ એક્શન ફોર્સ ફ્લેગ માર્ચ કરી રહી છે. મસ્જિદો અને ઈદગાહો પર ડ્રોન દ્વારા નજર રાખવામાં આવી રહી છે. ઉત્તરાખંડ, ચંદીગઢની મસ્જિદો અને ઈદગાહોમાં આ વખતે નમાઝીઓ પોસ્ટર લઈને પહોંચ્યા. જેના પર લખ્યું હતું- ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરો. ઈદ-ઉલ-અઝહા અથવા બકરી ઈદને 'બલિદાનનો તહેવાર' પણ કહેવાય છે. તે ઈસ્લામિક હિજરી કેલેન્ડરના 12મા મહિના, ધુ અલ-હિજ્જાના 10મા દિવસે ઉજવવામાં આવે છે. તે મક્કામાં થતી વાર્ષિક હજ યાત્રાના સમાપ્તિનું પ્રતીક છે. બકરી ઈદની તારીખ દર વર્ષે બદલાતી રહે છે કારણ કે તે ચંદ્ર કેલેન્ડર પર આધારિત છે, જે ગ્રેગોરિયન કેલેન્ડર કરતાં લગભગ 11 દિવસ નાનું હોય છે. તેનું પરિણામ એ આવે છે કે પશ્ચિમી કેલેન્ડરમાં ઈદ દર વર્ષે થોડી વહેલી આવે છે.

# કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાનું રાજીનામું

## સિદ્ધારમૈયાએ કહ્યું- હાઈકમાન્ડે જે કહ્યું તે કર્યું; ડીકે શિવકુમાર જ નવા CM બનશે

નવી દિલ્હી

ગુરુવારે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ રાજીનામું આપ્યું. બેંગલુરુમાં એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું, મેં કહ્યું હતું કે જ્યારે પણ હાઈકમાન્ડ મને કહેશે ત્યારે હું રાજીનામું આપીશ. તેથી ગઈકાલે, હાઈકમાન્ડે મને રાજીનામું આપવાના વાત કરી હતી. રાજ્યના હવે જે આગામી



મુખ્યમંત્રી થે તેમને તક આપવી જોઈએ. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા બપોરે 3 વાગ્યે રાજભવન પહોંચ્યા અને પાંચ મિનિટ પછી ત્યાંથી નીકળી ગયા. નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર પણ તેમની સાથે હાજર હતા. સિદ્ધારમૈયાએ રાજ્યપાલના સચિવને પોતાનું રાજીનામું સુપરત કર્યું. રાજ્યપાલ થાવરચંદ ગેહલોત પારિવારિક કારણોસર બેંગલુરુની બહાર છે. આ પહેલા તેમણે બેંગલુરુમાં તેમના ઘરે તેમના મંત્રીઓ સાથે બ્રેકફાસ્ટ મિટિંગ બોલાવી હતી, જ્યાં તેમણે તેમને તેમના નિર્ણયની જાણ કરી હતી. નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર પણ બેઠકમાં હાજર રહ્યા હતા. શિવકુમારે સિદ્ધારમૈયાને પગે લાગ્યા હતા, ત્યારબાદ મુખ્યમંત્રી તેમને ભેટી પડ્યા હતા. કર્ણાટક સરકારના મંત્રી એચકે પાટીલે જણાવ્યું કે બેઠકમાં આગામી મુખ્યમંત્રી તરીકે ડીકે શિવકુમારના નામને મંજૂરી આપવામાં આવી છે. નિયમો મુજબ, જો રાજ્યપાલ રાજ્યમાં હાજર ન હોય તો પણ, મુખ્યમંત્રી રાજભવનના અધિકારીઓને ઈમેઈલ દ્વારા અથવા રૂબરૂમાં લેખિત રાજીનામું સુપરત કરી શકે છે. ત્યારબાદ રાજ્યપાલ તેને સ્વીકારે છે. રાજીનામું સ્વીકારાય ત્યાં સુધી વર્તમાન મુખ્યમંત્રી પદ પર રહેશે. કર્ણાટકમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ સવારે તેમણે બેંગલુરુમાં તેમના ઘરે મંત્રીઓ સાથે બ્રેકફાસ્ટ મિટિંગ બોલાવી હતી. મીટિંગ પહેલા સિદ્ધારમૈયા તમામ નેતાઓ સાથે નાસ્તો કરવા બેઠા, જેમાં ઈડલી, ચટણી, વડા અને ભાત સહિત વિવિધ વાનગીઓ ખાધી હતી. ત્યારબાદ, સિદ્ધારમૈયાએ કર્ણાટકના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી. નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર પણ હાજર રહ્યા હતા. શિવકુમાર સિદ્ધારમૈયાને પગે લાગ્યા અને આશિર્વાદ લીધા હતા, ત્યારબાદ મુખ્યમંત્રી તેમને ભેટી પડ્યા હતા.

## NEWS TRACK

### ઈરાન પછી ઓમાનને ટ્રમ્પની ધમકી:કહ્યું- હોર્મુઝ પર કોઈનો કંટ્રોલ સહન નહીં કરીએ, ઉડાવી દઈશું

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને લઈને ઈરાન પછી હવે ઓમાનને ધમકી આપી છે. તેમણે કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગ છે અને અહીં કોઈ એક દેશનો કબજો ન હોઈ શકે. દુનિયાના તમામ જહાજોને અહીંથી પસાર થવાની આઝાદી હશે. ટ્રમ્પે કહ્યું કે અમે તેના પર નજર રાખીશું, પરંતુ તેને કોઈ નિયંત્રિત નહીં કરે. ઈરાન તેને નિયંત્રિત કરવા માંગે છે, પરંતુ આવું નહીં થાય. આ આંતરરાષ્ટ્રીય જળક્ષેત્ર છે. ઓમાનને પણ બાકીના દેશોની જેમ વર્તવું પડશે, નહીં તો તેને ઉડાવી દઈશું. આ પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાનને લાગ્યું હતું કે તેઓ વાતચીતમાંથી પીછેહઠ કરશે, પરંતુ હવે તેહરાન પાસે સમજૂતી કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. વ્હાઈટ હાઉસમાં કેબિનેટ બેઠક દરમિયાન ટ્રમ્પે કહ્યું, 'ઈરાનને લાગ્યું હતું કે તેઓ મને રાહ જોવડાવીને થકવી દેશે. તેમને લાગ્યું કે મારી સામે મિડટર્મ ચૂંટણીઓ છે, પરંતુ મને તેની પરવા નથી. ઈરાન હવે ફક્ત સમજૂતી કરવા માંગે છે.'

### મિડલ ઈસ્ટ બાદ હવે કેરેબિયન સાગરમાં યુદ્ધના એંધાણ! અમેરિકાનો માસ્ટર પ્લાન તૈયાર

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર પેન્ટાગોને ક્યુબા પર સંભવિત લશ્કરી હુમલો કરવા માટેની તમામ સૈન્ય તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ક્યુબાની કમ્યુનિસ્ટ સરકારને પછાડવા માટેના તમામ આર્થિક અને રાજકીય દબાણો નિષ્ફળ ગયા બાદ, હવે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે આ ટાપુ દેશ પર આક્રમણ કરવાની દિશામાં વિચારણા શરૂ કરી છે. આ માટે અમેરિકન નેવીએ મિડલ ઈસ્ટ બહાર સમગ્ર વિશ્વમાં પોતાનું સૌથી મોટું સૈન્ય પ્રદર્શન ક્યુબાની આસપાસ ગોઠવી દીધું છે. જેથી આદેશ મળતાં જ તાત્કાલિક કાર્યવાહી કરી શકાય. કેવી હોઈ શકે છે અમેરિકાની રણનીતિ? પોલિટિકોના રિપોર્ટ અનુસાર, અમેરિકા અહીં વેનેઝુએલાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ જેવું જ ઓપરેશન હાથ ધરીને હવાનાની ટોચની નેતાગીરીની ધરપકડ(કબ્જો) કરી શકે છે અથવા શ્રેણીબદ્ધ ચોક્કસ ગાઈડેડ મિસાઈલ હુમલા કરી શકે છે. જો આમ થશે, તો ટ્રમ્પ પ્રશાસનનો આ ત્રીજો મોટો આંતરરાષ્ટ્રીય સૈન્ય સંઘર્ષ હશે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કેબિનેટ બેઠકમાં સ્પષ્ટ કહ્યું હતું કે, 'ક્યુબા અત્યારે ભારે મુશ્કેલીમાં છે.

# નડિયાદનો તોડબાજ 'સુભાષ': ધારાસભ્યના આશીર્વાદ

## વિઝા કૌભાંડીઓ સાથે મિલીભગત અને ખાખીને કલંકિત કરતો આંતરરાષ્ટ્રીય ખેલ!




નડિયાદ

ચરોતરના નિર્દોષ નાગરિકોને વિદેશ મોકલવાના બહાને રમાતા આંતરરાષ્ટ્રીય ડુપ્લીકેટ વિઝા કૌભાંડમાં 'પાક્કો ગુજરાત' એક એવો ચોંકાવનારો પર્દાફાશ કરવા જઈ રહ્યું છે, જેનાથી કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડી ગયા છે. દેશદ્રોહ સમાન આ ગંભીર ગુનાના આકાઓને જેલના સળિયા પાછળ ધકેલવાને બદલે, ખાખી વરદીની આડમાં છુપાયેલા એક રીઢા વહીવટદારે આખા કૌભાંડ પર કરોડોનો તોડ કરીને ખાખીને સરેઆમ વેચી મારી છે! દારૂ, જુગાર અને કોલ સેન્ટરોના દેશી તોડ કરીને ગજવા ગરમ કરતો નડિયાદ ટાઉન પોલીસનો કુખ્યાત વહીવટદાર સુભાષ હવે ઈન્ટરનેશનલ કક્ષાના માફિયાઓનો તારણહાર બન્યો છે.

સ્થાનિક શાસક પક્ષના ધારાસભ્યની સીધી છત્રછાયા અને રાજકીય આશીર્વાદના જોરે કૂદતા આ મહાભ્રષ્ટ તોડબાજે દેશની સુરક્ષાને નેવે મૂકીને ડુપ્લીકેટ વિઝા કૌભાંડીઓ પાસેથી મસમોટી રોકડી કરી લીધી હોવાની સનસનાટીભરી વિગતો સામે આવી છે.

### ટાઉન પોલીસ સ્ટેશનના નાક નીચે આંતરરાષ્ટ્રીય રેકેટ

સૂત્રો પાસેથી મળતી કાળજું કંપાવી દે તેવી માહિતી મુજબ, નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનની બિલકુલ નજીક ઓફિસ ખોલીને બેઠેલા એક શાતિર શખ્સે ૪ અજાણ્યા નાગરિકોને જાપાનના ડુપ્લીકેટ વિઝા બનાવી આપી લાખો રૂપિયા ખંખેરી લીધા હતા. આ ઈન્ટરનેશનલ લેવલનું રેકેટ જ્યારે સપાટી પર આવ્યું, ત્યારે કોઈ પ્રામાણિક પોલીસ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરત, પણ વચમાં કાળી કમાણીનો ભૂખ્યો વહીવટદાર સુભાષ કૂદી પડ્યો. તેણે કાયદાની રક્ષક મટીને ભક્ષકની ભૂમિકા ભજવી અને આ ગંભીર ગુનાને કમાણીનું સાધન બનાવી દીધું!

### લાખોની કાળી કમાણી અને કૌભાંડીઓ ફરાર

છેલ્લા ત્રણ દાયકાથી જાપાનમાં સ્થાયી થયેલા મુખ્ય સૂત્રધારના વચેટિયાએ નડિયાદમાં આવીને તોડબાજ સુભાષનો સીધો સંપર્ક કર્યો હતો. ભ્રષ્ટાચારના નશામાં ચૂર સુભાષને એવી તો મસમોટી આર્થિક ઓફર આપવામાં આવી કે તે કાયદો-કાનૂન બધું જ ભૂલીને દેશદ્રોહીઓની 'બાટલી'માં ઉતરી ગયો. પરિણામે, દેશની આંતરિક સુરક્ષા સામે મોટો ખતરો ઊભો કરનારા મુખ્ય આરોપીઓ પોલીસના સકંજામાંથી આસાનીથી છટકી ગયા અને સુભાષ લાખોની કાળી કમાણી પોતાના ઘરે ભેગી કરી ગયો.

### PI અંધારામાં, વહીવટદારનો માસ્ટરસ્ટ્રોક!

જ્યારે આ આખો કાળો ખેલ ખેલાઈ રહ્યો હતો, ત્યારે ટાઉન પોલીસ સ્ટેશનના તત્કાલિન પોલીસ ઈન્સ્પેક્ટર (PI) સંજય બળદેવભાઈ દેસાઈ ફરજ પર હતા. પરંતુ વહીવટદાર સુભાષે એટલી શાતિરતા અને રીઢા ગુનેગાર જેવી માનસિકતાથી આ આખો તોડ કર્યો કે PI સંજય દેસાઈ પણ આ ગંભીર તોડબાજીથી તદ્દન અજાણ રહ્યા હતા. એક સામાન્ય વહીવટદાર પોતાના ઉચ્ચ અધિકારીને અંધારામાં રાખીને ઈન્ટરનેશનલ લેવલના કૌભાંડિયાઓને ભગાડી દે, એ ગુજરાત પોલીસની છબી ખરડનારી અત્યંત શરમજનક બાબત છે.

### IB, CID અને ACB ત્રાટકે તો કાળું સામ્રાજ્ય ખુલ્લું પડે! આ કોઈ નાનો-મોટો સ્થાનિક ગુનો નથી, આ દેશની સુરક્ષા સાથે સીધો ખેલ છે.

ન્યાયિક માંગ: ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) અને CID ક્રાઈમ જેવી ઉચ્ચ એજન્સીઓ આ મામલાને તાત્કાલિક પોતાના હાથમાં લે.

કડક પૂછપરછ: ધારાસભ્યના નામે રૂઆબ જમાવતા તોડબાજ સુભાષને તાત્કાલિક અટકાયતમાં લઈ 'પોલીસ સ્ટાઈલ'માં આગવી પૂછપરછ કરવામાં આવે.

મિલકતોની તપાસ: રાજ્યના તકેદારી આયોગ (Vigilance) અને લાંચ રુશ્વત વિરોધી દળ (ACB) જો આ વહીવટદારની નામી-બેનામી અપ્રમાણસર મિલકતો પર ત્રાટકે, તો કરોડો રૂપિયાનો કાળો અંબાર બહાર નીકળશે એ નક્કી છે.

### સૌથી મોટો સવાલ: કોના ખિસ્સામાં છે કૌભાંડીઓ?

**સૂત્રો તો ત્યાં સુધી માહિતી આપી રહ્યા છે કે, ડુપ્લીકેટ વિઝા બનાવનારા આ માફિયાઓ જાહેરમાં એવો દાવો કરી રહ્યા છે કે 'ધારાસભ્ય અને સુભાષ જેવા ભ્રષ્ટ પોલીસવાળા તો અમારા ખિસ્સામાં ફરે છે!'**

**જો આ મહાઠગ સુભાષની કડકાઈથી તપાસ થશે, તો ચરોતરમાં વર્ષોથી ચાલતા ડુપ્લીકેટ વિઝાના કરોડો રૂપિયાના રેકેટના મૂળ સુધી પહોંચી શકાશે. હવે જોવાનું એ રહે છે કે, રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ વહીવટદારના પાપના ઘડાને ફોડે છે કે પછી રાજકીય દબાણમાં આ આંતરરાષ્ટ્રીય કૌભાંડ હંમેશા માટે દબાઈ જાય છે!**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## રાજકોટમાં બાગેશ્વર બાબા સામે વિજ્ઞાન જાથાનો મોરચો: જયંત પંડ્યાએ ફેંકી 50 લાખની ઓપન ચેલેન્જ

રાજકોટ

રંગીલું રાજકોટ હવે ભારે રાજકીય અને વૈચારિક સંગ્રામનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. પ્રખ્યાત અને વિવાદિત બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી ઉર્ફે બાગેશ્વર બાબાના દિવ્ય દરબારનું આયોજન રાજકોટમાં થાય તે પહેલાં જ વિજ્ઞાન જાથાએ બાબા સામે સીધો મોરચો ખોલી દીધો છે. અંધશ્રદ્ધા સામે વર્ષોથી લડત ચલાવતા વિજ્ઞાન જાથાના વડા જયંત પંડ્યાએ બાગેશ્વર બાબાને એક ખુલ્લી અને સણસણતી ચેલેન્જ ફેંકીને સમગ્ર ગુજરાતના સોશિયલ મીડિયા અને રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

પાક્કો ગુજરાત ને મળતી વિગતો અનુસાર, જયંત પંડ્યાએ ભારે આક્રમકતા સાથે જાહેરાત કરી છે કે જો બાગેશ્વર બાબા રાજકોટના દરબારમાં વિજ્ઞાન જાથા દ્વારા પૂછવામાં આવેલા વૈજ્ઞાનિક પ્રશ્નોના સાચા જવાબ આપી દેશે, તો તેમને ૫૦ લાખ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવશે. આટલું જ નહીં, પંડ્યાએ ત્યાં સુધીની મોટી જાહેરાત કરી દીધી છે કે જો બાબા આ ચેલેન્જ જીતી જશે તો તેઓ વર્ષો જૂની સંસ્થા વિજ્ઞાન જાથાને હંમેશ માટે બંધ કરી દેશે.

જયંત પંડ્યાએ બાબાના ચમત્કારો અને દિવ્ય શક્તિઓના દાવાઓ સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે વિજ્ઞાનના યુગમાં આવા કથિત ચમત્કારોના નામે જનતાને ગેરમાર્ગે દોરવાનું બંધ થવું જોઈએ. જો બાબા પાસે ખરેખર કોઈ દિવ્ય શક્તિ હોય તો તેઓ બંધ કવરમાં રાખેલી વસ્તુઓ કે વિજ્ઞાન જાથાના સવાલોના સાચા જવાબો આપીને બતાવે. આ ઓપન ચેલેન્જ બાદ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે.

## ગાંજા બાદ હવે વડોદરામાં ડ્રગ્સ માફિયાઓ પર પોલીસનો મોટો પ્રહાર

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાને નશાના કાળા કારોબારમાંથી મુક્ત કરવા માટે વડોદરા પોલીસે હવે આરપારની લડાઈ શરૂ કરી દીધી છે. શહેરમાં ડ્રગ્સનો ગોરખધંધો કરનારા સ્થાનિક એજન્ટો અને અન્ય રાજ્યોમાંથી ઓપરેટ કરતા મોટા સપ્લાયરો ઉપર પોલીસે પોતાનો સકંજો મજબૂત કર્યો છે. આ ઓપરેશનના ભાગરૂપે વડોદરા પોલીસની ટીમને વધુ એક મોટી સફળતા હાથ લાગી છે. તાજેતરમાં જ ગાંજાના એક મોટા સપ્લાયરને જેલના સળિયા પાછળ ધકેલ્યા બાદ, હવે પોલીસે મેફેડ્રોન (MD) ડ્રગ્સના મુખ્ય સપ્લાયરને સીધો મધ્યપ્રદેશથી દબોચી લીધો છે. પાક્કો ગુજરાત ને મળતી વિગતો અનુસાર, વડોદરા શહેરના યુવાધનને નશાના રવાડે ચડાવવાના આ કાળા ખેલ પાછળ આંતરરાજ્ય ગેંગ સક્રિય હોવાની આશંકા હતી. સ્થાનિક કક્ષાએ ઝડપાયેલા નાના પેડલર્સની કડક પૂછપરછ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસની એક ખાસ ટીમ મધ્યપ્રદેશ રવાના કરવામાં આવી હતી. જ્યાંથી આ મેફેડ્રોન ડ્રગ્સના મુખ્ય સૂત્રધાર અને સપ્લાયરને ફિલ્મી ઢબે ઝડપી પાડવામાં આવ્યો છે અને તેને વડોદરા લાવવાની તજવીજ હાથ ધરાઈ છે. પોલીસની આ આક્રમક કાર્યવાહીથી ડ્રગ્સના નેટવર્કમાં જોડાયેલા સ્થાનિક એજન્ટોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પકડાયેલા સપ્લાયરની પૂછપરછમાં વડોદરાના કયા-કયા વિસ્તારોમાં અને કોને-કોને ડ્રગ્સ સપ્લાય કરવામાં આવતું હતું, તેવા અનેક મોટા ખુલાસા થવાની સંભાવના સેવાઈ રહી છે. વડોદરા પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી આ ઝુંબેશને પગલે નાગરિકો પણ રાહતનો શ્વાસ લઈ રહ્યા છે. પાક્કો ગુજરાત પણ તંત્રની આ સરાહનીય કામગીરીને બિરદાવે છે.

## સુરતમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા: 'ઓપન બાર' જેવા દારૂના અડ્ડા પર મહિલાઓની જનતા રેડ!

સુરત

ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના ગાલ પર વધુ એક સણસણતો તમાચો વાગ્યો છે. ડાયમંડ સિટી સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી ચુકી છે તેનો જીવતો જાગતો પુરાવો આજે સામે આવ્યો છે. સુરતના એક વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલી રહેલા દેશી-વિદેશી દારૂના અડ્ડાઓથી કંટાળીને આખરે મહિલાઓએ રણચંડીનું રૂપ ધારણ કરવું પડ્યું છે. સ્થાનિક મહિલાઓ અને નાગરિકોએ એકઠા થઈને આ દારૂના અડ્ડા પર 'જનતા રેડ' પાડી સમગ્ર તંત્રને ઊંઘતું ઝડપ્યું છે.

'પાક્કો ગુજરાત' ના ગ્રાઉન્ડ રિપોર્ટ અનુસાર, આ જનતા રેડ દરમિયાન દારૂના અડ્ડા પર જાણે કોઈ 'ઓપન બાર' ચાલતું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ખુલ્લેઆમ દેશી અને ઈંગ્લિશ દારૂનું વેચાણ થઈ રહ્યું હતું. રેડ પાડતી વખતે એક સ્થાનિક મહિલાએ રડતી આંખે અને ભારે આક્રોશ સાથે જણાવ્યું કે: 'અહીં ખુલ્લેઆમ દારૂ વેચાય છે. દારૂના કારણે મારા ભાઈઓ (સ્થાનિક પુરુષો) મરી રહ્યા છે, ઘરો બરબાદ થઈ રહ્યા છે. નશાખોરો રસ્તા પર ફરે છે અને અહીંથી પસાર થતી અમારી દીકરીઓ તથા મહિલાઓની છેડતી થાય છે. પોલીસ કંઈ કરતી નથી એટલે અમારે રસ્તા પર ઉતરવું પડ્યું!' જનતા રેડના પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનાએ સુરત પોલીસની 'પેટ્રોલિંગ' અને 'ગુપ્તચર તંત્ર' ની પોલ ખોલી નાખી છે.

જો સામાન્ય જનતાને ખબર હોય કે અડ્ડો ક્યાં ચાલે છે, તો ખાખી વર્દીવાળાઓ કેમ અજાણ છે?

## વાપીને મળ્યા પ્રથમ મહિલા મેયર : દક્ષાબેન પટેલના હાથમાં શહેરનું સુકાન

વાપી

ઔદ્યોગિક નગરી વાપી માટે આજનો દિવસ ઐતિહાસિક સાબિત થયો છે. વાપીને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ, લાંબી પ્રતીક્ષાનો અંત આવ્યો છે અને શહેરના પ્રથમ સર્વોચ્ચ હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. વાપી મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર બનવાનું બહુમાન દક્ષાબેન પટેલને ફાળે ગયું છે. શહેરમાં નવા શાસનના ભવ્ય પ્રારંભ સાથે જ 'પાક્કો ગુજરાત' ને મળતી માહિતી મુજબ, સત્તાધારી પક્ષ દ્વારા તમામ મહત્વના પદો પર કુશળ ચહેરાઓની નિમણૂક કરવામાં આવી છે.

નવનિયુક્ત હોદ્દેદારોની યાદી: મેયર: દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર: મિતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) ચેરમેન: સતિષભાઈ પટેલ, શાસક પક્ષના નેતા: ધર્મેશભાઈ પટેલ, દંડક (વ્હીપ): સુનિતા તિવારી, વિકાસના નવા યુગની શરૂઆત.

આ નવી નિમણૂકો સાથે જ વાપી મહાનગરપાલિકાના નવા અને પ્રથમ શાસનની ઔપચારિક શરૂઆત થઈ ચૂકી છે. પ્રથમ મહિલા મેયર તરીકે દક્ષાબેન પટેલની વરણીને સંગઠન અને નાગરિકો દ્વારા ઉત્સાહભેર વધાવી લેવામાં આવી છે.

વિશેષ નોંધ: વાપી હવે નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બની ચૂક્યું હોવાથી, આ નવી ટીમ સામે શહેરના માળખાકીય વિકાસ, સ્માર્ટ સુવિધાઓ અને ટ્રાફિક-પ્રદૂષણ મુક્ત વાપી બનાવવાના મોટા પડકારો રહેશે.

રાજકીય વિશ્લેષકો અને સ્થાનિક લોકોમાં એવી પ્રબળ આશા વ્યક્ત થઈ રહી છે કે આ નવી અને સક્ષમ ટીમની આગેવાનીમાં વાપીના અટકેલા વિકાસકાર્યોને હવે બુલેટ ટ્રેનની ગતિ મળશે. 'પાક્કો ગુજરાત' તરફથી વાપી મહાનગરપાલિકાની નવી ટીમને ઉજ્જવળ કાર્યકાળ માટે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ!

### કોંગોથી આવેલા વડોદરાના ઈબોલાના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ

# નાગરિકોએ ગભરાવાની જરૂર નથી : આરોગ્ય વિભાગ

ગાંધીનગર

વડોદરામાં કોંગોથી આવેલા ઈબોલા વાયરસના શંકાસ્પદ દર્દીને લઈને ચકચાર મચી હતી, જોકે હવે રાહતના સમાચાર સામે આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે શંકાસ્પદ દર્દીનો ઈબોલા ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સાથે જ નાગરિકોને અફવાઓથી દૂર રહી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવાની અપીલ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ 37 વર્ષીય અમુરી લોકુલા નામનો વ્યક્તિ અંદાજે 10 દિવસ પહેલાં કોંગોથી મુંબઈ આવ્યો હતો. મુંબઈમાં પાંચ દિવસ રોકાયા બાદ તે સિલ્વાસા અને દમણ વિસ્તારમાં લગભગ ચાર દિવસ રહ્યો હતો અને ત્યારબાદ 22 મેના રોજ વડોદરા પહોંચ્યો હતો.

દર્દીને છેલ્લા છ દિવસથી તાવ અને અસ્વસ્થતાની ફરિયાદ હતી. જેના આધારે તેને 26 મેના રોજ વડોદરાની બેન્કર્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ચેપજન્ય અને વાયરલ હેમોરેજિક ફીવરનો શંકાસ્પદ કેસ માનતા આરોગ્ય વિભાગે તેને ઓબ્ઝર્વેશન હેઠળ રાખ્યો હતો. વધુ સારવાર અને મૂલ્યાંકન માટે દર્દીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

લેબોરેટરી તપાસ દરમિયાન દર્દીના SGPT, SGOT અને GGT જેવા લિવર એન્ઝાઈમ્સમાં વધારો નોંધાયો હતો. ઉપરાંત CRP લેવલ પણ વધેલું જોવા મળ્યું હતું. પ્લેટલેટ્સની સંખ્યા 1.20 લાખ પ્રતિ ક્યુબિક મીમી નોંધાઈ હતી. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે કેસને ગંભીરતાથી લઈ તપાસ શરૂ કરી હતી.

દર્દીના સંપર્કમાં આવેલા લોકોની માહિતી પણ એકત્ર કરવામાં આવી રહી છે. ડૉ. સુનિલ મુસાના સહિત કેટલાક સંપર્કોને ટ્રેસ કરવામાં આવ્યા છે. સંપર્ક ટ્રેસિંગની કામગીરી VMC અને આરોગ્ય વિભાગના સંકલન સાથે ચાલુ રાખવામાં આવી છે.

આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે રાજ્ય સરકાર અને આરોગ્ય તંત્ર જન આરોગ્યની સુરક્ષા માટે સંપૂર્ણ સતર્ક, સજ્જ અને પ્રતિબદ્ધ છે. હાલ ઈબોલાનો રિપોર્ટ નેગેટિવ આવતા મોટી રાહત અનુભવાઈ રહી છે.

લેબોરેટરી તપાસ દરમિયાન દર્દીના SGPT, SGOT અને GGT જેવા લિવર એન્ઝાઈમ્સમાં વધારો નોંધાયો હતો. ઉપરાંત CRP લેવલ પણ વધેલું જોવા મળ્યું હતું. પ્લેટલેટ્સની સંખ્યા 1.20 લાખ પ્રતિ ક્યુબિક મીમી નોંધાઈ હતી. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે કેસને ગંભીરતાથી લઈ તપાસ શરૂ કરી હતી.

દર્દીના સંપર્કમાં આવેલા લોકોની માહિતી પણ એકત્ર કરવામાં આવી રહી છે. ડૉ. સુનિલ મુસાના સહિત કેટલાક સંપર્કોને ટ્રેસ કરવામાં આવ્યા છે. સંપર્ક ટ્રેસિંગની કામગીરી VMC અને આરોગ્ય વિભાગના સંકલન સાથે ચાલુ રાખવામાં આવી છે.



### સામાન્ય સભામાં સર્વાનુમતે વિજેતા જાહેર કરાયા

# વડોદરા મહાનગરપાલિકાના નવા મહિલા મેયર તરીકે ગીતાબેન મકવાણાની બિનહરીફ વરણી

વડોદરા, સ્સિકંદર પઠાણ

સંસ્કારી નગરી વડોદરાના રાજકારણમાંથી આજના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વડોદરા મહાનગરપાલિકાના નવા મેયર તરીકે ગીતાબેન મકવાણાની સત્તાવાર વરણી કરવામાં આવી છે. આજે યોજાયેલી મહાનગરપાલિકાની ખાસ સામાન્ય સભામાં તેઓને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. મેયર પદ માટે ભાજપ મોવડીમંડળ દ્વારા ગીતાબેન મકવાણાના નામની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ આજે મળેલી સામાન્ય સભામાં નિયમ અનુસાર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. વિપક્ષ તરફથી કોઈ ઉમેદવાર ઊભો ન રખાતા અથવા અન્ય કોઈ દાવેદારી ન થતાં ગીતાબેન મકવાણાને સર્વાનુમતે બિનહરીફ મેયર જાહેર કરાયા છે. તેમની વરણી થતાં જ વડોદરા મહાનગરપાલિકાના સભાખંડમાં ભારત માતા કી જય અને વંદે માતરમના નારા ગુંજી ઉઠ્યા હતા. સાથી કાઉન્સિલરો અને હોદ્દેદારોએ તેમને પુષ્પગુચ્છ આપીને મોં મીઠું કરાવ્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી.

મેયર પદનો કાર્યભાર સંભાળ્યા બાદ ગીતાબેન મકવાણાએ મીડિયા સાથેની વાતચીતમાં પક્ષના શીર્ષ નેતૃત્વનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે પક્ષે મારા પર જે વિશ્વાસ મૂક્યો છે, તે બદલ હું આભારી છું. વડોદરાના નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ જેવી કે શુદ્ધ પીવાનું પાણી, રસ્તા, લાઈટ અને ડ્રેનેજની સમસ્યાઓમાંથી મુક્તિ અપાવવી એ મારી મુખ્ય પ્રાથમિકતા રહેશે. સંસ્કારી નગરીના વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવીને વડોદરાને એક સ્માર્ટ અને સ્વચ્છ સિટી બનાવવાનો અમારો સંકલ્પ છે. જનતાના પ્રશ્નોનો ઝડપી નિકાલ થાય તે માટે વહીવટી તંત્ર સાથે મળીને કામ કરવામાં આવશે.

વડોદરાના રાજકીય વિશ્લેષકોના મતે, ગીતાબેન મકવાણાની વરણીથી સંગઠન અને વહીવટી પાંખ વચ્ચે વધુ સારું સંકલન જોવા મળશે. સામાન્ય સભામાં બિનહરીફ વરણી થતાં શાસક પક્ષમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને આગામી સમયમાં વડોદરાના વિકાસને નવી ઉડાન મળશે તેવી આશા છે.

### અટલાદરા પોલીસની સપાટો

## યુવકનું અપહરણ કરનારી ટોળકીને ગણતરીના કલાકોમાં દબોચી

વડોદરા

શહેરમાં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતા ગુનેગારો સામે વડોદરા પોલીસે લાલ આંખ કરી છે. અટલાદરા વિસ્તારમાં એક યુવકના અપહરણની ચોંકાવનારી ઘટના સામે આવ્યા બાદ એક્શન મોડમાં આવેલી અટલાદરા પોલીસે ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડીને અપહરણકારોને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યા છે.

પાક્કો ગુજરાત ને મળતી સત્તાવાર વિગતો અનુસાર, ભોગ બનનાર યુવકે અપહરણના આ ચકચારી કિસ્સા અંગે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. મામલાની ગંભીરતાને સમજીને અટલાદરા પોલીસની અલગ-અલગ ટીમો તાત્કાલિક કાર્યરત થઈ ગઈ હતી. ટેકનિકલ સોર્સિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં જ તમામ આરોપીઓને કોર્ડન કરીને ઝડપી લીધા હતા અને ભોગ બનનાર યુવકને સહીસલામત છોડાવી લીધો હતો.

તમામ આરોપીઓની ધરપકડ કર્યા બાદ પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે અને કાયદાનું ભાન કરાવવા માટે ગુનેગારોની આગવી સરભરા એટલે કે પોલીસ લાઈન સ્ટેશનરી સ્ટાઈલમાં કડક પૂછપરછ પણ શરૂ કરી દીધી છે. પોલીસની આ આકરા પાણીએ કામગીરી જોઈને ગુનાહિત માનસ ધરાવતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### 'પાક્કો ગુજરાત' તરફથી તમામ નવનિયુક્ત હોદ્દેદારોને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ!

## સુરત મહાનગરપાલિકાના નવા સુકાની જાહેર માયાબેન માવાણી બન્યા શહેરના નવા મેયર..

સુરત, નૈતિક રેશમવાલા

ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતા સુરત શહેરના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સુરત મહાનગરપાલિકા (SMC) ના આગામી શાસન માટેના નવા હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. જેમાં સુરતના નવા મેયર તરીકે માયાબેન માવાણીની વરણી કરવામાં આવી છે. 'પાક્કો ગુજરાત' ને મળતી વિગતો મુજબ, સત્તાધારી પક્ષ દ્વારા જાહેર કરાયેલા તમામ ચહેરાઓ ખૂબ જ સક્ષમ અને સંગઠનમાં મજબૂત પકડ ધરાવનારા છે. સુરતના વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે આ નવી ટીમની પસંદગી કરવામાં આવી છે. સુરત મનપાના નવા હોદ્દેદારોનું માળખું: મેયર: માયાબેન માવાણી, ડેપ્યુટી મેયર: સુધાકરભાઈ ચૌધરી, સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ) ચેરમેન: રાજન બકુલભાઈ પટેલ, શાસક પક્ષના નેતા: અલ્પાબેન મહેલા, દંડક: ઉર્મિલાબેન ત્રિપાઠી, વિકાસની ગતિ રહેશે બરકરાર. નવા મેયર માયાબેન માવાણી અને તેમની ટીમ સામે સુરત જેવા મેગા સિટીના વિકાસ કાર્યોને આગળ ધપાવવાની મોટી જવાબદારી રહેશે.



ખાસ કરીને સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે રાજન બકુલ પટેલની વરણી સુરતના બજેટ અને પ્રોજેક્ટ્સને ગતિ આપવા માટે મહત્વની સાબિત થશે. સુરત મહાનગરપાલિકામાં મહિલા નેતૃત્વને મહત્વનું સ્થાન મળ્યું છે. મેયર તરીકે માયાબેન, શાસક પક્ષના નેતા તરીકે અલ્પાબેન અને દંડક તરીકે ઉર્મિલાબેનની નિમણૂક મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ નવી ટીમના આગમનથી સુરતના નાગરિકોમાં ખુશીનો માહોલ છે અને આગામી સમયમાં સ્માર્ટ સિટીના પ્રોજેક્ટ્સ વધુ ઝડપથી પૂર્ણ થશે તેવી આશા છે.

## અંકલેશ્વરના કસ્બાતીવાડ વિસ્તારમાં મકાનમાં જુગાર રમતા, 6 જુગારીઓની ધરપકડ

અંકલેશ્વર, જયેશ પ્રજાપતિ

અંકલેશ્વર ના કસ્બાતીવાડ વિસ્તાર માં એક મકાન માંથી એ ડિવિઝન પોલીસે જુગાર રમતા 6 જુગારીયાઓની ધરપકડ કરી રૂ 40 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અંકલેશ્વરના કસ્બાતીવાડ વિસ્તારમાં આવેલ સહાની ગલીમાં રહેતો શાહબાજ ખાન ઉર્ફે ટાઈગર નસરુલ્લા ખાન પઠાણ પોતાના ઘરે બંધ જુગાર રમાડી રહ્યો હોવાની મળેલી બાતમી ના આધારે શહેર એ ડિવિઝન પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા 19 હજાર અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ 40 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અને મુખ્ય સૂત્રધાર શાહબાજ ખાન ઉર્ફે ટાઈગર નસરુલ્લા ખાન પઠાણ,આસિફઉદ્દીન ઉર્ફે પપ્પુ હજરત મિયા કાઝી,શાહનવાઝ ઈકબાલ શેખ,યાસીનખાન યુસુફખાન પઠાણ અને અકીલ નજીર પઠાણ તેમજ ઈસ્તીયાક હુસેન મુજજફર હુસેન કોન્ટ્રાક્ટરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવહી હાથ ધરી છે.

### કાલોલ નગરમાં બકરીઈદની ભવ્ય ઉજવણી

## વિશેષ નમાઝ સાથે વિશ્વ શાંતિ અને ભાઈચારા માટે કરાઈ ખાસ દુવા કરાઈ

કાલોલ, સેહજાદ પઠાણ

સમગ્ર દેશ સહિત કાલોલ નગર અને પંથકમાં આજે ગુરુવારના રોજ મુસ્લિમ સમુદાયના પવિત્ર તહેવાર 'ઈદુલ-અદહા' (બકરીઈદ)ની પરંપરાગત શ્રદ્ધા અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરોમાં પર્વને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

વિવિધ મસ્જિદો અને ઈદગાહમાં અદા કરાઈ વિશેષ નમાઝ.

બકરીઈદ નિમિત્તે કાલોલ નગરના નુરાની કબ્રસ્તાન ખાતે આવેલી મુખ્ય ઈદગાહ ઉપરાંત આશીયાના સોસાયટીની અલેફ મસ્જિદ, નવી પોસ્ટ ઓફિસ સામેની રબ્બાની મસ્જીદ અને પોલીસ સ્ટેશન સામે આવેલી મોહમંદી મસ્જિદ ખાતે ઈદની વિશેષ નવાફીલ નમાઝ અદા કરવામાં આવી હતી.

મુખ્ય ઈદગાહ ખાતે કાલોલ જુમ્મા મસ્જિદના ઈમામ મૌલાના ગુલામ ગૌસ કાદરીએ નમાઝ પઢાવી હતી. જ્યારે અન્ય મસ્જિદોમાં મૌલાના વસીમરઝા કાદરી, મૌલાના સલીમ સાહેબ અને મૌલાના વસીમ અબ્દુલ અઝીઝ કંજર સાહેબ દ્વારા વિશેષ નમાઝ અદા કરાવવામાં આવી હતી. નમાઝ બાદ અલ્લાહનો શુક્ર અદા કરી બિરાદરોએ એકબીજાને ગળે મળી ઈદની મુબારકબાદી પાઠવી હતી.

દેશમાં અમન-ચમન અને ભાઈચારા માટે સામૂહિક દુવા.

નમાઝ સંપન્ન થયા બાદ ઈદગાહ ખાતે મૌલાના ગુલામ ગૌસ કાદરીની આગેવાનીમાં એક વિશેષ સામૂહિક દુવાનું આયોજન કરાયું હતું. જેમાં દેશમાં એકતા, અખંડિતતા અને ભાઈચારો જળવાઈ રહે તેમજ ભારત સહિત સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય અને નફરત દૂર થાય તે માટે ખુદાના દરબારમાં આજીજી કરવામાં આવી હતી. તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે કાલોલ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### ટ્રક પલટી જતાં યુવકનું કરૂણ મોત

## કાલોલના એરાલ-ગેંગડીયા રોડ પર ગમખ્વાર અકસ્માત

કાલોલ, સેહજાદ પઠાણ

કાલોલ તાલુકાના એરાલથી ગેંગડીયા ચોકડી રોડ પર આવેલા પાણીયા પાટીયા નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો છે. ઈંટો ભરેલી ટ્રક પલટી મારી જતાં ટ્રકમાં સવાર એક ૩૫ વર્ષીય યુવકનું ગંભીર ઈજાઓ થવાને કારણે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું છે. આ સમગ્ર મામલે મૃતકની પત્નીએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો છે.

મળતી વિગતો મુજબ, નાંદરખા ગામના નાની મુવાડી ફળિયામાં રહેતા હિનાબેન રાજુભાઈ પટેલે (ઉં.વ. ૪૦) વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તારીખ ૧૯/૦૫/૨૦૨૬ના રોજ સવારે આશરે સવા નવ વાગ્યાના અરસામાં તેમના પતિ રાજુભાઈ શાંતિલાલ પટેલ (ઉં.વ. ૩૫) ઈંટો ભરેલી ટ્રક (નંબર: GJ-02-Y-5846) માં બેસીને જઈ રહ્યા હતા

એરાલથી ગેંગડીયા ચોકડી રોડ પર આવેલા પાણીયા પાટીયા પાસેના એક તીવ્ર વળાંક પર આરોપી ટ્રક ચાલકે પોતાના કબ્જાની ટ્રક અતિ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હતી, જેના કારણે ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા ઈંટો ભરેલી ભારેખમ ટ્રક રોડ પર જ પલટી ખાઈ ગઈ હતી.

# દબાણો રોકવા કરોડોના ખર્ચે દીવાલો બનાવાઇ પણ દીવાલો પાછળ ઝૂંપડપટ્ટી ઊભી થઇ ગઇ..!


■ સેક્ટર-7 વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ સામે આવતા તંત્ર દ્વારા ફરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં કાચા-પાકાં છાપરા અને ઝુંપડાના વધતા દબાણો હવે તંત્ર માટે સૌથી મોટો માથાનો દુખાવો બની રહ્યા છે. વર્ષોથી દબાણમુક્ત કરાતી સરકારી જમીનો ફરીથી કબજામાં જતી હોવાના કારણે સ્થાયી ઉકેલ શોધવો મુશ્કેલ બન્યો છે. તાજેતરમાં સેક્ટર-7 વિસ્તારમાં એવી જ સ્થિતિ સામે આવી હતી,

જ્યાં અગાઉ દબાણ હટાવ્યા બાદ સુરક્ષા માટે ઊભી કરાયેલી સિમેન્ટની પાર્ટિશન વોલમાં બાકોરા પાડી અંદરની બાજુ ફરી ઝુંપડા ઊભા કરી દેવામાં આવ્યા હતા. આખરે તંત્રને ફરી એકવાર બુલડોઝર કાર્યવાહી કરવી પડી હતી. દબાણ ન થાય તે માટે કરોડો રૂપિયા ખર્ચીને સેક્ટરોમાં દિવાલ બનાવવામાં આવી છે પરંતુ તે નિરર્થક નિવડી છે.

પાટનગરમાં સરકારી જમીનોની માલિકી એક તંત્ર પાસે અને ઉપયોગ બીજા વિભાગો દ્વારા થતો હોવાના



કારણે દબાણ નિયંત્રણમાં ગંભીર સંકલનનો અભાવ જોવા મળે છે. પરિણામે કરોડો નહીં પરંતુ અબજોની કિંમત ધરાવતી જમીનો પર વર્ષોથી અનિયંત્રિત રીતે દબાણો ઊભા થતા રહ્યા છે. સમયાંતરે મેગા ડિમોલીશન ઓપરેશન ચલાવવામાં આવે છે,

પરંતુ થોડા સમય બાદ ફરી એ જ જગ્યાએ અથવા નજીકના વિસ્તારોમાં નવા છાપરા અને ઝુંપડા ઊભા થઈ જતા હોવાના દ્રશ્યો સામાન્ય બની ગયા છે. તાજેતરના સમયમાં દબાણ અટકાવવા માટે તંત્ર દ્વારા દિવાલો ઊભી કરવાની પદ્ધતિ અપનાવવામાં આવી રહી છે. પરંતુ દબાણકારો દિવાલોમાં બાકોરા પાડી અંદર પ્રવેશી જાય છે અને ઝુંપડા બાંધી દેતા હોવાનું સામે આવ્યું છે. ઊંચી પાર્ટિશન વોલના કારણે અંદર શું ચાલી રહ્યું છે તેની બહારથી સરળતાથી જાણ પણ થતી નથી. પરિણામે ધીમે ધીમે ઝુંપડાઓની સંખ્યા ફરી વધી જાય છે.

સેક્ટર-7 વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ સામે આવતા તંત્ર દ્વારા ફરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અંદાજે 30 જેટલા કાચા-પાકાં ઝુંપડા અને છાપરાં દૂર કરવામાં આવ્યા હતાં. શહેરમાં દબાણોની સમસ્યા માત્ર તોડફોડથી ઉકેલાય તેવી સ્થિતિમાં નથી અને અસરકારક તથા લાંબા ગાળાના પુનર્વસન સાથે કડક મોનિટરિંગ વિના આ સમસ્યા યથાવત રહેવાની શક્યતા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# કેનેડાના નાયગ્રા શહેરમાં આણંદ જિલ્લાના બોરસદની યુવતીની કરૂણ હત્યા

## વિધી પોતાના પરિવારનું ગૌરવ હતી અને કેનેડામાં પી.આર મેળવવાના સપનાઓ સાથે આગળ વધી રહી હતી

આણંદ, અરવિંદસિંહ પઢિયાર

કેનેડાના નાયગ્રા શહેરમાં આણંદ જિલ્લાના બોરસદની યુવતીની કરૂણ હત્યાની ઘટનાએ સમગ્ર ગુજરાતને ઝંઝોળી નાંખ્યું

આણંદ જિલ્લાના બોરસદની રહેવાસી અને માત્ર 22 વર્ષની વિધી કલ્પેશકુમાર મેઘા છેલ્લા ચાર વર્ષથી કેનેડામાં અભ્યાસ કરતી હતી. અભ્યાસ સાથે નોકરી કરીને પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે મહેનત કરતી વિધી હવે હંમેશા માટે મૌન બની ગઈ છે.

મળતી માહિતી મુજબ, 15 મેના રોજ વિધી ઘરેથી બહાર નીકળ્યા બાદ તેના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ચાકૂના ઘા ઝીંકી તેની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ



કરી વધુ તપાસ હાથ ધરી છે.

વિધી પોતાના પરિવારનું ગૌરવ હતી અને કેનેડામાં પી.આર મેળવવાના સપનાઓ સાથે આગળ વધી રહી હતી. પરંતુ અચાનક મળેલા આ દુઃખદ સમાચારથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. બોરસદ શહેર સહિત સમગ્ર પંથકમાં શોક

રોજીરોટી અને ઉચ્ચ અભ્યાસના સપનાઓ સાથે વિદેશની ધરતી પર જતા ભારતીય અને ખાસ કરીને ગુજરાતી વિદ્યાર્થીઓ પર હુમલાની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. વધુ એક આવી જ કાળજું કંપાવી દેનારી ઘટના કેનેડાથી સામે આવી છે. અમેરિકા-કેનેડા બોર્ડર નજીક આવેલા નાયગ્રા વિસ્તારમાં આણંદ જિલ્લાની માત્ર ૨૨ વર્ષીય વિદ્યાર્થિનીની ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી દેવામાં આવતા સમગ્ર ગુજરાત સહિત કેનેડામાં વસતા ભારતીય સમુદાયમાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, આણંદ જિલ્લાના બોરસદની વતની વિધી કલ્પેશભાઈ મેઘા (ઉંમર ૨૨ વર્ષ) છેલ્લા ચાર વર્ષથી કેનેડાના નાયગ્રા વિસ્તારમાં રહીને અભ્યાસ કરતી હતી. વતનથી હજારો કિલોમીટર દૂર દીકરી ઉજ્જવળ ભવિષ્ય બનાવશે તેવી આશા સાથે પરિવારે તેને વિદેશ મોકલી હતી, પરંતુ કોણ જાણે ક્યા નરાધમની નજર આ માસૂમ દીકરી પર પડી કે તેની ક્રૂરતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી.

પ્રાથમિક અહેવાલો અનુસાર, અમેરિકા અને કેનેડાની સરહદ (બોર્ડર) નજીક કોઈ અજ્ઞાત કારણોસર વિધી પર ચપ્પુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે તેના શરીર પર ચપ્પુના ઉપરાઉપરી ઘા ઝીંકી તેને લોહીલુહાણ કરી નાખી હતી, જેના કારણે ઘટનાસ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. સ્થાનિક પોલીસ હાલ આ મામલે તપાસ ચલાવી રહી છે કે આ લૂંટના ઈરાદે કરાયેલો હુમલો હતો, કોઈ નસ્લીય ભેદભાવ (Hate Crime) હતો કે પછી કોઈ અન્ય અદાવત.

૨૨ વર્ષની વ્હાલસોયી દીકરીના મોતના સમાચાર જેવા જ આણંદના બોરસદમાં રહેતા તેના પરિવાર સુધી પહોંચ્યા કે ઘરમાં કલ્પાંત મચી ગયો હતો. આખા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે. આસપાસના રહિશો અને સગા-સંબંધીઓ પણ આ ગોઝારી ઘટના સાંભળીને સ્તબ્ધ થઈ ગયા છે. દીકરીના આકસ્મિક મોતના પગલે સમગ્ર બોરસદ પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. છેલ્લા કેટલાક સમયથી અમેરિકા, કેનેડા અને બ્રિટન જેવા દેશોમાં ભારતીય વિદ્યાર્થીઓ પર હિંસક હુમલા અને હત્યાની ઘટનાઓ સતત વધી રહી છે. વિધી મેઘાની આ ઘાતકી હત્યાએ વિદેશની ધરતી પર ભણવા જતા લાખો વિદ્યાર્થીઓની સુરક્ષા સામે ફરી એકવાર મોટા સવાલો ઊભા કરી દીધા છે.

### પ્રેમિકા અને તેના નવા પ્રેમીની ધરપકડ

# અંકલેશ્વરમાં પ્રેમપ્રકરણમાં રિક્ષાચાલકની કરાઈ હત્યા

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર શહેરમાં પ્રેમપ્રકરણને લઈને એક હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જુના બોરભાઠા ગામ નજીક ખેતરમાંથી એક રિક્ષાચાલકનો ગળું કાપેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાનો ભેદ ઉકેલી મૃતકની પ્રેમિકા અને તેના હાલના પ્રેમીની ધરપકડ કરી છે. મૂળ રાજકોટના અને હાલ અંકલેશ્વરના નવા બોરભાઠા ગામે રહેતા કાંતીલાલ ઉર્ફે મુકેશ મોભેરા રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમની પત્ની ભારતીબેન જ્યોતિ ટોકીઝ પાસે ફૂલ અને કેળાની લારી ચલાવે છે. ગઈકાલે સવારે કાંતીલાલ રોજની જેમ પત્ની અને બાળકોને લારી પર મૂકીને રિક્ષા લઈને નીકળ્યા હતા. બપોરે 12 વાગ્યા બાદ તેમનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. સાંજના સમયે જુના બોરભાઠા રોડ નજીક બુલેટ ટ્રેનના બ્રિજ પાસે આવેલા ખેતરમાંથી કાંતીલાલનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકનો સફેદ શર્ટ લોહીથી ખરડાયેલો હતો અને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઊંડા ઘા જોવા મળ્યા હતા. ઘટનાસ્થળથી થોડે દૂર તેમની રિક્ષા પણ બિનવારસી હાલતમાં મળી આવી હતી. મૃતકની પત્ની ભારતીબેને પોલીસને જણાવ્યું હતું કે તેમના પતિને છેલ્લા આઠ વર્ષથી તલાવીયાવાડ વિસ્તારમાં રહેતી તેમના સગા કાકાના દીકરાની વિધવા પત્ની જ્યોતિ રાઠોડ સાથે પ્રેમસંબંધ હતો. આ બાબતે અગાઉ પરિવારજનો વચ્ચે વિવાદ પણ થયો હતો. પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો કે જ્યોતિ રાઠોડ અને તેના હાલના પ્રેમી, પીરામણ ગામમાં રહેતા સંજય વસાવાએ મળીને કાંતીલાલની હત્યાની સાજિશ રચી હતી. અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસે ઝડપી કાર્યવાહી કરીને બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

# ખેડૂત પુત્રીની ઊંચી ઉડાન: ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં મેળવ્યા 90.43% ગુણ

રાજપારડી, ઈરફાન ખત્રી

ભરુચ જિલ્લા ના ઝઘડીયા તાલુકાના રાજપારડીની પાણીની પ્રજ્ઞા શાળાની વિદ્યાર્થીની ચૌહાણ દેવાંગીએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (Science) માં ઝળહળતી સફળતા મેળવીને પોતાના પરિવાર અને શાળાનું નામ રોશન કર્યું છે. હરીપુરા ગામની વતની અને એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતી દેવાંગીએ ધોરણ-૧૨માં ૯૦.૪૩% ગુણ મેળવ્યા છે, જ્યારે ગુજકેટ (GUJCET) પરીક્ષામાં ૯૭.૪% ગુણ પ્રાપ્ત કરીને અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે.આ ભવ્ય સફળતા બદલ ગુજરાત સરકાર તરફથી દેવાંગીને આગળના અભ્યાસ માટે રૂ. ૪ લાખની સ્કોલરશિપ



પણ મંજૂર કરવામાં આવી છે. જે સ્કોલરશિપ નો હુકમ શાળા પરિવાર દ્વારા તેઓના પિતાની હાજરીમાં એનાયત કરવામાં આવ્યો હતો. પોતાની આ સફળતા વિશે વાત કરતા દેવાંગીએ જણાવ્યું હતું કે, 'મારા માતા-પિતા એક સામાન્ય ખેડૂત છે, પરંતુ તેમણે મારા અભ્યાસમાં મને ખૂબ જ સપોર્ટ કર્યો છે. મારી શાળાના આચાર્યશ્રી મીનલબેન પરમાર, શાળાના ટ્રસ્ટીઓ અને તમામ શિક્ષકગણનો હું હૃદયપૂર્વક આભાર માનું છું જેમણે મને દરેક વળાંકે માર્ગદર્શન પૂરું પાડ્યું.'પ્રેક્ટિકલ પરીક્ષામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન તેણે વધુમાં ઉમેર્યું હતું કે, જ્યારે શાળાના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ અંકલેશ્વર ખાતે પ્રેક્ટિકલ પરીક્ષા આપવા ગયા હતા, ત્યારે ત્યાંના નિરીક્ષકો અને શિક્ષકોએ પણ શાળાના વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને મહેનતની ભારોભાર પ્રશંસા કરી હતી.એક સામાન્ય ગ્રામીણ અને ખેડૂત પૃષ્ઠભૂમિમાંથી આવીને વિજ્ઞાન પ્રવાહ જેવા અઘરા ગણાતા પ્રવાહમાં દેવાંગીએ મેળવેલી આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે.

# અંકલેશ્વર શહેર અને તાલુકામાં બકરી ઈદની ઉત્સાહભેર ઉજવણી

અંકલેશ્વર, જયેશ પ્રજાપતિ

અંકલેશ્વર શહેર અને તાલુકામાં મુસ્લિમ સમાજના લોકોએ ઈદ-ઉલ-અજહાની ઉજવણી કરી હતી.ઈદની વિશેષ નમાઝ અદા કરી એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી અંકલેશ્વર શહેર અને સમગ્ર તાલુકામાં આજે ઈસ્લામ ધર્મનો પવિત્ર પર્વ બકરી ઈદ ની શ્રદ્ધા, અને પરંપરાગત સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પવિત્ર તહેવાર નિમિત્તે વહેલી સવારથી જ અંકલેશ્વર શહેરની તમામ મસ્જિદો તેમજ ઈદગાહ મેદાન ખાતે મુસ્લિમ બિરાદરો એ ઈદની વિશેષ નમાઝ અદા કરી અલ્લાહની બંદગી ગુજારી હતી. નમાઝના પવિત્ર અવસરે મૌલાનાઓ દ્વારા દેશ અને દુનિયામાં અમન-શાંતિ, કોમી એકતા, ભાઈચારો અને સમૃદ્ધિ કાયમ રહે તે માટે ખાસ દુઆઓ માંગવામાં આવી હતી. નમાઝ સંપન્ન થયા બાદ તમામ બિરાદરોએ એકબીજાને ગળે મળીને 'ઈદ મુબારક' પાઠવી હતી અને ભારતીય સંસ્કૃતિની ભાઈચારાની ભાવનાને ઉજાગર કરી હતી, આ પ્રસંગે પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# ઝાલોદના કુણી ચોકડી પાસે હિટ એન્ડ રન: બલેનોની ટક્કરે ત્રણ ઈજાગ્રસ્ત, ચાલક ફરાર

## અકસ્માત બાદ ચાલક કાર લઈને ડુંગરી રોડ તરફ ભાગી છૂટ્યો હતો

ઝાલોદ (દાહોદ), પંકજ પંડિત

દાહોદ જિલ્લાના લીમડી તાલુકાના કુણી ગામની ચોકડી પાસે એક ગંભીર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. અહીં એક પૂરપાટ ઝડપે આવી રહેલી કાળા રંગની બલેનો કારે મોટરસાયકલ પાસે ઉભેલા ત્રણ લોકોને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત સર્જી કાર ચાલક ગાડી લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.



પ્રાપ્ત વિગતો અનુસાર, લીલવા ગામના અનિલભાઈ ડામોર પોતાના ભાણેજ પ્રકાશ અને બે પુત્રો આશીષ તથા જગદીશ સાથે રણધીકપુર ગામે રામાપીર મંદિરના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા.

કુણી ચોકડી પાસે તેઓ થોડીવાર માટે ઉભા રહ્યા હતા, તે દરમિયાન સાર મારીયા તરફથી આવેલી કાળા રંગની બલેનો કારે મોટરસાયકલ પાસે ઉભેલા ત્રણેય યુવકોને અડફેટે લીધા હતા. અકસ્માત બાદ ચાલક કાર લઈને ડુંગરી રોડ તરફ ભાગી છૂટ્યો હતો. પીછો કરવા છતાં કારનો અધૂરો નંબર (GJ-17-__-8400) જ જાણી શકાયો હતો.

ઈજાગ્રસ્તોની સ્થિતિ: આ અકસ્માતમાં પ્રકાશ નામના યુવકના બંને પગમાં ફ્રેક્ચર થયું છે, જગદીશને માથાના ભાગે ગંભીર ઈજા થઈ છે અને આશીષને મોઢા તેમજ હાથ પર ઈજાઓ પહોંચી છે. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક દાહોદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.

અનિલભાઈ ડામોરની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આંકલાવના રામપુરા સીમ વિસ્તારમાં

# કપીરાજનો આંતક ત્રણ પશુઓ અને એક માસુમ બાળકીને બચકા ભરતા ઈજાગ્રસ્ત

આણદ, અરવિંદસિંહ પઢિયાર

આકલાવ તાલુકાના રામપુરા સીમ વિસ્તારમાં થોડા દિવસોથી એક વાનર નો આંતક થી રામપુરા સીમ વિસ્તારના લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે આ વાનરે ત્રણ પશુઓ અને એક માસુમ બાળકીને નિશાન બનાવી એકા એક હુમલો કરી બચકા ભર્યા હતા અને લોહી લુહાણ કરી દીધી હતી સ્થાનિક લોકોને જાણ થતાં બાળકીને લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા સારવારમાં વાનર નો હુમલો ગંભીર હતો એટલે ડોક્ટરે બાળકીના શરીર પર સારવાર દરમિયાન આઠ જેટલા ટાંકા આવ્યા હતા રામપુરા સીમ વિસ્તારમાં વાનરના આંતક થી ગ્રામજનો અને સીમ વિસ્તારમાં રહેતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો પોતાના પશુઓ અને નાના બાળકોને વાનરના ભયથી પોતાને સુરક્ષા ને



લઈ ભારે ડરનો માહોલ જોવા મળ્યો હતો.

આ ઘટનાને લઈ સ્થાનિક લોકોએ અને ગ્રામજનો મળીને આંકલાવ વન વિભાગને જાણ કરી હતી આ ઘટનાની ગંભીરતાથી ધ્યાને લઈ વાનર ને પાંજરે પુરવા જાણ કરી હતી જેથી કરીને સમગ્ર વિસ્તારમાં આ વાનર ના આંતકથી ભયમુક્ત થાય તેવી વન વિભાગને ગંભીરતાથી ધ્યાને લેવા જાણ કરવામાં આવી હતી.

### ભારતીય મજદૂર સંઘ સંચાલિત ભારતીય કર્મચારી સંઘ સાથે જોડાયેલા કામદારોએ મીડિયા સમક્ષ રજૂઆત

# દહેજની યોકોહામા કંપનીમાં કામદારોનો વિરોધ : યુનિયન દબાવવા ધમકી અને દાદાગીરીના આક્ષેપ

ભરૂચ, રંગુની જાકીર

દહેજ સ્થિત યોકોહામા ATG ટાયર લિમિટેડ કંપની ફરી વિવાદમાં સપડાઈ છે. કંપનીના કામદારોએ સંચાલન સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ભારતીય મજદૂર સંઘ સંચાલિત ભારતીય કર્મચારી સંઘ સાથે જોડાયેલા કામદારોએ મીડિયા સમક્ષ રજૂઆત કરી જણાવ્યું કે, કંપનીમાં યુનિયન સાથે સંકળાયેલા કર્મચારીઓને નિશાન બનાવી માનસિક દબાણ કરવામાં આવી રહ્યું છે.

કામદાર જયેશ સોપાનદેવ પાટીલે મીડિયાને જણાવ્યું કે, ગત 23 મેના રોજ શિફ્ટ પૂરી થયા બાદ માંડવા જઈ રહેલી કામદારોની બસને રસ્તામાં રોકવામાં આવી હતી. કંપનીના કર્મચારી પ્રિન્સ સંજય બિરેન્દ્ર રાય અને તેના સાગરીતોએ બસમાં હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન બસમાં બેઠેલા કામદારોને અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ છે. આ મામલે ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં



ફરિયાદ નોંધાઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.

કામદારોના આક્ષેપ મુજબ, પ્રિન્સ રાય સામે અગાઉ આર્મ્સ એક્ટ સહિતના ગુનાઓ નોંધાયેલા હોવા છતાં કંપની સંચાલકોએ તેને નોકરીમાં યથાવત રાખ્યો છે. આના કારણે અન્ય કર્મચારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. કામદારોએ એવો પણ આક્ષેપ કર્યો છે કે કંપની સંચાલન આવા તત્વોનો ઉપયોગ કરીને યુનિયનની પ્રવૃત્તિઓને દબાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. યુનિયન સાથે સંકળાયેલા કેટલાક કર્મચારીઓને કારણ વગર શો-કોઝ નોટિસ આપી દબાણ કરવામાં આવી રહ્યું હોવાનું પણ જણાવાયું છે. મજદૂર સંઘના આગેવાન સુરેન્દ્રસિંહ રાજે જણાવ્યું કે, કામદારોની સુરક્ષા માટે કંપની અને પોલીસ તંત્રએ તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ. તેમણે ઉમેર્યું કે, આ મુદ્દે જિલ્લા પોલીસવડા અને કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

આ મામલે દિવ્ય ભાસ્કર દ્વારા યોકોહામા ATG ટાયર કંપનીના એચઆર હેડ જયદીપ કોટનિશાનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ ફોન રિસીવ થયો ન હતો.

### ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલે 'જનગણના- 2027' અંતર્ગત

# ડિજિટલ ફોર્મ ભરી નાગરિકોને સહકાર આપવા અપીલ કરી...

ઓલપાડ

૧૫૫-ઓલપાડ વિધાનસભાનાં ધારાસભ્ય અને પૂર્વ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે 'જનગણના- ૨૦૨૭' અંતર્ગત ઓનલાઇન ડિજિટલ ફોર્મ ભરી નાગરિકોને વસ્તી ગણતરી કરતા કર્મચારીઓને સહકાર આપવા અપીલ કરી છે. ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલે ગુરૂવારે પોતાના ઓલપાડ સ્થિત જનસંપર્ક કાર્યાલય ખાતે 'જનગણના -૨૦૨૭' અભિયાન હેઠળ પોતાનું ડિજિટલ સ્વ-ગણતરી પત્રક ભર્યું હતું. આ પ્રસંગે તેમણે વસ્તી ગણતરીની આ નૂતન પ્રક્રિયાને બિરદાવી હતી અને ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરીને પોતાની વિગતો નોંધી દેશના આ મહા-અભિયાનમાં પોતાનું યોગદાન આપ્યું હતું.ડિજિટલ પત્રક ભર્યા બાદ ધારાસભ્ય મુકેશ પટેલે જણાવ્યું હતું કે,આ વખતની વસ્તી ગણતરી પ્રક્રિયા ખૂબ જ



સરળ,સુરક્ષિત અને સુલભ છે. ડિજિટલ સ્વ-ગણતરીના કારણે નાગરિકો ઘરે બેઠા પણ આસાનીથી આ પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે.દેશના સર્વાંગી અને સુનિયોજિત વિકાસ માટે આ આંકડાઓ અત્યંત મહત્વપૂર્ણ છે. ધારાસભ્ય મુકેશ પટેલે ઓલપાડ તાલુકા સહિત સમગ્ર રાજ્યના નાગરિકોને અપીલ કરી છે કે,તેઓ પણ જાગૃત નાગરિક તરીકે આ ડિજિટલ સ્વ-ગણતરી અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લે અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે.

# ONGCના નિવૃત કર્મચારીએ સારૂ વળતર મેળવવા જતાં 1.91 કરોડ ગુમાવ્યાં

## આરોપીએ શરૂઆતમાં રૂ.13.78 લાખ જેટલું રિટર્ન પરત આપીને વિશ્વાસ જાળવી રાખ્યો હતો

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચના સેવાશ્રમ રોડ વિસ્તારમાં રહેતા નિવૃત્ત ઓએનજીસી કર્મચારી સુનિલ વર્મા સાથે રૂ.1.91 કરોડથી વધુની છેતરપિંડી થયાનો મામલો સામે આવ્યો છે. ફરિયાદ મુજબ રતન તળાવ મોહનબાગના મહેન્દ્ર તિવારીએ એન્જલ બ્રોકિંગ લિમિટેડમાં માં રોકાણ કરાવવાથી સારો રિટર્ન મળશે તેવી લાલચ આપી વિશ્વાસ જીત્યો હતો.

ફરિયાદીએ નવેમ્બર-2023માં ઓએનજીસી અંકલેશ્વરથી નિવૃત્ત થયા બાદ મળેલી નિવૃત્તિની રકમ તથા એનપીએસ ના નાણાં રોકાણ કરવા ઈચ્છતા હતા. તેમના મિત્ર મારફતે મહેન્દ્રકુમાર તિવારીનો સંપર્ક થયો હતો.

આરોપીએ પોતે બ્રોકર કંપનીમાં કામ કરતો હોવાનું કહી વિવિધ તારીખોમાં ફરિયાદી તથા તેમના પરિવારજનોના જોઈન્ટ બેન્ક ખાતાઓમાંથી પોતાના એસબીઆઈ ખાતા નં.42109752480માં 7 ડિસેમ્બર 2023 થી 23 જાન્યુ 2024 સુધીમાં કુલ રૂ.1,91,56,608 ટ્રાન્સફર કરાવ્યા હતા.

આરોપીએ શરૂઆતમાં રૂ.13.78 લાખ જેટલું રિટર્ન પરત આપીને વિશ્વાસ જાળવી રાખ્યો હતો, પરંતુ બાદમાં રૂપિયા પરત માંગતા આનાકાની શરૂ કરી હતી. અંતે રૂપિયા વપરાઈ ગયા છે કહી દેતા ફરિયાદીએ પોલીસમાં અરજી કરી હતી. તપાસ દરમિયાન ગુનો બનતો હોવાનું સામે આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રોકાણ પહેલાં આટલી બાબતો ખાસ ચકાસો-નિવૃત્તિની રકમ કે મોટી બચત રોકાણ કરતા પહેલાં માત્ર ઓળખાણ કે વિશ્વાસના આધારે નિર્ણય લેવો જોખમી બની શકે છે. રોકાણ કરાવનાર વ્યક્તિ એસઈબીઆઈ માં રજિસ્ટર્ડ છે કે નહીં તેની સત્તાવાર વેબસાઈટ પર ચકાસણી કરવી જોઈએ.

### લીમડી પોલીસ મથકે ફરિયાદ

# પીપળીયા ગામે જમીન વિવાદમાં પથ્થરમારો : ચાર લોકોને થઇ ઇજા

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના લીમડી તાલુકાના પીપળીયા ગામે જમીન સંબંધીત જૂના વિવાદને લઈને બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ પથ્થરમારો થયો હોવાની ઘટના સામે આવી છે. આ પથ્થરમારામાં ચાર લોકોને ઈજા પહોંચતા ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પીપળીયા ગામના કમલેશભાઈ બચુભાઈ ડામોરના પરિવારની સંયુક્ત માલિકીની જમીન બાબતે ગામના જ રમેશભાઈ કટારા સહિતના લોકો સાથે અગાઉથી વિવાદ ચાલતો હતો. ૨૭ મેના રોજ સવારે કમલેશભાઈના ભત્રીજા અર્જુનભાઈ ખેતરના શેઢા પર આવેલું ગુલમોહરનું ઝાડ કાપી રહ્યા હતા. તે દરમિયાન રમેશભાઈ કટારા, રોહિતભાઈ, રીતેષભાઈ અને અરવિંદાબેન ત્યાં ધસી આવ્યા હતા અને ઝાડ કાપવા બાબતે તકરાર શરૂ કરી હતી. આ બોલાચાલી ઉગ્ર બનતા સામેના પક્ષે છૂટા પથ્થરોનો મારો કર્યો હતો, જેમાં અર્જુનભાઈ, કમલેશભાઈ, અલ્કેશભાઈ અને મનહરભાઈને ઈજાઓ થઈ હતી. ત્યારબાદ અન્ય બે ઈસમોએ આવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવની જાણ થતાં જ ૧૧૨ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી.

### વકીલો અને પક્ષકારોનો સમય બચશે

# ગોધરા કોર્ટ પરિસરમાં ટૂંક સમયમાં શરૂ થશે બેંક ઓફ બરોડાનું ATM

ગોધરા, ફિરદોસ ગુણીયા

ગોધરા જિલ્લા અને સત્ર ન્યાયાલય સંકુલ ખાતે વકીલો, કર્મચારીઓ અને પક્ષકારોની નાણાકીય સુવિધા માટે બેંક ઓફ બરોડાના નવા એ.ટી.એમ. (ATM) રૂમના બાંધકામનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ભૂમિપૂજન વિધિ માનનીય મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સી.કે. ચૌહાણ તેમજ બેંક ઓફ બરોડા (ગોધરા રીજીયન) ના રીજીયોનલ હેડ અને એ.જી.એમ. કૌશલ કિશોર પાંડેના વરદ હસ્તે વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થઈ હતી. ન્યાય સંકુલમાં એ.ટી.એમ.ની સુવિધા શરૂ થવાથી અહીં આવતા




સેંકડો લોકોના સમયની બચત થશે અને નાણાકીય વ્યવહારોમાં મોટી રાહત મળશે. આ ગરિમામય પ્રસંગે જિલ્લાના તમામ ન્યાયાધીશશ્રીઓ, બેંક ઓફ બરોડા (સ્ટેશન રોડ બ્રાન્ચ) ના બ્રાન્ચ મેનેજર મનીષ ગુપ્તા, જિલ્લા સરકારી વકીલ, પંચમહાલ જિલ્લા વકીલ મંડળના પ્રમુખ તેમજ કોર્ટ અને બેંકના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લાખણી તાલુકાના કેટલાક ગામોમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો ફરજ દરમિયાન ગુલ્લી મારતા હોવાની ચર્ચા

## ખોટા સોગંધનામા આધારે ઇન્સેટિવ મેળવતા હોવાના આક્ષેપોથી આરોગ્ય વિભાગમાં ખળભળાટ

થરાદ, રાજેશભાઇ જોષી

વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકાના કેટલાક ગામોમાં ફરજ બજાવતા કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો (CHO) અંગે ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે. મળતી ચર્ચાસ્પદ માહિતી મુજબ કેટલાક કર્મચારીઓ નોકરીના નિશ્ચિત સમય દરમિયાન ફરજ પર હાજર રહેતા નથી અને સમય પહેલા જ આરોગ્ય કેન્દ્ર છોડી દેતા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા ચાલી રહી છે કે કેટલાક CHO દ્વારા ખોટા સોગંધનામા અને ગેરમાર્ગે દોરતી વિગતો રજૂ કરી સરકાર પાસેથી ઈન્સેટિવની રકમ મેળવવામાં આવી હોવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. આ મુદ્દે ગ્રામજનો તેમજ આરોગ્ય વર્તુળોમાં અનેક સવાલો ઉભા થયા છે. કેટલાક ગામોમાં ગામલોકોમાં ચર્ચા છે કે કેટલાક કર્મચારીઓ દૂરના શહેરોમાંથી અપ-ડાઉન કરતા હોવાને કારણે આરોગ્ય કેન્દ્રોમાં સમયસર હાજરી



રહેતી નથી, જેના કારણે સામાન્ય દર્દીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.


કોણ કેટલા વાગ્યે આરોગ્ય કેન્દ્ર પર પહોંચે છે...? ફરજ પૂરી થયા પહેલા કોણ ગાયબ થઈ જાય છે...? કયા શહેરોમાંથી થાય છે અપ-ડાઉન...? ઈન્સેટિવ માટે કયા દસ્તાવેજો રજૂ કરાયા...? આ સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી રહી છે.

## તંત્રી લેખ...

# સંઘર્ષ, આત્મવિશ્વાસ અને ખુદ પર ભરોસો: સફળતાનું અજેય ત્રિપુટી સૂત્ર

જિંદગી ક્યારેય સીધી રેખામાં ચાલતી નથી. એ તો દરિયાના મોજાં જેવી છે–ક્યારેક ઉપર ઉછાળે તો ક્યારેક પછડાટ આપે. પણ યાદ રાખજો, જે પછડાટથી ડરીને કિનારે બેસી જાય છે એ ફેંકાઈ જાય છે, અને જે મોજાંની સામે છાતી તાણીને ઊભો રહે છે એ જ ઇતિહાસ રચે છે. આજે આપણે વાત કરવી છે એવા ત્રણ શબ્દોની, જે સામાન્ય માણસને પણ 'સુપરમેન' બનાવી શકે છે: સંઘર્ષ, આત્મવિશ્વાસ અને પરમ વિશ્વાસ.

૧. સંઘર્ષ: મુશ્કેલીઓ એ શાપ નહીં, સોનાને શુદ્ધ કરવાનું કારખાનું છે ઘણા લોકો મુશ્કેલીઓ આવતા જ નસીબને દોષ દેવા લાગે છે. પણ સત્ય એ છે કે, સંઘર્ષ વગરની જિંદગી પતંગ વગરના દોરા જેવી છે, જે ગમે ત્યાં જઈને કપાઈ જાય. * હીરો અને કોલસો: કોલસો જ્યારે અતિશય દબાણ અને ગરમી સહન કરે છે, ત્યારે જ તે 'હીરો' બને છે. * ગુજરાતી મિજાજ: આપણો ગુજરાતી લોહી જ એવું છે જે મુશ્કેલીઓને જોઈને પાછું નથી હટતું. સંઘર્ષ આપણને તોડતો નથી, પણ આપણી અંદર છુપાયેલી અસલી તાકાત બહાર લાવે છે. » 'જેના નસીબમાં સંઘર્ષ લખ્યો હોય છે, સમજી લેવું કે કુદરત તેને કોઈ મોટો ઇતિહાસ રચવા માટે તૈયાર કરી રહી છે.' »
૨. આત્મવિશ્વાસ: તમારી અંદરનો એ અવાજ જે કહે છે, 'હું આ કરી શકીશ!' જ્યારે આખી દુનિયા તમારી સામે આંગળી ચીંધે, ત્યારે તમારી અંદરથી એક અવાજ આવવો જોઈએ– 'ભલે કોઈને મારા પર ભરોસો ન હોય, મને મારા પર પૂરો વિશ્વાસ છે.' આ જ આત્મવિશ્વાસ છે. * જીતની શરૂઆત મનથી થાય છે: મેદાનમાં હારેલો માણસ ફરી જીતી શકે છે, પણ મનથી હારેલો માણસ ક્યારેય જીતી શકતો નથી. * અશક્ય કંઈ નથી: આત્મવિશ્વાસ એ કોઈ




બજારમાં મળતી વસ્તુ નથી, એ તો તમારી મહેનત અને તમારા સપના પ્રત્યેની વફાદારીમાંથી પેદા થતો સ્પાર્ક (તણખો) છે. જે દિવસે તમે ખુદની ક્ષમતા પર શંકા કરવાનું બંધ કરશો, તે દિવસથી તમારી જીત પાકી થઈ જશે. ૩. પરમ વિશ્વાસ: ખુદ પર પાક્કો ભરોસો અને કુદરતની ન્યાયપ્રણાલી સંઘર્ષ ચાલુ હોય અને આત્મવિશ્વાસ ડગમગવા લાગે ત્યારે જે શક્તિ કામ આવે છે, તેનું નામ છે 'પાક્કો વિશ્વાસ'. એક એવો વિશ્વાસ જે તમને રાત્રે શાંતિથી સુવા દે છે કે, 'મારી મહેનત સાચી છે, તો મારું પરિણામ પણ મોડું તો મોડું પણ જોરદાર જ આવશે.' ગુજરાતીમાં એક કહેવત છે ને કે 'ધીરજના ફળ મીઠા હોય.' આ ધીરજ ક્યાંથી આવે? એ આવે છે ખુદની મહેનત પરના પાક્કા ભરોસામાંથી. જ્યારે તમે તમારી ૧૦૦% તાકાત લગાવી દો છો, ત્યારે બ્રહ્માંડની શક્તિઓ પણ તમારી મદદમાં આવી જાય છે.

આજનો : બસ, મંડ્યા રહો!

ગુણધર્મ જીવનમાં તેની ભૂમિકા |

સંઘર્ષ તમને મજબૂત બનાવે છે, અનુભવ આપે છે.

આત્મવિશ્વાસ તમને મુશ્કેલીઓ સામે લડવાની હિંમત આપે છે. પાક્કો વિશ્વાસ તમને અંતિમ વિજય સુધી ટકી રહેવાની ધીરજ આપે છે જો તમે આજે કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છો, તો નિરાશ ન થતા. કપડાં પર લાગેલી ધૂળ ઝાપટીને ફરી ઊભા થાઓ. યાદ રાખો, અંધારું ગમે એટલું ઘાટું હોય, સવારનો સૂરજ ઉગતો કોઈ રોકી શકતું નથી. તમારી જાત પર પાક્કો ભરોસો રાખો, સંઘર્ષને ગળે લગાડો અને આત્મવિશ્વાસ સાથે આગળ વધો. આખી દુનિયા સલામ ભરવા તૈયાર ઊભી છે!

* જય જય ગરવી ગુજરાત!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# શું ઉનાળામાં તમને એસિડિટીની સમસ્યા પરેશાન કરે છે?

ઉનાળામાં પાચનતંત્ર ધીમું પડવાથી અપચો અને એસિડિટીની સમસ્યા વધી જાય છે. મોટાભાગના લોકો છાતીમાં બળતરા, ખાટો ઓડકાર, પેટમાં ભારેપણું કે ગળામાં બળતરાને સામાન્ય સમજીને એસિડિટીના લક્ષણોને અવગણી દે છે. પરંતુ સમયસર ધ્યાન ન આપવાથી આ સમસ્યા ગંભીર સ્વરૂપ લઈ શકે છે. સાયન્સ જર્નલ 'નેચર'માં પ્રકાશિત એક અભ્યાસ મુજબ, વધુ ગરમી, ડિહાઈડ્રેશન અને તાપમાનમાં ફેરફાર એસિડ રિફ્લક્સના લક્ષણોને વધારી શકે છે. જોકે, ખાનપાન અને લાઈફસ્ટાઈલમાં જરૂરી ફેરફારો અને કેટલાક ઘરેલું ઉપાયોથી એસિડિટીથી ઘણી હદ સુધી રાહત મળી શકે છે. એસિડિટી એક સામાન્ય પાચન સમસ્યા છે. તેના કારણે પાચક એન્ઝાઈમ જરૂરિયાત કરતાં વધુ બનવા લાગે છે. તે અન્નનળીમાં પણ આવી શકે છે. આ જ ખાટો ઓડકાર છે. તેનાથી પેટમાં ભારેપણું, છાતી અને ગળામાં બળતરા અનુભવી શકાય છે. કેટલાક લોકોમાં તેનું જોખમ વધુ હોય છે. જેમ કે- જેની જીવનશૈલી અનહેલ્ધી છે. જે મોડા ડિનર કરે છે. જે વધુ કેફીન લે છે. જે જંક ફૂડ ખાય છે. જે ઓવરવેઈટ છે. જે ધૂમ્રપાન કરે છે. જે દારૂ પીવે છે. ઉનાળામાં શરીરનો રક્ત પ્રવાહ ત્વચા તરફ વધે છે. જેના કારણે પાચનતંત્રને જરૂરિયાત કરતાં ઓછું લોહી મળે છે અને તેની કાર્યક્ષમતા પ્રભાવિત થાય છે. ઉપરાંત, ઓછું પાણી પીવાથી, લાંબા સમય સુધી ખાલી પેટે રહેવાથી અને અનિયમિત ખાનપાનથી પણ પેટમાં એસિડનું સંતુલન બગડી શકે છે. ક્યારેક-ક્યારેક થતી એસિડિટી ખાણીપીણી અને જીવનશૈલી સાથે સંકળાયેલી હોય છે. જો તે વારંવાર થતી હોય તો કોઈ આંતરિક સમસ્યાનો સંકેત હોઈ શકે છે. જેમ કે- ગેસ્ટ્રોઈસોફેજલ રિફ્લક્સ ડિસીઝ (GERD) પેટના અલ્સર ગેસ્ટ્રાઈટિસ (પેટમાં સોજો) પાચનતંત્ર સંબંધિત અન્ય સમસ્યાઓ એસિડિટી વારંવાર થતી હોય. દવાઓથી રાહત ન મળે. ગળવામાં તકલીફ થતી હોય. સતત છાતીમાં બળતરા થતી હોય. ઠંડું દૂધ ઠંડા દૂધમાં રહેલું કેલ્શિયમ એસિડને તટસ્થ કરે છે અને છાતીમાં થતી બળતરા ઘટાડે છે. જોકે, જેમને દૂધથી એલર્જી હોય, તેમણે તેનાથી બચવું જોઈએ. વરિયાળી વરિયાળી પાચન માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં રહેલું 'એનેથોલ' કમ્પાઉન્ડ ગેસ, પેટ ફૂલવું અને એસિડિટી ઘટાડે છે. જમ્યા પછી વરિયાળી ચાવવી અથવા તેની ચા પીવી ફાયદાકારક છે. છાશ છાશ પેટને ઠંડક આપે છે અને પાચન સુધારે છે. તેમાં રહેલું લેક્ટિક એસિડ એસિડિટી ઘટાડવામાં મદદ કરે છે. હળવું મીઠું અને શેકેલું જીરું ભેળવીને પીવું ફાયદાકારક છે. નારિયેળ પાણી નાળિયેર પાણી શરીરને હાઈડ્રેટેડ રાખે છે અને પેટનું pH સંતુલન જાળવી રાખે છે. તેનાથી એસિડિટી અને બળતરા બંનેમાં રાહત મળે છે. કેળું કેળું નેચરલ એન્ટાસિડની જેમ કામ કરે છે. તે પેટના એસિડને સંતુલિત કરે છે. રોજ એક પાકેલું કેળું ખાવાથી એસિડિટીમાં રાહત મળી શકે છે. આદુ આદુ એસિડિટી અને ગેસની સમસ્યામાં ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં રહેલું 'જિંજરોલ' કમ્પાઉન્ડ પાચનને સુધારે છે અને પેટમાં બનતા વધારાના એસિડને ઘટાડવામાં મદદ કરે છે.

# દિલ્હીના વગદાર લોકોની ક્લબ દિલ્હી જીમખાનાને તાળા વાગશે

## દિલ્હીના રાજકીય સર્કલમાં સૌથી વધુ ચર્ચાતો મુદ્દો કોકરોચ પાર્ટી નથી પણ દિલ્હી જીમખાના ક્લબને તાત્કાલીક બંધ કરવી પડે તેવી સ્થિતિ કેવી રીતે ઉભી થઇ તે મુદ્દો ચર્ચા છે

દિલ્હીના રાજકીય સર્કલમાં સૌથી વધુ ચર્ચાતો મુદ્દો કોકરોચ પાર્ટી નથી પણ દિલ્હી જીમખાના ક્લબને તાત્કાલીક બંધ કરવી પડે તેવી સ્થિતિ કેવી રીતે ઉભી થઇ તે મુદ્દો ચર્ચા છે. ૩ જુલાઇ ૧૯૧૩માં શરૂ કરાયેલ અને જેની મેમ્બરશીપ ફી ૧૮થી ૩૦ લાખ સુધીની છે તે દિલ્હી જીમખાના ક્લબને તાળા મારવા પડે એવી સ્થિતિ આવી છે. જે ક્લબના સભ્ય બનવા ૩૭ વર્ષની રાહ જોવી પડે છે તે ક્લબને શરૂઆતથીજ ૨૭.૫ એકર જમીન કાયમી લીઝ પર ફાળવવામાં આવી હતી પરંતુ હવે સલામતીના કારણોસર કેન્દ્ર સરકાર તે જમીન પરત માંગી રહી છે અને પાંચ જુન સુધીમાં ક્લબની જગ્યા ખાલી કરવાની નોટિસ આપી છે. દિલ્હી જીમખાના ક્લબ દિલ્હીની બહુ પ્રતિષ્ઠીત ક્લબ છે. આઝાદી પહેલાં તેની આગળ ઈમ્પીરીયલ લખાતું હતું પરંતુ આઝાદી બાદ ઈમ્પીરીયલને હટાવી દેવાયું હતું. દિલ્હી જીમખાનાના સભ્ય હોવું એમાં પૈસો મહત્વનો નથી હોતો પણ પ્રતિષ્ઠા વધતી હોય છે. તેના સભ્યોમાં ૪૦ ટકા સિવિલ સર્વન્ટ, ૪૦ ટકા ડિફેન્સ સર્વિસ અને ૨૦ ટકા અન્યોને સભ્યપદ આપવાની પ્રથા છે. સભ્યોના પુખ્ત વયના સંતાનોને પ્રવેશ માટે ગ્રીન કાર્ડ અપાતા હતા પરંતુ તેમાં સગાવાદનો આક્ષેપ થતા તે સિસ્ટમ બંધ કરવી પડી હતી. દિલ્હીની જીમખાના ક્લબ હકીકતે વગદારોનો અડ્ડો બની ગઇ હતી. દિલ્હી જીમખાનાના વહિવટકારો હવે તાત્કાલીક કેન્દ્ર સરકાર સાથે બેઠક કરવા માંગે છે કેમકે તેમની પાસે વગદાર સભ્યો છે અને દરેક એમ માને છે કે સરકાર તેમને પૂછ્યા વગર ક્લબની જમીન પાછી લઈ શકે નહીં. સમસ્યા એ પણ છે કે ક્લબમાં કામ કરતા ૬૦૦ કર્મચારીઓની નોકરી છીનવાઇ જવાની છે. દિલ્હીના વગદાર લોકો જ્યાં સભ્ય છે તે ક્લબના આર્કિટેક રોબોર્ટ ટોર રસેલ હતા જેમણે તીનમૂર્તિ હાઉસ અને કોનોટ પેલેસની પણ ડિઝાઈન કરી હતી. પાંચ જુન પહેલાં ૨૭.૩ એકર જગ્યા સરકારને પરત કરવાની નોટીસ પાછળનું કારણ સરકારે ડિફેન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માંગે છે તેમજ પ્રજાની સલામતી માટેનું કારણ પણ બતાવ્યું છે. ક્લબે તેના સભ્યોને લખ્યું છે કે લેન્ડ એન્ડ ડેવલોપમેન્ટ ઓફિસ તરફથી ૨૨ મેના રોજ પત્ર મળ્યો છે જેમાં સફદરગંજ રોડ ખાતેની જગ્યા પરત આપવાનું કહ્યું છે.કેન્દ્ર સરકારે ક્લબને સ્પષ્ટ કહ્યું છેકે ક્લબની જમીનની સરકારને સલામતીના કારણોસર સખત જરૂર છે. ક્લબની જમીન વડાપ્રધાનના નિવાસની નજીક છે તેમજ તેની ફરતે ડિફેન્સ ખાતાની મહત્વની ઓફિસો છે. સરકારના આદેશ અનુસાર ૨૭.૩ એકર જમીન પરના બાંધકામ લોન તેમજ અન્ય સ્ટ્રક્ચર સાથે જમીન આપવાની રહેશે. ક્લબને એમ પણ કહેવાયું છેકે શાંતિથી અને વિવાદ વગર જમીન સરકારને હસ્તક કરી દો નહીંતર પાંચ જુને અમે કબજો લઇ લઇશું. દિલ્હીની બહુ નામાંકીત અને રાજકીય સેલિબ્રીટીની બેઠકો સાથે સંકળાયેલી ક્લબની જમીન સરંડર કરાશે એટલે ક્લબને તાળા વાગશે તે જાણીને અનેક સભ્યોએ આઘાત વ્યક્ત કર્યો છે. કેટલાક સભ્યો સરકારના આદેશ પર સ્ટે લાવવા મથે છે પરંતુ તે શક્ય નથી કેમકે ક્લબનો વહિવટ સરકારે નિમેલી કમિટી પાસે છે. ક્લબનું મેનેજમેન્ટ કોર્ટમાં જઇ શકે એમ નથી. જો કોઇ સભ્ય વ્યકિતગત સ્તરે કોર્ટમાં જાય તો તેની પાસે લીઝ પરની જમીન પરત લેવાના સરકારના હકને પડકારવાની દલીલો જોઇએ. દાયકાઓથી દિલ્હી જીમખાના ક્લબ સરકારના ટોચના અધિકારીઓ, નિવૃત્ત લશ્કરી અધિકારીઓ વગેરે માટે બેઠક સમાન બની ગઈ હતી. કેટલાક માટે તે બિઝનેસ પોઈન્ટ પણ હતી. જ્યાં દિલ્હીના વગદાર લોકોની બેઠક હોય તે ક્લબને ૨૦૨૨થી કેન્દ્ર સરકાર સાથે ટસલ ચાલે છે. ૨૦૨૨માં નેશનલ કંપની લો ટ્રીબ્યુનલે સરકારને ક્લબનું મેનેજમેન્ટ લઈ લેવાનું કહ્યું હતું. ત્યારે ક્લબ પર આરોપ હતો કે કંપનીના કાયદાનો ભંગ કરાતો હતો અને ક્લબમાં નાણાકીય ગેરરીતી સામે આવી હતી. જુન પાંચની આડે માંડ દશ દિવસ બાકી છે છતાં ક્લબના ૬૦૦ જેટલા સ્ટાફને વહિવટકારોએ જોબ છોડવી પડશે તે બાબતનો કોઇ સંકેત કે નોટીસ પણ નથી આપી. સ્ટાફ મેનેજમેન્ટ પાસે સ્પષ્ટતા માંગે છે.

# 29મે: આંતરરાષ્ટ્રીય માઉન્ટ એવરેસ્ટ દિવસ- વિશ્વના સર્વોચ્ચ શિખરની રોમાંચક સફર



**સાંપ્રત પ્રવાહો**
**લેખક :દીપક જગતાપ**

વિશ્વના સૌથી ઊંચા પર્વત માઉન્ટ એવરેસ્ટ પર ચઢવું અને વિશ્વની ટોચ પર ઊભા રહીને હિમાલયની અલૌકિક અજાયબીઓના સાક્ષી બનવું એ દરેક પર્વતારોહકનું પરમ સપનું હોય છે. આ એક એવો રોમાંચક અને સાહસિક અનુભવ છે જે બહુ ઓછા નસીબદાર લોકોને પ્રાપ્ત થાય છે. દર વર્ષે ૨૯ મેના દિવસને સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય માઉન્ટ એવરેસ્ટ દિવસ' તરીકે ભારે ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ દિવસ પાછળનો મુખ્ય હેતુ માનવીય સાહસ, કઠોર પરિશ્રમ અને પર્વતારોહણ ક્ષેત્રે મેળવેલી અસાધારણ સિદ્ધિઓને બિરદાવવાનો છે. ઐતિહાસિક સિદ્ધિ અને દિવસની શરૂઆત માઉન્ટ એવરેસ્ટ સદીઓથી માનવ કલ્પના અને પડકારોનો વિષય રહ્યો છે. વર્ષ ૧૯૨૨થી બ્રિટિશરો દ્વારા આ શિખર સર કરવાના અથાણ પ્રયાસો શરૂ થયા હતા, પરંતુ શરૂઆતના અસંખ્ય અભિયાનો નિષ્ફળ રહ્યા હતા. આખરે ૨૯ મે, ૧૯૫૩ના રોજ ન્યૂઝીલેન્ડના સર એડમંડ હિલેરી અને નેપાળના શેરપા તેનઝિંગ નોર્ગેએ બ્રિટિશ અભિયાન હેઠળ ઇતિહાસ રચ્યો અને તેઓ માઉન્ટ એવરેસ્ટ પર સફળતાપૂર્વક ચઢાણ કરનારા વિશ્વના પ્રથમ માનવી બન્યા. તેઓ ૨૬ મેના રોજ જ પહોંચવાના હતા, પરંતુ કાતિલ બરફવર્ષા અને જોરદાર પવનને કારણે આ અભિયાન બે દિવસ મોડું થયું હતું. ૨૮ મેના રોજ ૮,૫૦૦ મીટર સુધી ચઢાણ કર્યા બાદ, ૨૯ મેની સવારે ૧૧:૩૦ વાગ્યે બન્ને સાહસવીરો વિશ્વની સર્વોચ્ચ ટોચ પર પહોંચ્યા હતા. ત્યાં તેમણે અંદાજે ૧૫ મિનિટ જેટલો સમય વિતાવ્યો હતો. આ ચઢાણ દરમિયાન માર્ગનો સૌથી મુશ્કેલ ભાગ ૨૦ ફૂટ (૧૨ મીટર) ઊંચી એક સીધી ખડક હતી, જેને આજે પણ 'હિલેરી સ્ટેપ' તરીકે ઓળખવામાં આવે છે. ૧૧ જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ એડમંડ હિલેરીના નિધન બાદ, નેપાળ સરકારે આ ઐતિહાસિક પરાક્રમની યાદમાં વર્ષ ૨૦૦૮થી દર વર્ષે ૨૯ મેને 'આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. એવરેસ્ટના વિવિધ નામ અને ભૌગોલિક સ્થિતિ હિમાલયની પર્વતમાળામાં આવેલું આ શિખર ભૌગોલિક અને રાજકીય રીતે નેપાળ દેશની સરહદમાં સ્થિત છે. માઉન્ટ એવરેસ્ટને જુદી જુદી ભાષાઓમાં અલગ અલગ નામોથી પૂજવામાં આવે છે. નેપાળમાં સ્થાનિક લોકો તેને 'સગરમથા' કહે છે, સંસ્કૃતમાં તેને 'દેવગિરિ' અને તિબેટીયન ભાષામાં તેને 'ચોમોલુંગમા' તરીકે ઓળખવામાં આવે છે. શરૂઆતના સમયમાં આ શિખરનું નામ 'Peak XV' (પીક ૧૫) રાખવામાં આવ્યું હતું. ચોંકાવનારી હકીકત: દર વર્ષે વધી રહી છે એવરેસ્ટની ઊંચાઈ! અગાઉ વર્ષ ૧૯૫૪માં 'સર્વે ઓફ ઈન્ડિયા'ની ટીમ દ્વારા માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ ૮,૮૪૮ મીટર (૨૯,૦૦૨ ફૂટ) માપવામાં આવી હતી. જો કે, પૃથ્વીના પેટાળમાં ચાલતી ભૌગોલિક હલચલને કારણે ભારતીય પ્લેટ સતત યુરેશિયન પ્લેટ તરફ સરકી રહી છે, જેના લીધે એવરેસ્ટની ઊંચાઈ દર સદીએ આશરે ૪૦ સેન્ટીમીટરના દરે વધી રહી છે. વર્ષ ૨૦૧૫માં આવેલા વિનાશકારી ભૂકંપ બાદ એવરેસ્ટની ઊંચાઈ બદલાઈ હોવાના સવાલો ઉઠ્યા હતા. આથી નેપાળ અને ચીન સરકારે સંયુક્ત રીતે ગ્લોબલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ અને ગ્રેવીમીટરની મદદથી આધુનિક સર્વે કર્યો હતો. આ સર્વેના આધારે જાહેર કરાયેલા નવા સત્તાવાર આંકડા મુજબ એવરેસ્ટની ઊંચાઈ હવે ૮,૮૪૮.૮૬ મીટર થઈ ગઈ છે, જે અગાઉના માપદંડ કરતાં ૮૬ સેન્ટીમીટર વધારે છે. પર્વતારોહકોનો વધતો ક્રેઝ અને આધુનિક 5G ટેકનોલોજી હિમાલયન ડેટા બેઝ અનુસાર, ૧૯factory૫૩થી અત્યાર સુધીમાં ૪,૦૦૦થી વધુ પર્વતારોહકો માઉન્ટ એવરેસ્ટ સર કરી ચૂક્યા છે. હાલમાં નેપાળ સરકાર નિર્ધારિત રકમ (અંદાજે ૧૧,૦૦૪ ડૉલર એટલે કે સાડા સાત લાખ રૂપિયાથી વધુ) ફી લઈને પર્વતારોહકોને પરમિટ આપે છે. તાજેતરના વર્ષોમાં પર્વતારોહકોની સંખ્યામાં રેકોર્ડબ્રેક વધારો થયો છે, જેમાં સાહસિક મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર રીતે વધી રહી છે.

આધુનિક યુગની સાથે હવે એવરેસ્ટ પણ હાઈટેક બન્યું છે. ચીન તરફથી માઉન્ટ એવરેસ્ટ પર ચઢતા આરોહકો માટે ૬,૫૦૦ મીટરની ઊંચાઈએ વિશ્વનું સૌથી ઊંચું ટેલિકોમ બેઝ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું છે. ચાઈના મોબાઈલ કંપનીના આ સ્ટેશનને કારણે હવે પર્વતારોહકો એવરેસ્ટની દુર્ગમ ચોટીઓ પર પહોંચીને પણ હાઈ-સ્પીડ 5G ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરી શકે છે. કુદરતની આ અદ્ભુત અજાયબી અને માનવીય સંકલ્પ શક્તિનું પ્રતીક એવો માઉન્ટ એવરેસ્ટ આજે પણ વિશ્વભરના યુવાનો અને સાહસિકો માટે પ્રેરણાસ્ત્રોત બનેલો છે.

# ભારતીયો દર વર્ષે માત્ર ટ્રાફિકમાં 3.50 લાખ કરોડના પેટ્રોલ-ડીઝલનો ધુમાડો કરે છે!

## તેમાંય ભારતના ચાર મોટા મહાનગરો જેવા કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગલુરૂ દ્વારા તેમાંથી મોટાપાયે વ્યય કરવામાં આવે છે. આ ચાર મહાનગરો દ્વારા વર્ષે 1.50 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલનો ધુમાડો માત્ર ટ્રાફિકમાં કરવામાં આવે છે : બેંગલોરમાં ટ્રાફિક જામની સમસ્યા સૌથી ખરાબ છે. બેંગલોરમાં સામાન્ય માણસો દર વર્ષે અંદાજે 19000 કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફૂંકી મારે છે. તેવી જ રીતે પુણેમાં પણ આવી જ સમસ્યા છે.

ભારતીયો દ્વારા અંદાજે દર વર્ષે 3.45 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલનો વ્યય માત્ર ટ્રાફિકના કારણે કરવામાં આવે છે. તેમાંય ભારતના ચાર મોટા મહાનગરો જેવા કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગલુરૂ દ્વારા તેમાંથી મોટાપાયે વ્યય કરવામાં આવે છે. આ ચાર મહાનગરો દ્વારા વર્ષે 1.50 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલનો ધુમાડો માત્ર ટ્રાફિકમાં કરવામાં આવે છે : બેંગ્લોરમાં ટ્રાફિક જામની સમસ્યા સૌથી ખરાબ છે. બેંગ્લોરમાં સામાન્ય માણસો દર વર્ષે અંદાજે 19000 કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફુંકી મારે છે. તેવી જ રીતે પુણેમાં પણ આવી જ સમસ્યા છે. અહીંયા લોકો દર વર્ષે અંદાજે 17,000 કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલને ધુમાડો કરે છે. કોલકાતામાં પણ વર્ષે અંદાજે 15,500 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ થાય છે. મુંબઈમાં પણ અંદાજે 14,500 કરોડ રૂપિયા જ્યારે દિલ્હીમાં અંદાજે 12,000 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ થઈ જાય છે ભારતમાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગે બુમરાણ ચાલી રહી છે. દેશના અનેક જિલ્લાઓમાં તો અછત વર્તાવા લાગી છે જ્યારે કેટલાક જિલ્લાઓમાં લોકો પેટ્રોલ અને ડીઝલ સ્ટોર કરવા લાગ્યાની વાતો પણ ફેલાઈ છે. આ દરમિયાન કેટલાક અહેવાલ સામે આવ્યા છે જે પણ ચિંતાજનક છે. ભારતીયો માત્ર વાહનો ચલાવવા દરમિયાન જ નહીં પણ ટ્રાફિકમાં પણ અધધ રૂપિયાનું પેટ્રોલ અને ડીઝલ ઉડાવી દે છે. તાજેતરમાં નેધરલેન્ડની એક જાણીતી લોકેશન ટેક્નોલોજી અને ડિજિટલ નેવિગેશન કંપની ટોમટોમ દ્વારા ભારતીયો દ્વારા વાહનોના વપરાશ અને અન્ય બાબતે એક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પીક અવર્સમાં અને સામાન્ય સ્થિતિમાં જ્યારે રસ્તા ખાલી હોય તો તમે 15 મિનિટમાં તમારા ઘરથી કેટલા દૂર પહોંચી શકો છો તેનો પણ અભ્યાસ કર્યો હતો. આ કંપની દ્વારા જે ડેટા આપવામાં આવ્યો છે તે જોતાં એમ લાગે છે કે, ખરેખર ભારતીયોએ પોતાના વાહનો ચલાવવાની આદત, સરકારે પોતાના આયોજનો અને અન્ય બાબતો ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. સરકાર માત્ર લોકોને કાર પુલિંગ કરવાનું કહે કે પછી વર્કફ્રોમ હોમ અથવા તો જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું કહે તેનાથી જવાબદારી પૂરી થઈ જતી નથી. સરકાર અને પ્રજાની સહિયારી ભાગીદારી દ્વારા જ આ કામગીરી પાર પડે તેમ છે. કંપની દ્વારા દુનિયાભરની ગાડીઓ, સ્માર્ટફોન, જીપીએસ ડિવાઈસ અને રિયલ ટાઈમ ટ્રાફિક ડેટા ભેગા કરીને અભ્યાસ કરવામાં આવે છે. ભારતમાં પણ આ તમામ વિગતો લઈને અભ્યાસ કરાયો જેના પરિમાણ આઘાતજનક છે. તેમાં જણાવાયું છે કે, ભારતમાં દર વર્ષે લોકો ટ્રાફિકજામમાં અટવાઈને અંદાજે 3.50 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફુંકી મારે છે. તાજેતરમાં આવેલો અહેવાલ જણાવે છે કે, ભારતીયો દ્વારા અંદાજે દર વર્ષે 3.45 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલનો વ્યય માત્ર ટ્રાફિકના કારણે કરવામાં આવે છે. તેમાંય ભારતના ચાર મોટા મહાનગરો જેવા કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગ્લુરૂ દ્વારા તેમાંથી મોટાપાયે વ્યય કરવામાં આવે છે. આ ચાર મહાનગરો દ્વારા વર્ષે 1.50 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલનો ધુમાડો માત્ર ટ્રાફિકમાં કરવામાં આવે છે. અહેવાલો જણાવે છે કે,



ભારતીયો દ્વારા દરરોજ ટ્રાફિકમાં 960 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વ્યય કરવામાં આવે છે. તેમાંથી લગભગ ચાલીસ ટકા એટલે કે અંદાજે 400 કરોડ રૂપિયાનો વ્યય આ ચાર મોટા શહેરોમાં થાય છે. અભ્યાસમાં જણાવાયું છે કે, ભારતીયો દ્વારા દર વર્ષે ટ્રાફિક જામ જેવી સમસ્યાઓના કારણે 34.6 અબજ લિટર ફ્યૂઅલ વેડફવામાં આવે છે. ટ્રાફિક ઈન્ડેક્સ જણાવે છે કે, બેંગ્લુરૂ અને દિલ્હી જેવા મોટા શહેરોમાં ઓફિસ જવા અને આવવા દરમિયાન લોકો ટ્રાફિકમાં ફસાય છે અને તેના કારણે દર મહિને તેઓ 20 થી 25 લિટર ફ્યૂઅલ વધારે વાપરે છે. તેમના ખિસ્સા ઉપર તેટલો વધારો ખર્ચ પડે છે. તેઓ ધીમે ધીમે જવા દરમિયાન અથવા તો સિગ્નલે ઊભા રહેવા દરમિયાન આ પેટ્રોલ વેડફી કાઢે છે. બેંગ્લોરમાં ટ્રાફિક જામની સમસ્યા સૌથી ખરાબ છે. ત્યાંના લોકો તેના કારણે અત્યંત પરેશાન પણ છે. તેઓ પેટ્રોલ અને ડીઝલનો સૌથી વધારે વેડફાટ કરી જાય છે. ત્યાં 10 કિ.મીની યાત્રામાં 45 રૂપિયાનું પેટ્રોલ તો માત્ર ટ્રાફિકના કારણે વપરાઈ જાય છે. તેના પગલે એવું બને છે કે, બેંગ્લોરમાં સામાન્ય માણસો દર વર્ષે અંદાજે 19000 કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફુંકી મારે છે. તેવી જ રીતે પુણેમાં પણ આવી જ સમસ્યા છે. અહીંયા લોકો દર 10 કિ.મીએ 40 રૂપિયાનું ફ્યૂઅલ વેડફે છે. અહીંયા દર વર્ષે ટ્રાફિક જામના કારણે લોકોના ખિસ્સા ઉપર મોટો ભાર પડે છે. અહીંયા તેઓ દર વર્ષે અંદાજે 17,000 કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલને ધુમાડો કરે છે. અહીંયા ચક્કાજામ થવાની સમસ્યા પણ વધારે હોવાથી આ સ્થિતિ વધારે ગંભીર થઈ જાય છે. દેશના બીજા મોટા શહેરોની વાત કરીએ તો કોલકાતાનો પણ તેમાં જ સમાવેશ થાય છે. અહીંયા રસ્તામાં ટ્રાફિક જામ થવાના કારણે વાહનો ધીમે ધીમે આગળ વધે છે. બીજી તરફ કેટલાક રસ્તાઓમાં ટ્રાફિક ફસાઈ રહે છે. તેના પગલે તેઓ 10 કિલોમીટરના સફરમાં 35 થી 38 રૂપિયાના ફ્લૂઅલનો વેડફાટ કરે છે. અહીંયાના લોકો ટ્રાફિક જામમાં ફસાવાના કારણે દર વર્ષે અંદાજે 15,500 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ કરે છે. અહીંયા ટ્રાફિક સિગ્નલ વધારે હોવાથી અનેક રસ્તાઓમાં પિક અવર્સમાં લાંબો ટ્રાફિકજામ થાય છે. તેવી જ રીતે મુંબઈમાં પણ સ્થિતિ આવી જ ખરાબ છે. મુંબઈમાં લોકલ ટ્રેનોનું નેટવર્ક છે, રસ્તા નવા અને મોટા છે છતાં લોકોની હાલત ખરાબ છે. જાણકારો માને છે કે, મુંબઈમાં પીક અવર્સ દરમિયાન કલાકોનો ટ્રાફિક જામ થાય છે. તેના કારણે અહીંયાના લોકો દર 10 કિલોમીટરના પ્રવાસ દરમિયાન 32થી 35 રૂપિયાનું પેટ્રોલ-ડીઝલ વેડફી કાઢે છે. અહીંયા દર વર્ષે સામાન્ય માણસના ખિસ્સા ઉપર ફ્યૂઅલનો ભાર વધારે પડે છે. મેટ્રો, લોકલ અને બસો હોવા છતાં લોકો વાહનો લઈને જે જાય છે તેઓ વર્ષે અદંજે 14,500 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ કરી નાખે છે. આ સિવાય દેશની રાજધાની દિલ્હીમાં પણ આવી જ સમસ્યા છે. અહીંયા રસ્તા પહોળા છે, સારા છે છતાં ટ્રાફિક જામની સમસ્યા વારંવાર થાય છે. પિક અવર્સમાં નીકળવું ખૂબ જ મુશ્કેલ હોય છે. અહીંયા લોકો 10 કિ.મી જવામાં 30 રૂપિયાના ફ્યૂઅલનો તો વ્યયય કરી નાખે છે. ટ્રાફિક જામ અને સ્લો ટ્રાફિકના કારણે અહીંયા લોકોની સ્થિતિ ખરાબ છે. તેઓ દર વર્ષે આ સ્થિતિના કારણે અંદાજે 12,000 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ કરી નાખે છે. આ ઉપરાંત અન્ય એક અહેવાલ જણાવે છે કે, ભારતમાં ટ્રાફિક જામની સમસ્યા અને રોડ રસ્તાના ડાયવર્ઝનની સમસ્યા ખૂબ જ વિકટ છે.

સમગ્ર એશિયાની વાત કરવામાં આવે ત્યારે પણ ભારતના શહેરો ખરાબ ટ્રાફિક માટે પંકાયેલા છે. એશિયાના સૌથી વધુ ટ્રાફિક જામ ધરાવતા ટોચના 10 શહેરોની યાદીમાં છ શહેરો ભારતના છે. તેમાંય બેંગ્લોરની સ્થિતિ તો અત્યંત ખરાબ છે. ટ્રાફિકજામ મુદ્દે તે એશિયામાં ટોચના સ્થાને આવે છે જ્યારે દુનિયામાં પણ બીજા ક્રમે આવે છે. તેવી જ રીતે પુણે એશિયામાં બીજા ક્રમે અને દુનિયામાં પાંચમા ક્રમે આવે છે. આ બંને શહેરોની સ્થિતિ અત્યંત ખરાબ છે. બીજી તરફ મુંબઈ એશિયામાં છઠ્ઠા સ્થાને છે તો નવી દિલ્હી ટ્રાફિક મુદ્દે એશિયામાં 7મા ક્રમે આવે છે. કોલકાતા એશિયામાં 9મા અને જયપુર 10મા ક્રમે આવતા શહેરો છે. ખાસ વાત એ છે કે, પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા તાજેતરમાં આપવામાં આવેલા અહેવાલમાં પણ જણાવાયું છે કે, દેશમાં પોતાની જરૂરિયાતના ક્રૂડમાંથી 88 ટકા ક્રુડ આયાત કરવામાં આવે છે. તેના કારણે અંદાજે 11 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. ભારત દ્વારા દર મહે અંદાજે 92,000 કરોડ રૂપિયાનો ખર્ચ માત્ર ક્રુડ લાવવા પાછળ કરવામાં આવે છે. હાલમાં તો મહિના ખર્ચનો આંકડો વધીને સીધો જ 1.5 લાખ કરોડ રૂપિયા પહોંચવા આયો છે. તેનો અર્થ એ છે કે, હાલમાં ભારત જેટલો ખર્ચ કરીને મહિને ક્રુડ આયાત કરે છે તેટલી જ કિંમતનું ફ્યૂઅલ ચાર મોટા શહેરોમાં ટ્રાફિક જામમાં વેડફી કાઢવામાં આવે છે. સરકારને કરવું નથી અને પ્રજાને પણ પડી નથી, તેથી વેડફાટ થતો રહે છે જાણકારોના મતે દેશમાં ફ્યૂઅલનો જે વેડફાટ થાય છે તેમાં મોટાભાગે સરકાર જવાબદાર છે. તે ઉપરાંત પ્રજાનો પણ થોડોઘણો વાંક આવે તેમ છે. સૌથી પહેલાં જોઈએ તો દેશના કોઈપણ શહેરમાં ટ્રાફિકનું યોગ્ય આયોજન જ થતું નથી. રોડ રસ્તાઓ ઉપર યોગ્ય વ્યવસ્થા નથી.

ચારે તરફ ગમે ત્યારે ખોદકામ કરવામાં આવે છે, ડાયવર્ઝન આપી દેવાય છે, ભુવા પડે છે અને ટ્રાફિક જામ થતો રહે છે. તેવી જ રીતે ગમે ત્યાં અને ગમે તે રીતે સિગ્નલો લગાવી દીધા છે. તેથી લોકોને પાંચ-સાત કિ.મીનો પ્રવાસ કરવામાં અડધો કલાક જતો રહે છે, છ-સાત સિગ્નલ ઉપર ઊભા રહેવાનું આવે છે. રસ્તા બનાવવામાં, બ્રિજ બનાવવામાં વ્યાપક કૌભાંડ થાય છે. જે રસ્તે ટ્રાફિક થાય છે તેનાથી ખોટી દિશામાં ઓવર બ્રિજ બનાવી દેવાય છે, તકલાદી બ્રિજ બનાવી દેવાય છે, અંત વગરના બ્રિજ બનાવી દેવાય છે અને પ્રજાને હાલાકી પડતી રહે છે. લોકો દ્વારા પણ ટ્રાફિકના નિયમોનું પાલન કરાતું નથી. ડાબી તરફ ફ્રી રોડ ઉપર પણ વાહનો રાખીને સિગ્લન લાલ હોય ત્યારે રસ્તો રોકી દેવામાં આવે છે.

સિગ્નલ ઉપર ઊભા રહેવા દરમિયાન વાહનો બંધ કરતા નથી. રોડસાઈડ નાસ્તા-પાણી કરવા દરમિયાન પણ ગાડીમાં બેસી રહે છે અને એસી માટે ગાડી ચાલુ રાખે છે. આ તમામ કારણોના લીધે અબજો લિટર પેટ્રોલ-ડીઝલનો વ્યય થાય છે. ભારતીયો દ્વારા અંદાજે દર વર્ષે 3.45 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલનો વ્યય માત્ર ટ્રાફિકના કારણે કરવામાં આવે છે. તેમાંય ભારતના ચાર મોટા મહાનગરો જેવા કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગ્લુરૂ દ્વારા તેમાંથી મોટાપાયે વ્યય કરવામાં આવે છે. આ ચાર મહાનગરો દ્વારા વર્ષે 1.50 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલનો ધુમાડો માત્ર ટ્રાફિકમાં કરવામાં આવે છે : બેંગ્લોરમાં ટ્રાફિક જામની સમસ્યા સૌથી ખરાબ છે. બેંગ્લોરમાં સામાન્ય માણસો દર વર્ષે અંદાજે 19000 કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફુંકી મારે છે. તેવી જ રીતે પુણેમાં પણ આવી જ સમસ્યા છે. અહીંયા લોકો દર વર્ષે અંદાજે 17,000 કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલને ધુમાડો કરે છે. કોલકાતામાં પણ વર્ષે અંદાજે 15,500 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ થાય છે.અહેવાલો જણાવે છે કે, ભારતીયો દ્વારા દરરોજ ટ્રાફિકમાં 960 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વ્યય કરવામાં આવે છે. તેમાંથી લગભગ ચાલીસ ટકા એટલે કે અંદાજે 400 કરોડ રૂપિયાનો વ્યય આ ચાર મોટા શહેરોમાં થાય છે. અભ્યાસમાં જણાવાયું છે કે, ભારતીયો દ્વારા દર વર્ષે ટ્રાફિક જામ જેવી સમસ્યાઓના કારણે 34.6 અબજ લિટર ફ્યૂઅલ વેડફવામાં આવે છે.

### દૂષિત પાણી પીવા મજબૂર બનેલા લોકોમાં ભારે રોષ : ઝાલોદ તાલુકાના ગરાડુ ગામમાં પાણીનો હાહાકાર

# નળ સે જળ યોજના નિષ્ફળ હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

## પીવાનું પાણી મેળવવા માટે મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને રોજિંદા એકથી બે કિલોમીટર સુધી ચાલીને જવું પડે છે

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર આવેલ ઝાલોદ તાલુકાના અંતરિયાળ ગરાડુ ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ગામલોકોને પાણી માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. "નલ સે જળ યોજના" અંતર્ગત નિયમિત પાણી ન મળતા ગ્રામજનોમાં તંત્ર અને સરકાર સામે ભારે રોષ ફેલાયો છે.



ગામના લોકોના જણાવ્યા અનુસાર પીવાનું પાણી મેળવવા માટે મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને રોજિંદા એકથી બે કિલોમીટર સુધી ચાલીને જવું પડે છે. ડુંગરાળ અને કાચા રસ્તાઓ પરથી માથે બેડા મૂકી પાણી લાવવાની ફરજ પડતા ગ્રામ્યજનોની મુશ્કેલીઓ દિવસેને દિવસે વધી રહી છે. ગામમાં પાણી માટે લોકો વહેલી સવારથી જ હેન્ડપંપ અને કૂવાઓ પાસે લાંબી કતારોમાં ઉભા રહેતા જોવા મળે છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ ગામના કેટલાક કૂવાઓમાં લાંબા સમયથી સફાઈ કરવામાં આવી નથી. અનેક કૂવાઓમાં ગંદકી અને જંગલી ઝાડીઓ ફેલાઈ ગઈ છે, જેના કારણે લોકોને મજબૂરીમાં દૂષિત પાણી પીવું પડી રહ્યું છે. ગ્રામજનોમાં ભય છે કે આ પરિસ્થિતિને કારણે ચેપી અને પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની શક્યતા વધી રહી છે. ગામના ઘણા કૂવાઓ આઝાદી પહેલાના સમયના હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. આજ સુધી લોકો એ જ જૂના કૂવાઓ પર નિર્ભર રહેવા મજબૂર બન્યા છે. કૂવાઓ આસપાસ કોઈ બાઉન્ડ્રી વોલ કે સુરક્ષા વ્યવસ્થા ન હોવાથી પાણી ભરવા જતાં લોકોના જીવ પર પણ જોખમ ઊભું થઈ રહ્યું છે.

ગરાડુ ગામમાં માત્ર લોકો જ નહીં પરંતુ પશુધન પણ પાણીની ગંભીર અછતનો સામનો કરી રહ્યું છે. ગામમાં પૂરતું પાણી ન મળતા પશુપાલકો ચિંતિત બન્યા છે. પશુઓને પીવાનું પાણી ઉપલબ્ધ ન હોવાથી પશુપાલન પર પણ ગંભીર અસર જોવા મળી રહી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ વધુ જરૂરિયાત ઉભી થાય ત્યારે ખાનગી પાણીના ટેન્કર મંગાવવા પડે છે. જેના માટે લોકોને પોતાના ખિસ્સામાંથી મોટો ખર્ચ કરવો પડે છે. આર્થિક રીતે નબળા આદિવાસી પરિવારો માટે આ વધારાનો ખર્ચ ભારે બોજ સમાન બની રહ્યો છે.

આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ પહોંચાડવાના સરકારના દાવાઓ વચ્ચે ગરાડુ ગામની હાલત અનેક પ્રશ્નો ઊભા કરી રહી છે. આઝાદીના દાયકાઓ બાદ પણ ગામમાં પાણી જેવી મૂળભૂત સુવિધાનો અભાવ જોવા મળતા ગ્રામજનોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

### લીમડીમાં IPL ક્રિકેટ સટ્ટા પર SOGનો દરોડો

# લાઇવ મેચ પર મોબાઇલથી સોદાબાજી કરતા યુવક ઝડપાયો

દાહોદ

Limdi ખાતે IPL-2026ની ટી-20 ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટાબાજી ચલાવવાના મામલે દાહોદ SOG શાખાએ કાર્યવાહી હાથ ધરી એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી બે એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ દાહોદ SOG શાખાના સ્ટાફને ખાનગી બાતમી મળી હતી કે લીમડીના વેજીટેબલ માર્કેટ પાછળ આવેલા મેદાનમાં એક યુવક મોબાઈલમાં લાઈવ ક્રિકેટ મેચનો સ્કોર જોઈ સટ્ટાના સોદા કરી રહ્યો છે. બાતમીના આધારે SOG ટીમે રેડ કરી હતી.

રેડ દરમિયાન પોલીસે એક યુવકને મોબાઈલમાં IPL-2026 અંતર્ગત કોલકાતા નાઈટ રાઈડર્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાતી ટી-20 મેચનો લાઈવ સ્કોર જોતા ઝડપ્યો હતો. પૂછપરછમાં તેણે પોતાનું નામ વિશાલ રાજેન્દ્રકુમાર સોની રહે. નવા બજાર, લીમડી હોવાનું જણાવ્યું હતું.

તપાસ દરમિયાન આરોપીના મોબાઈલમાં "English999" નામની વેબસાઈટ મારફતે સટ્ટાબાજીની ID ચાલુ હાલતમાં મળી આવી હતી. પોલીસ મુજબ "LKD8" નામની આ ID દ્વારા મેચના સોદા કરવામાં આવતા હતા. પ્રાથમિક તપાસમાં આ ID મારફતે અંદાજે રૂ. 8.89 લાખથી વધુની હારજીત થયાની વિગતો સામે આવી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે આરોપીના મોબાઈલમાંથી મેચ પર સોદો લગાવવાનો કોલ રેકોર્ડિંગ પણ મેળવ્યો હોવાનું જણાવ્યું છે. આરોપીએ મુંબઈ ઈન્ડિયન્સ જીતે તે માટે લાખો રૂપિયાનો સોદો કર્યાની કબૂલાત આપી હોવાનું પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ છે.

# ગોધરા ઈદગાહ મેદાન ખાતે બકરી ઈદની નમાઝ અદા કરાઈ : દેશમાં અમન-શાંતિ માટે હજારો બિરાદરોએ દુઆ કરી

ગોધરા, ફિરદોસ ગુણીયા

ગોધરા શહેરના ઐતિહાસિક ઈદગાહ મેદાન ખાતે આજે ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ) ના પવિત્ર પર્વ નિમિત્તે વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી, જેમાં પંચમહાલ જિલ્લાના હજારો મુસ્લિમ બિરાદરો ઉમટી પડ્યા હતા. હજરત મોલાના શેખુલ હદિસ ગુલામ રસુલ ધન્તયા સાહબ દ્વારા ઈદની આ નમાઝ પઢાવવામાં આવી હતી. વહેલી સવારથી જ ભેગા થયેલા બિરાદરોએ પરસ્પર ભાઈચારો, દેશમાં અમન-શાંતિ અને ખુશહાલી માટે ખાસ દુઆઓ કરી હતી.



નમાઝ પૂર્ણ થયા બાદ સૌએ એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદી પાઠવી હતી, જેનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તહેવારની શાંતિપૂર્ણ ઉજવણી માટે પોલીસ પ્રશાસન દ્વારા સ્થળ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે DySP સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પણ ઈદગાહ મેદાનની મુલાકાત લઈ મુસ્લિમ સમાજના લોકોને ઈદની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

### વાયરલ થયેલા વીડિયોને કારણે સ્થાનિકોમાં ભારે ચર્ચા જાગી

# અંકલેશ્વરમાં કારની છત પર બાઈક બાંધી મુસાફરી : જોખમી વીડિયો વાયરલ

અંકલેશ્વર, જયેશ પ્રજાપતિ

ગુજરાતના હાઈવે હવે જાણે જોખમી સ્ટંટબાજોના અડ્ડા બની રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર આવેલી ખરોડ ચોકડી પાસેથી એક કાળજું કંપાવી દેનારો અને કાયદાના લીરેલીરા ઉડાડતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, પૂરઝડપે દોડતી એક કારની છત (રૂફ) પર લોખંડના દોરડાથી આખી મોટરસાઈકલ બાંધવામાં આવી છે અને એટલું જ નહીં, તે બાઈક પર બે યુવકો પણ બેસીને બિન્ધાસ્ત મુસાફરી કરી રહ્યા છે!

રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આ પ્રકારની જીવના જોખમે કરાતી મૂર્ખામી જોઈને રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકો સ્તબ્ધ થઈ ગયા હતા. કોઈ જાગૃત નાગરિકે આ સમગ્ર ઘટના પોતાના મોબાઈલ કેમેરામાં



કેદ કરી લીધી હતી, જે હવે વાયુવેગે વાયરલ થઈ રહી છે. હાઈવે પરથી પસાર થતી ભારે માલવાહક ટ્રકો અને સ્પીડમાં જતા અન્ય વાહનો વચ્ચે આ પ્રકારની જોખમી હરકત કોઈપણ મોટી દુર્ઘટનાને ખુલ્લું આમંત્રણ આપી રહી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ નથી, પરંતુ આ બેદરકારી ૯ લોકોની જિંદગી કચડનારા ઈસ્કોન બ્રિજ જેવા કાંડને ફરી બેઠો કરી શકે છે.

પોલીસ અને RTO ની કામગીરી સામે મોટા સવાલો!

આ વાયરલ વીડિયોને પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ અને ચર્ચા જાગી છે.

જનતા પૂછી રહી છે કે: શું નેશનલ હાઈવે પર પેટ્રોલિંગ કરતી પોલીસ અને RTO ની આંખો આ નબીરાઓ પર ન પડી?

ટ્રાફિકના કડક નિયમો અને મોટા-મોટા દંડ શું માત્ર સામાન્ય મધ્યમવર્ગીય જનતા માટે જ છે?

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મામલે હજુ સુધી પોલીસ કે આરટીઓ વિભાગ તરફથી કોઈ સત્તાવાર કાર્યવાહી કે ગુનો નોંધવામાં આવ્યો નથી. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ વીડિયોના આધારે કારના નંબર પરથી આ જોખમી મુસાફરોને જેલના સળિયા પાછળ ધકેલે છે કે પછી હંમેશની જેમ કાગળ પર જ તપાસ સીમિત રહે છે.

# અસ્થિર મગજની યુવતીને પરિવાર સાથે મિલાપ કરાવતી ગોધરા તાલુકા પોલીસ

ગોધરા, ફિરદોસ ગુણીયા ગોધરા

પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી, પોલીસ અધિક્ષક ડો. હરેશ દુધાત તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી બ્રિન્દા જાડેજાના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા "ઓપરેશન મિલાપ" અંતર્ગત ગોધરા તાલુકા પોલીસે એક અસ્થિર મગજની યુવતીને શોધી કાઢી પરિવાર સાથે મિલાપ કરાવ્યો છે.

ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.વાય. પટેલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડના પો.સબ.ઈન્સ. એન.પી. સેલોત તથા પોલીસ સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન તુપ્તી ચોકડી નજીક હાઈવે રોડ પાસે એક અસ્થિર મગજની યુવતી પોલીસની ગાડી જોઈ મદદ માટે દોડી આવી હતી.

પોલીસે યુવતીને સુરક્ષિત રીતે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે લાવી લાગણીસભર પૂછપરછ હાથ ધરી હતી. તપાસ દરમિયાન યુવતી આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાની રહેવાસી હોવાનું સામે આવ્યું હતું.

ત્યારબાદ સોશિયલ મીડિયાના માધ્યમથી પરિવારજનોનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. યુવતીની ઓળખ નેતલબેન દીપકસિંહ જાદવ (ઉ.વ. ૩૦), રહે. સિલીગામ પીપળાવાળું ફળિયું, તા. ઉમરેઠ, જી. આણંદ તરીકે થઈ હતી.

અંતે ગોધરા તાલુકા પોલીસે યુવતીનો પરિવાર સાથે મિલાપ કરાવતા પરિવારજનોએ પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ડભોઇ-બોડેલી સ્ટેટ હાઇવે બન્યો ડેન્જર ઝોન : રેતીના સામ્રાજ્યથી અકસ્માતોની વણઝાર

## રોડ પર પથરાયેલી આ રેતીના કારણે વાહનો સ્લીપ થઈ રહ્યા છે

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઈથી બોડેલીને જોડતો મુખ્ય સ્ટેટ હાઈવે હાલ વાહનચાલકો માટે ભારે જોખમી સાબિત થઈ રહ્યો છે. આ માર્ગ પર આવેલા ટીંબી ફાટકથી લઈને ગોપાલપુરા સુધીના રોડ પર બંને સાઈડ રેતીના મોટા ઢગલા જામી ગયા છે. સ્ટેટ હાઈવેના અધિકારીઓની ઘોર બેદરકારી અને સાફ-સફાઈના અભાવે અહીંથી પસાર થતા બાઈક ચાલકોના જીવ અધ્ધર થઈ ગયા છે. આ ધમધમતા હાઈવે પરથી ચોવીસ કલાકમાં હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે. આ રૂટ પરથી રેતી ભરેલી ઓવરલોડ ટ્રકો મોટી સંખ્યામાં દોડે છે, જેમાંથી સતત રેતી રોડ પર ઢોળાતી રહે છે. પરિણામે સમય જતાં રોડની બંને બાજુએ રેતીના થર જામી ગયા છે. રોડ પર પથરાયેલી આ રેતીના કારણે વાહનો સ્લીપ થઈ રહ્યા છે. ખાસ કરીને રાત્રિના અંધારામાં આ રેતી દેખાતી ન હોવાથી બાઈક ચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. છેલ્લા



કેટલાક સમયમાં અહીં અનેક નાના-મોટા અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે અને કેટલાક વાહનચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ગમે ત્યારે મોટો જીવલેણ અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી હોવા છતાં સ્ટેટ હાઈવે વિભાગ આંખ આડા કાન કરીને બેઠું છે. સ્થાનિકોની માંગ છે કે તંત્ર તાત્કાલિક જાગે અને મશીનરી દ્વારા રોડ પરથી રેતી હટાવી સાફ-સફાઈ કરાવે.

### ATS અને FSLની તપાસમાં મોટો ખુલાસો

# નાંદોદના વરખડ ગામમાંથી મળેલો પદાર્થ ડ્રગ્સ નહીં પણ ફેક્ટરીના સામાન્ય કેમિકલ હોવાનું ખુલાશો થયો

નર્મદા, વહાબ શેખ

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વરખડ ગામમાં મુંબઈ પોલીસ અને નર્મદા પોલીસ દ્વારા એક સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મુંબઈમાં નોંધાયેલા એક ગુનાની તપાસના તાર નર્મદા જિલ્લા સુધી લંબાતા મુંબઈ અને નર્મદા પોલીસની જુદી-જુદી ટીમોએ વરખડ ગામમાં આવેલા એક મકાનમાં દરોડો પાડ્યો હતો. આ રેઈડ દરમિયાન મકાનમાંથી અલગ-અલગ પ્રકારના કેમિકલ મળી આવતા શરૂઆતમાં તે નશાકારક પદાર્થ હોવાની આશંકા સેવાઈ રહી હતી, પરંતુ એફ.એસ.એલ. અને એ.ટી.એસ.ની તપાસ બાદ ત્યાં કોઈ વાંધાજનક કે નશીલો પદાર્થ ન હોવાનું બહાર આવ્યું છે.

સૂત્રો અને પોલીસ તરફથી મળતી સત્તાવાર માહિતી અનુસાર, મહારાષ્ટ્રના મુંબઈ સ્થિત સાકીનાકા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ એક ગુનો નોંધાયો હતો. આ ગુનાના સંદર્ભમાં મુંબઈ પોલીસે મુસ્કાન નામની મહિલા આરોપીની ધરપકડ કરી હતી. તેની પૂછપરછ દરમિયાન સહ-આરોપી તરીકે વજુલ કમર અબુલ વફા ઉર્ફે પપ્પુ ચૌધરીનું નામ સામે આવ્યું હતું. મુંબઈ પોલીસે જ્યારે આ આરોપીની અટકાયત કરીને સઘન પૂછપરછ કરી, ત્યારે તેણે પોતે નર્મદા જિલ્લાના નાંદોદના વરખડ ગામે સુધીર મનુભાઈ પટેલના ઘરે રહેતો હોવાની કબૂલાત કરી હતી. આ મહત્વની કડી મળતા જ મુંબઈ પોલીસની ટીમ તાત્કાલિક તપાસ માટે નર્મદા આવી પહોંચી હતી. મુંબઈ પોલીસની ટીમ આમલેથા પોલીસ સ્ટેશન ખાતે પહોંચી હતી અને સ્થાનિક પોલીસ તેમજ નર્મદા એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ટીમોને સાથે રાખીને વરખડ ગામે સુધીર પટેલના ઘરે સંયુક્ત રેઈડ પાડી હતી. આ બંધ મકાનમાં પોલીસે અંદાજે ૧૫ કલાકથી પણ વધુ સમય સુધી ઝીણવટભરી તપાસ અને સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ ઘરની ઝડતી લેતા અંદરથી જુદા-જુદા પ્રકારના શંકાસ્પદ રસાયણો અને કેમિકલનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક તબક્કે આ કરોડો રૂપિયાનો કોઈ નશાકારક પદાર્થ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું, જેના કારણે સમગ્ર પંથકમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

# ડભોઇ તાલુકાના પણાસીલી ગામ પાસે વઢવાણા કેનાલ બિસ્માર : લાખો રૂપિયાની ગ્રાન્ટ કાગળ પર

ડભોઇ, ફઝલ રઝાક ખત્રી

ચોમાસાના આગમનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ડભોઈ તાલુકાના પણાસીલી ગામ પાસેથી પસાર થતી વઢવાણા કેનાલના વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. કેનાલમાં એટલી હદે કચરો, ઘાસચારો અને ગાંડા બાવળો ઊગી નીકળ્યા છે કે કેનાલનું અસ્તિત્વ ઓળખવું પણ મુશ્કેલ બન્યું છે. તંત્રની આ નિષ્કાળજીને કારણે સ્થાનિક ખેડૂતોમાં વ્યાપક આક્રોશ જોવા મળી રહ્યો છે.



સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, દર વર્ષે ઉનાળાની ઋતુમાં કેનાલની સાફ-સફાઈ અને રિપેરિંગ માટે સરકાર તરફથી લાખો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે ચોમાસું માથે હોવા છતાં હજી સુધી સફાઈનું કોઈ જ કામ શરૂ કરવામાં આવ્યું નથી. કેનાલ હાલમાં ઝાડી-ઝાંખરાથી સંપૂર્ણપણે ઢંકાઈ ગઈ છે, જેને પગલે ખેડૂતો સવાલ ઉઠાવી રહ્યા છે કે ગ્રાન્ટના નાણાં આખરે ગયા ક્યાં? શું સાફ-સફાઈના પૈસા માત્ર કાગળ પર જ બતાવીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે?

ચોમાસા આડે હવે માંડ ૨૦ થી ૨૫ દિવસ જેટલો સમય બાકી રહ્યો છે. જો આ ટૂંકા ગાળામાં કેનાલની સફાઈ કરવામાં નહીં આવે, તો વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ઊભો થશે. જેના કારણે કેનાલ ઓવરફ્લો થઈને આજુબાજુના ખેતરોમાં પાણી ફરી વળશે અને પાક સંપૂર્ણ નષ્ટ થઈ જશે. તંત્રના પાપે ખેડૂતોને ચોમાસામાં પૂર અને ઉનાળામાં સિંચાઈના પાણીની તંગી એમ બંને ઋતુમાં મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવશે. ખેડૂતોની માંગ છે કે અધિકારીઓ કુંભકર્ણ નિદ્રામાંથી જાગે અને ચોમાસું બેસે તે પહેલાં યુદ્ધના ધોરણે વઢવાણા કેનાલનું સફાઈ કામ શરૂ કરાવે.

### રાજુલા પોલીસની તપાસમાં થયો મોટો ખુલાસો

# વાગરાના ગંધાર ગામના મીઠાના અગરમાંથી 4 કિંમતી વાહનો ઝડપાયા

ભરૂચ, રંગુની જાકીર

અમરેલી જિલ્લાના રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર આર. એલ. રાઠોડ દ્વારા વાગરા પોલીસ સ્ટેશનના અમલદાર જોગ એક વિનંતી રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં વાહનોની ગેરકાયદેસર ઉઠાંતરી અને છેતરપિંડી અંગેનો એક મોટો મામલો સામે આવ્યો છે. રાજુલાના અરજદાર બિપિનભાઈ મુળશંકરભાઈ ઓઝાએ નોંધાવેલી અરજીના આધારે રાજુલા પોલીસની ટીમે વાગરા તાલુકાના ગંધાર ગામે આવેલા મીઠાના અગરમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ત્યાંથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલા બે ટ્રેક્ટર, એક હિટાચી



મશીન અને એક હાઈવા ડમ્પર મળી કુલ ૪ કિંમતી વાહનો મળી આવ્યા છે. મળતી માહિતી મુજબ, અરજદાર બિપિનભાઈ ઓઝાએ રાજુલાના પ્રતાપભાઈ ભોળાભાઈ બાંભણિયા સાથે ભાગીદારીમાં ધંધો શરૂ કરવા માટે પોતાની સારી સિબિલના આધારે ડાઉન પેમેન્ટ ભરીને આ વાહનો ખરીદ્યા હતા. અને પ્રતાપભાઈના ગંધાર ખાતેના મીઠાના અગરમાં મૂક્યા હતા. સને ૨૦૨૪ માં પ્રતાપભાઈનું અવસાન થતાં, તેમનો આ ધંધો તેમના કૌટુંબિક ભાઈ અશોકભાઈ મનસુખભાઈ બાંભણિયા સંભાળતા હતા. અરજદારના જણાવ્યા અનુસાર, અશોકભાઈએ વાહનોનું ભાડું આશરે 85,00,000 ચૂકવ્યું ન હતું. અને વાહનોનો કબજો પણ ગેરકાયદેસર રીતે પોતાની પાસે રાખીને છેતરપિંડી આચરી હતી.રાજુલા પોલીસે ગંધાર ગામના મીઠાના અગર પર દરોડો પાડીને વિનુભાઈ ભુપતભાઈ બાંભણિયાના કબજામાંથી મહિન્દ્રા કંપનીના બે લાલ કલરના યુવો ૪૧૫ મોડલના ટ્રેક્ટરો અને ટાટા કંપનીનું હિટાચી મશીન (EX-130 મોડલ) અને એક ટાટા કંપનીનું હાઈવા ડમ્પર કબજે કર્યા છે.

# ડભોઈ સહિત સમગ્ર ગુજરાતમાં બકરી ઈદની ભક્તિભાવપૂર્વક ઉજવણી

ડભોઈ, ફઝલ રઝાક ખત્રી

પવિત્ર ઈસ્લામી મહિનાના ૧૦ જીલહજ એટલે કે ઈદ-ઉલ-અદહા (બકરી ઈદ)ની ડભોઈ શહેર અને તાલુકા સહિત સમગ્ર ગુજરાતમાં ભવ્ય અને શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. ડભોઈના મુસ્લિમ બિરાદરોએ વહેલી સવારે રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી ઈદગાહ મેદાન તેમજ શહેરની વિવિધ મસ્જિદોમાં નમાજ પઢી દેશમાં અમન, ચમન, શાંતિ અને ભાઈચારો જળવાઈ રહે તેવી ખાસ દુઆ ગુજારી હતી. ત્યારબાદ કુરબાનીની રસમ અદા કરી એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

મુખ્ય નમાજ સવારે ૭:૧૫ કલાકે ઈદગાહ મેદાન ખાતે મૌલાના અનવર અશરફી દ્વારા પઢાવવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે હજરત ઈબ્રાહીમ અલયહી સલામ અને તેમના પુત્ર હજરત ઈસ્માઈલ અલયહી સલામની ઐતિહાસિક કુરબાનીનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, ઈદના ખુશીના પ્રસંગે કોઈની પણ લાગણી દુભાય તેવા કાર્યો કરવા નહીં તેમજ જાહેર સ્થળો પર કુરબાનીના અવશેષો ફેંકવા નહીં. શહેરની જુમ્મા મસ્જિદ સહિત અન્ય મસ્જિદોમાં પણ સવારે ૬:૪૫ થી ૭:૩૦ વાગ્યાની આસપાસ નમાજ સંપન્ન થઈ હતી.


# જંબુસરનો 10 વર્ષથી અધૂરો બ્રિજ, પિલરો જર્જરિત : અધિકારીએ કહ્યું, બ્રિજને કંઈ નહીં થાય

## માજી ધારાસભ્યએ સ્થળ તપાસ બાદ ગુણવત્તા અને સુરક્ષા પર સવાલ ઉઠાવ્યા

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર તાલુકાના ડોલીયા ગામ નજીક ડોલીયાથી દેણવા ગામને જોડતો બ્રિજ છેલ્લા દસ વર્ષથી નિર્માણાધીન છે, પરંતુ હજુ પૂર્ણ થયો નથી. કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા આ બ્રિજના નીચેના પિલરો જર્જરિત હાલતમાં જોવા મળ્યા છે, જેના કારણે સ્થાનિકોમાં ચિંતા અને રોષ વ્યાપ્યો છે.

જંબુસરના માજી ધારાસભ્ય કિરણભાઈ મકવાણાએ સ્થળ તપાસ કરી હતી. તેમની મુલાકાત દરમિયાન, બ્રિજના કેટલાક પિલરોમાં તિરાડો, સિમેન્ટના ભાગો ઉખડી ગયેલા અને જર્જરિત સ્થિતિ સ્પષ્ટપણે જોવા મળ્યા હતા. બ્રિજ હજુ જનતા માટે ખુલ્લો મુકાયો નથી ત્યારે તેની આવી હાલત સામે આવતા કામની ગુણવત્તા અંગે ગંભીર સવાલો ઉભા થયા છે.



વધુમાં સ્થળ તપાસ દરમિયાન એક ચોંકાવનારી બાબત પણ સામે આવી હતી કે બ્રિજ પર કામ કરતા મજૂરો કોઈપણ પ્રકારની જરૂરી સુરક્ષા સુવિધા વગર જોખમી પરિસ્થિતિમાં કામ કરી રહ્યા હતા. કામદારોને હેલ્મેટ, સેફ્ટી શુઝ, સેફ્ટી બેલ્ટ જેવા જરૂરી સુરક્ષા સાધનો પૂરા પાડવામાં આવતા ન હોવાના આક્ષેપો થયા છે ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ બ્રિજ પૂર્ણ થવાથી ડોલીયા, દેણવા અને આસપાસના અનેક ગામોના લોકોને અવરજવર માટે મોટી સુવિધા મળવાની હતી. પરંતુ વર્ષો વીતી જવા છતાં કામ પૂર્ણ ન થતાં લોકો હાલાકીનો સામનો કરી રહ્યા છે. બ્રિજની વર્તમાન જર્જરિત હાલત જોતા ભવિષ્યમાં તેની મજબૂતી અને સુરક્ષા અંગે પણ સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. માજી ધારાસભ્ય કિરણભાઈ મકવાણાએ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ ટેક્નિકલ તપાસ કરવાની માંગ કરી છે. તેમણે કામદારોની સુરક્ષા બાબતે કડક પગલાં લેવા અને બાંધકામની ગુણવત્તાની તાત્કાલિક ચકાસણી કરવાની પણ માંગ ઉઠાવી છે. તો R & B વિભાગના અધિકારી રોનક શાહને ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે, બ્રિજને કંઈ થાય નહીં અને આ પિલર ઓલર સ્લેબ છે.



શમિતાએ અગાઉ પણ સ્પષ્ટ કર્યું છે કે તે માત્ર લગ્ન કરવાના નામે કોઈની પણ સાથે લગ્ન કરવા માંગતી નથી

# લગ્ન-ઉંમરના કારણે ટ્રોલ થઇ શમિતા શેટ્ટી, યુઝર્સની ક્લાસ લેતાં એક્ટ્રેસે કહ્યું- મેરેજ કરીને તમે શું ઉખાડી લીધું

મુંબઇ

શિલ્પા શેટ્ટીની બહેન અને એક્ટ્રેસ શમિતા શેટ્ટીએ સોશિયલ મીડિયા પર પોતાની ઉંમર અને લગ્નને લઈને ટિપ્પણી કરનારા ટ્રોલર્સને જડબાતોડ જવાબ આપ્યો છે. ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર એક સ્ક્રીનશોટ શેર કરતા શમિતાએ તે લોકો પર નિશાન સાધ્યું જે સિંગલ મહિલાઓને એજ-શેમ કરે છે. 47 વર્ષીય શમિતાએ કહ્યું કે તે લગ્ન કરવાની કોઈ ઉતાવળમાં નથી અને પોતાની જિંદગીમાં ખૂબ જ ફિટ અને ખુશ છે. તેણે ટ્રોલર્સની પુરુષ-પ્રધાન અને પછાત વિચારસરણી પર વાંધો ઉઠાવતા તેમને તરત જ અનફોલો કરવાની સલાહ આપી છે. કોમેન્ટ કરનારને કહ્યું- બદલાવ કુદરતી છે શમિતા શેટ્ટીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક ટ્રોલરની પોસ્ટનો સ્ક્રીનશોટ શેર કર્યો. તેમાં યુઝરે લખ્યું હતું કે તમારી ઉંમર થઈ ગઈ છે અને હવે પહેલા જેવી વાત નથી રહી. આના પર પ્રતિક્રિયા આપતા શમિતાએ લખ્યું, ’હા, હું હવે અલગ દેખાઈશ.

સમયની સાથે વસ્તુઓ બદલાય છે અને આ જીવનનો કુદરતી નિયમ છે. શારીરિક બનાવટ સહિત કંઈપણ હંમેશા માટે એક જેવું રહેતું નથી. પરંતુ પોતાની ઉંમર પ્રમાણે હું સંપૂર્ણપણે સ્વસ્થ, ફિટ અને ખુશ છું. મારા માટે ફક્ત આ જ મહત્વનું છે.’ ’લગ્ન કરીને તમે શું ઉખાડી લીધું’ યુઝરે શમિતાના લગ્નને લઈને પણ ટિપ્પણી કરી હતી કે જો સમયસર લગ્ન કરી લીધા હોત તો આજે બાળકો મોટા થઈ ગયા હોત. આના પર શમિતાએ તીખો પલટવાર કરતા પૂછ્યું, ’તો? તમે લગ્ન કરીને શું ઉખાડી લીધું છે ભાઈ? સૌથી જરૂરી વાત એ છે કે તમે લોકો સિંગલ મહિલાઓને ફોલો જ કેમ કરો છો? ફક્ત એટલા માટે કે તેમને એજ-શેમ કરી શકો અને તેમના પર તમારી પુરુષ-પ્રધાન અને આદિમાનવ જેવી પછાત વિચારસરણી થોપી શકો? કૃપા કરીને મારા પર એક અહેસાન કરો અને મને તરત જ અનફોલો કરી દો.’ મોટી બહેન શિલ્પા શેટ્ટી સાથે થાય છે સરખામણી શમિતા શેટ્ટીની મોટી બહેન અને બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી 50 વર્ષની છે. શિલ્પા પરણિત છે અને તેમને 14 વર્ષનો એક પુત્ર છે. શમિતાએ અગાઉ પણ ઘણા ઈન્ટરવ્યૂમાં સ્પષ્ટ કર્યું છે કે તે માત્ર લગ્ન કરવાના નામે કોઈની પણ સાથે લગ્ન કરવા માંગતી નથી. તે યોગ્ય સમય અને યોગ્ય જીવનસાથીની રાહ જોવામાં વિશ્વાસ રાખે છે અને પોતાની સિંગલ લાઈફને સંપૂર્ણપણે માણી રહી છે.

**માધુરીનો અલગ અંદાજ આ ફિલ્મમાં જોવા મળશે. તેમણે દમદાર અભિયન કર્યું**

# પ્રીટિ ઝિન્ટાનો PBKS ફેન્સ માટે ઇમોશનલ મેસેજ

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને, પ્રીટિએ સીઝનના ઉતાર-ચઢાવ ભરી સફરમાં ટીમનો સાથ આપવા બદલ સમર્થકોનો આભાર વ્યક્ત કર્યો



મુંબઇ

પંજાબ કિંગ્સ (PBKS) IPL 2026ના પ્લેઓફમાંથી બહાર થયા પછી, ટીમની કો-ફાઉન્ડર અને એક્ટ્રેસ પ્રીટિ ઝિન્ટાએ ચાહકો માટે એક ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ શેર કરીને, પ્રીટિએ સીઝનના ઉતાર-ચઢાવ ભરી સફરમાં ટીમનો સાથ આપવા બદલ સમર્થકોનો આભાર વ્યક્ત કર્યો. પંજાબ કિંગ્સ આ સીઝનમાં 15 પોઈન્ટ્સ સાથે પાંચમા સ્થાને રહી અને માત્ર એક પોઈન્ટના અંતરથી પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને ચોથું સ્થાન મેળવ્યું અને પંજાબને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધું હતું. પ્રીટિ ઝિન્ટાએ સોશિયલ મીડિયા પર આભાર વ્યક્ત કર્યો પ્રીટિ ઝિન્ટાએ X પોસ્ટમાં લખ્યું કે IPL 2026ની આ ઉતાર-ચઢાવ ભરી સફરમાં અમારી સાથે મજબૂતીથી ઊભા રહેવા બદલ પંજાબ કિંગ્સના તમામ ચાહકોનો ખૂબ ખૂબ આભાર. સારા અને ખરાબ સમયની વચ્ચે તમારા બધાના પ્રેમથી આ સફર વધુ પૂર્ણ બની. ફરી મળીએ ત્યાં સુધી મારો તમામ પ્રેમ અને શુભેચ્છાઓ. પ્રીટિએ આ પોસ્ટ સાથે પોતાની સિગ્નેચર સ્ટાઈલમાં હેશટેગ ટિંગ (★Ting) પણ લખ્યું. તેની આ પોસ્ટ પર ચાહકો સતત પ્રતિક્રિયા આપી રહ્યા છે અને ટીમના પ્રદર્શનની પ્રશંસા કરી રહ્યા છે. પહેલા હાફમાં નંબર-1 પર રહી હતી ટીમ વર્ષ 2025માં રનર-અપ રહેલી પંજાબ કિંગ્સને આ સિઝનની શરૂઆતમાં જીતની મોટી દાવેદાર માનવામાં આવી રહી હતી. ટુર્નામેન્ટના પહેલા હાફમાં ટીમનું પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું. પંજાબે સતત પોતાની પ્રથમ છ મેચ જીતી. ટીમે છ જીત અને એક અનિર્ણિત મેચ સાથે સતત સાત મેચો સુધી અજેય રહેવાનો રેકોર્ડ બનાવ્યો. પંજાબ કિંગ્સ 13 પોઈન્ટ્સ સાથે લગભગ એક મહિના સુધી પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને જળવાઈ રહી. સતત છ હારને કારણે રમત બગડી ટુર્નામેન્ટના બીજા હાફમાં ટીમ પોતાની લય જાળવી શકી નહીં. ખરાબ વ્યૂહાત્મક નિર્ણયો અને મેચ દરમિયાન કેચ છૂટી જવાને કારણે પંજાબ કિંગ્સનું પ્રદર્શન સતત ઘટતું ગયું.

# કાન્સમાં ચમક્યા દીપક તિજોરી, જીત્યો બેસ્ટ એક્ટરનો એવોર્ડ

## જાહ્વી કપૂરની નાની બહેન ખુશી હાલમાં ગ્રીસમાં સમર વેકેશન એન્જોય કરી રહી છે. તેવામાં ખુશીનો બોલ્ડ બિકિની લુક વાયરલ થઇ રહ્યો છે. ખુશીએ ધોમધખતા તાપથી રાહત મેળવવા મેડિટેરિનિયન સીમાં ડુબકી લગાવી હતી

મુંબઇ

૭૦ના દાયકાના જાણીતા બોલિવૂડ એક્ટર દીપક તિજોરીએ આંતરરાષ્ટ્રીય મંચ પર એક મોટી સિદ્ધિ પોતાના નામે કરી છે. ફ્રાન્સમાં યોજાયેલા ફ્રેન્ચ રિવિએરા ફિલ્મ ફેસ્ટિવલમાં દીપક તિજોરીને ‘બેસ્ટ એક્ટર’ના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તેમને આ પ્રતિષ્ઠિત સન્માન ડાયરેક્ટર જો રાજનના નિર્દેશનમાં બનેલી અંગ્રેજી શોર્ટ ફિલ્મ ‘Echoes Of Us’ માં શાનદાર અને દમદાર એક્ટિંગ કરવા બદલ મળ્યું છે. હવે કમર્શિયલ બોલિવૂડ સિનેમાથી અલગ થઈને ઈન્ડિપેન્ડન્ટ અને વૈશ્વિક સ્તરની ફિલ્મોમાં નસીબ અજમાવી રહેલા દીપક તિજોરીના કરિયર માટે આ એવોર્ડ એક મોટો માઈલસ્ટોન સાબિત થશે. દીપક તિજોરીની આ સફરમાં સૌથી રસપ્રદ વાત એ છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે આ તેમનો પહેલો એવોર્ડ નથી. સામે આવેલા અહેવાલો મુજબ, કોઈ અંગ્રેજી ભાષાની શોર્ટ ફિલ્મ માટે દીપક તિજોરીનો આ કુલ ૨૧મો ‘બેસ્ટ એક્ટર’ એવોર્ડ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેમણે સતત એવા પ્રોજેક્ટ્સ અને ઈન્ટરનેશનલ ડાયરેક્ટર્સ સાથે કામ કરવાનું પસંદ કર્યું છે જે રૂટિન સિનેમાથી તદ્દન અલગ હોય. આ જ કારણે આજે ગ્લોબલ ફિલ્મ ફેસ્ટિવલ સર્કિટમાં તેમણે એક કલાકાર તરીકે પોતાની મજબૂત ઓળખ બનાવી લીધી છે. શોર્ટ ફિલ્મ ‘Echoes Of Us’ માત્ર દીપક તિજોરીના એવોર્ડના કારણે જ નહીં, પરંતુ પોતાની અનોખી વાર્તા માટે પણ ભારે ચર્ચામાં છે. આ ફિલ્મે અમેરિકા અને યુરોપના ઘણા મોટા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ્સમાં પહેલાથી જ ધૂમ મચાવી દીધી છે. ખાસ વાત એ છે કે આ શોર્ટ ફિલ્મ દ્વારા સલમાન ખાનની ખાસ મિત્ર યૂલિયા વંતૂરે પણ એક્ટિંગની દુનિયામાં પોતાનું પ્રથમ કદમ રાખ્યું છે. પોતાની મજબૂત સ્ક્રિપ્ટ અને કલાકારોના શાનદાર પર્ફોર્મન્સના જોરે આ ફિલ્મ દુનિયાભરમાં ક્રિટિક્સની વાહવાહી મેળવી રહી છે. અભિનેત્રી પૂજા બત્રા (Pooja Batra) દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલી આ શોર્ટ ફિલ્મનું ઓફિશિયલ સ્ક્રીનિંગ કાન્સ ફેસ્ટિવલ સીઝન દરમિયાન 14 મે, 2026 ના રોજ ‘Palais C’ ખાતે રાખવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ફ્રેન્ચ રિવિએરા ફિલ્મ ફેસ્ટિવલ મુખ્ય કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની લાઈનઅપથી થોડો અલગ છે, પરંતુ દુનિયાભરની શોર્ટ ફિલ્મો અને નવા ફિલ્મમેકર્સને પ્રોત્સાહન આપવા માટે આ ફેસ્ટિવલનું વૈશ્વિક સ્તરે બહુ મોટું નામ છે.





# માલદીવમાં મલાઇકા અરોરાના બોલ્ડ લુકે જીત્યું ફેન્સનું દિલ

## મલાઇકા અરોરા તેની ફિટનેસનું ખૂબ ધ્યાન રાખે છે અને વારંવાર સોશિયલ મીડિયા પર કંઇક પોસ્ટ કરે છે, આ વખતે પણ, અભિનેત્રીએ કેટલીક ખાસ તસવીરો પોસ્ટ કરી છે

માલે

અભિનેત્રી મલાઈકા અરોરા સોશિયલ મીડિયા પર તેના ચાહકોમાં તેની ફિટનેસ અને સ્વાસ્થ્ય સંબંધિત સામગ્રી માટે સમાચારમાં રહે છે. અભિનેત્રી વારંવાર સોશિયલ મીડિયા પર કંઈક અથવા બીજું શેર કરે છે. મલાઈકા અરોરા તેની ફિટનેસનું ખૂબ ધ્યાન રાખે છે અને વારંવાર સોશિયલ મીડિયા પર કંઈક પોસ્ટ કરે છે. આ વખતે પણ, અભિનેત્રીએ કેટલીક ખાસ તસવીરો પોસ્ટ કરી છે. મલાઈકા તાજેતરમાં ઉનાળાની ગરમીથી બચવા માટે માલદીવની યાત્રા કરી હતી.

તેણીએ સોશિયલ મીડિયા પર તેના ખાસ વેલનેસ વેકેશનના ફોટા શેર કર્યા છે, જ્યાં તે મજા કરતી જોઈ શકાય છે. ફોટામાં, મલાઈકા પાણીમાં તરતી જોવા મળે છે. તે સ્ટાઈલિશ ગુચી સ્વિમિંગ કોસ્ચ્યુમમાં સમુદ્રના ઊંડાણમાં ફરતી જોઈ શકાય છે. મલાઈકા હંમેશા તેના આહારનું ખાસ ધ્યાન રાખે છે અને ઓર્ગેનિક ફૂડ વસ્તુઓ ખાવાનું પસંદ કરે છે. તેણીએ ચાહકો સાથે તેની ખાસ સલાડ પ્લેટની એક ઝલક શેર કરી. પોતાની હેલ્થનું ખાસ ધ્યાન રાખતા, અભિનેત્રી ધ્યાન કરતી, સાયકલ ચલાવતી અને બોડી મસાજ કરાવતી પણ જોવા મળી. ચાહકો દ્વારા તેના ફોટા ખૂબ જ પસંદ કરવામાં આવી રહ્યા છે. નોંધનીય છે કે અભિનેત્રી મલાઈકા અરોરા સોશિયલ મીડિયા પર તેના ચાહકોમાં તેની ફિટનેસ અને સ્વાસ્થ્ય સંબંધિત સામગ્રી માટે સમાચારમાં રહે છે. અભિનેત્રી વારંવાર સોશિયલ મીડિયા પર કંઈક અથવા બીજું શેર કરે છે. મલાઈકા અરોરા તેની ફિટનેસનું ખૂબ ધ્યાન રાખે છે અને વારંવાર સોશિયલ મીડિયા પર કંઈક પોસ્ટ કરે છે. આ વખતે પણ, અભિનેત્રીએ કેટલીક ખાસ તસવીરો પોસ્ટ કરી છે. મલાઈકા તાજેતરમાં ઉનાળાની ગરમીથી બચવા માટે માલદીવની યાત્રા કરી હતી. તેણીએ સોશિયલ મીડિયા પર તેના ખાસ વેલનેસ વેકેશનના ફોટા શેર કર્યા છે, જ્યાં તે મજા કરતી જોઈ શકાય છે. ફોટામાં, મલાઈકા પાણીમાં તરતી જોવા મળે છે. તે સ્ટાઈલિશ ગુચી સ્વિમિંગ કોસ્ચ્યુમમાં સમુદ્રના ઊંડાણમાં ફરતી જોઈ શકાય છે.

# કુણાલ કોહલીએ કહ્યું-રણવીર સિંહ ફરી ફ્લોપ ફિલ્મ કરી શકે છે: ફ્લોપ ફિલ્મોથી સ્ટારડમ ઓછું નથી થતું

બેંગલુરુ

ફિલ્મ ડિરેક્ટર કુણાલ કોહલીએ એક્ટર રણવીર સિંહની ફિલ્મોના ફ્લોપ પર્ફોર્મન્સ અને બોક્સ ઓફિસના દબાણ પર ખુલીને વાત કરી છે. NDTVને આપેલા ઈન્ટરવ્યુમાં કુણાલે કહ્યું કે રણવીર સિંહ આગળ પણ હિટ ફિલ્મો આપશે અને તે ફરીથી ફ્લોપ ફિલ્મ પણ આપી શકે છે, તેમાં કોઈ મોટી વાત નથી. કુણાલના મતે, દુનિયાનો કોઈ પણ મોટો સ્ટાર ફ્લોપ ફિલ્મોથી બચી શકતો નથી. તેણે દર્શકોને અપીલ કરી કે કોઈ પણ કલાકારના ટેલેન્ટને ફક્ત ફિલ્મના હિટ કે ફ્લોપ થવાથી નક્કી ન કરો. ફ્લોપ ફિલ્મ આપવી કોઈ મોટી વાત નથી કુણાલ કોહલીએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને દર્શકોના વલણ પર વાત કરી. તેણે કહ્યું કે જ્યારે કોઈ સ્ટારની ફિલ્મ ચાલતી નથી, ત્યારે લોકો જરૂરિયાત કરતાં વધુ પ્રતિક્રિયા આપવા લાગે છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કોઈ એવો સુપરસ્ટાર નથી જેની કોઈ ફિલ્મ ફ્લોપ ન થઈ હોય. દરેક એક્ટર, પ્રોડ્યુસર અને ડિરેક્ટરના જીવનમાં આવો સમય આવે છે. એક ફ્લોપ ફિલ્મ કોઈ કલાકારની કાબિલિયત નક્કી કરી શકતી નથી. રણવીર સિંહ ફરીથી હિટ ફિલ્મ આપશે અને તે ફરીથી ફ્લોપ ફિલ્મ પણ આપી શકે છે. આ બધું ફિલ્મ બિઝનેસનો ભાગ છે, તેને લઈને વધુ પરેશાન થવાની જરૂર નથી. બોક્સ ઓફિસ પરથી જજ કરવું એ દર્શકોની નબળાઈ છે રણવીર સિંહના એક્ટિંગની પ્રશંસા કરતા કુણાલે કહ્યું કે તે એક શાનદાર એક્ટર છે. ફિલ્મ ’ધુરંધર’માં તેમણે કેટલાક દ્રશ્યોમાં ઉત્તમ કામ કર્યું છે. એટલું જ નહીં, રણવીરે એવી ફિલ્મોમાં પણ શાનદાર અભિનય કર્યો છે જે બોક્સ ઓફિસ પર સફળ રહી ન હતી. કુણાલે દર્શકોને સલાહ આપતા કહ્યું કે માત્ર ટિકિટોના વેચાણ પરથી કોઈના કામનો નિર્ણય કરવો એ ફિલ્મ જોનારાઓની નબળાઈ દર્શાવે છે. દર્શકોએ આ વિચારથી આગળ વધીને ફિલ્મની વાર્તા અને પ્રદર્શન પર ધ્યાન આપવું જોઈએ. આ પહેલા રિલીઝ સમયે કુણાલ ધુરંધર 2 ને સમર્થન આપ્યું હતું. તેણે જણાવ્યું કે ફિલ્મના રિલીઝ પહેલા ઈન્ડસ્ટ્રીના ઘણા મોટા નિર્દેશકોનું માનવું હતું કે આ ફિલ્મ ફ્લોપ થઈ જશે. કુણાલ કોહલીએ સ્ક્રીન સાથેની વાતચીતમાં કહ્યું કે જ્યારે ફિલ્મ રિલીઝ થવાની હતી, ત્યારે તેણે ઘણા મોટા નિર્દેશકો સાથે વાત કરી હતી. કુણાલ મુજબ, ઈન્ડસ્ટ્રીએ આ ફિલ્મને સપોર્ટ કર્યો ન હતો.



## મને ખ્યાલ નહોતો કે હું ગેલનો રેકોર્ડ તોડીશ, મારે બસ ટીમ માટે જ રમવું હતું

# મારું ધ્યાન માત્ર ટીમને ટ્રોફી જીતાડવા પર છે: વૈભવ સૂર્યવંશી

રાંચી

રાજસ્થાનના ઓપનર વૈભવ સૂર્યવંશીએ બુધવારે IPLના એલિમિનેટરમાં હૈદરાબાદ સામે 29 બોલમાં 97 રન બનાવ્યા. તે IPL ઈતિહાસમાં સૌથી ઝડપી સદી ફટકારવાના ક્રિસ ગેલ (30 બોલ)ના રેકોર્ડથી ચૂકી ગયો. મેચ પછી વૈભવને પૂછવામાં આવ્યું કે શું તેને સૌથી ઝડપી સદીના રેકોર્ડ વિશે જાણકારી હતી. તેણે કહ્યું, 'મને આઉટ થયા પછી જ આ રેકોર્ડ વિશે ખબર પડી. તે સમયે મારું પૂરું ધ્યાન ફક્ત ટીમ માટે વધુમાં વધુ રન બનાવવા પર હતું. સદીઓ તો આગળ પણ બનતી રહેશે, પરંતુ અત્યારે અમારું પૂરું ધ્યાન એ વાત પર છે કે ટીમ માટે ટ્રોફી કેવી રીતે જીતવી.' વૈભવે કહ્યું, 'જ્યારે અમે જીતીએ છીએ ત્યારે અમે બસ તે જ સકારાત્મક અભિગમને આગળ વધારીએ છીએ અને આગામી મેચ પર




ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. અમારો પ્રયાસ આગામી મેચને પણ આ જ રીતે જીતીને ફાઈનલમાં પહોંચવાની છે.' વૈભવ સૂર્યવંશી આઠમી ઓવરમાં પ્રફુલ્લ હિંગેની બોલિંગ પર થર્ડ મેન પર કેચ આઉટ થયો. આ અંગે વૈભવે કહ્યું- 'હું સદી વિશે વિચારતો નહોતો. મેં મેદાન પર હાજર ફિલ્ડરોને જોયા પછી તે શોટ રમ્યો હતો, પરંતુ ટાઈમિંગ ખોટું થઈ ગયું. જો મેં બોલને સીધો થર્ડ મેન તરફ જવા દીધો હોત, તો તે સરળતાથી બાઉન્ડરીને પાર જતો રહ્યો હોત.'

વૈભવની 4 ખાસ વાતોતેને પૂછવામાં આવ્યું કે શું તેમના મનમાં એ વાત હતી કે આ મોટી નોકઆઉટ મેચ છે. તેણે કહ્યું, 'હા, આ વાત મારા મનમાં ક્યાંક ને ક્યાંક ચોક્કસ હતી. વૈભવે જણાવ્યું- મેચ પહેલાં બધા કોચે મને કહ્યું હતું કે મેં નેટ પ્રેક્ટિસ દરમિયાન જે કંઈ પણ કર્યું છે, બરાબર તેવું જ મેદાન પર કરવું. મને ગેમ એન્જોય કરવા અને વધારાનું પ્રેશર ન લેવાની સલાહ આપી હતી. વૈભવે કહ્યું કે ટીમ આનાથી મોટો સ્કોર બનાવી શકતી હતી.

મારા આઉટ થયા પછી પણ મને એવું લાગી રહ્યું હતું કે આ પીચ પર 260થી વધુનો સ્કોર બનાવવો શક્ય હતો. વૈભવે તેની નિર્ભય બેટિંગની તૈયારી વિશે કહ્યું કે તે મેચ પહેલાં બોલરો, વિકેટ અને બાઉન્ડરીના કદ વિશે હોમવર્ક કરે છે. તેણે કહ્યું, 'હું ફક્ત ક્રિઝ પર પોઝિટિવ રહેવાનો પ્રયાસ કરું છું. જ્યારે તમે આવું કરો છો, ત્યારે બોલરો પોતે દબાણમાં આવી જાય છે. હું આ જ દબદબો જાળવી રાખવાનો પ્રયાસ કરું છું.' વૈભવ ભલે સદી ચૂકી ગયો હોય, પરંતુ તેણે એક સિઝનમાં સૌથી વધુ છગ્ગા મારવાનો ક્રિસ ગેલનો 14 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો. વૈભવના નામે આ સિઝનમાં 65 છગ્ગા થઈ ગયા છે. વિરોધી ટીમની યોજના પર વૈભવે કહ્યું, 'વિરોધી ટીમ શું યોજના બનાવી રહી છે, તે તેમનું કામ છે. હું ફક્ત મારી યોજના પર ધ્યાન કેન્દ્રિત કરું છું અને સામાન્ય ક્રિકેટ રમું છું.' સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ IPL 2026માંથી બહાર થઈ ગઈ છે. એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સે હૈદરાબાદને 47 રનથી હાર આપી દીધી છે. હવે 29 મેના રોજ ન્યૂ ચંદીગઢ ખાતે રમાનારી ક્વોલિફાયર-2 મેચમાં રાજસ્થાનનો સામનો ગુજરાત ટાઈટન્સ સામે થશે.

## હૈદરાબાદને હરાવી રાજસ્થાનની ક્વોલિફાયર-2માં એન્ટ્રી

મુંબઈ

આઈપીએલ-2026માં આજે એલિમિનેટર મેચમાં રાજસ્થાન રૉયલ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને હરાવીને ક્વૉલિફાયર-2માં એન્ટ્રી કરી લીધી છે. વૈભવ સૂર્યવંશી અને ધ્રુવ જુરેલની વિસ્ફોટ બેટિંગની મદદથી રાજસ્થાને 20 ઓવરમાં 8 વિકેટે 243 રન નોંધાવ્યા હતા, જેની સામે હૈદરાબાદની ટીમ 196 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. હવે ફાઈનલમાં એન્ટ્રી માટે રાજસ્થાનની ક્વોલિફાયર-2માં ગુજરાત સામે મેચ રમાશે. આ મેચ 29મીએ રમવાની છે. વૈભવની તોફાની બેટિંગ રાજસ્થાન રોયલ્સની ઈનિંગ્સ દરમિયાન ઓપનર વૈભવ સૂર્યવંશીએ તોફાની બેટિંગ કરીને માત્ર 29 બોલમાં 21 સિક્સ અને 5 ફોર ની મદદથી ધમાકેદાર 97 રન નોંધાવ્યા હતા, જોકે તેઓ માત્ર 3 રન માટે પોતાની સદી ચૂકી ગયા હતા. બીજા ઓપનર યશસ્વી જાયસ્વાલે 29 બોલમાં 4 ફોર ફટકારીને 29 રન બનાવ્યા હતા.

મિડલ ઓર્ડરમાં ધ્રુવ જુરેલે શાનદાર પ્રદર્શન કરતા 21 બોલમાં 3 સિક્સ અને 5 ફોરની મદદથી 50 રન એટલે કે અર્ધસદી ફટકારી હતી. કેપ્ટન રિયાન પરાગે 12 બોલમાં 2 સિક્સ અને 2 ફોર સાથે 26 રનનું યોગદાન આપ્યું હતું. લોઅર ઓર્ડરમાં ડોનોવન ફરેરાએ 9 બોલમાં 1 ફોર સાથે 12 રન, દાસુન શનાકાએ 3 બોલમાં 1 ફોર સાથે 5 રન અને જોફ્રા આર્ચરે 5 બોલમાં 1 ફોર સાથે 4 રન બનાવ્યા હતા. રવીન્દ્ર જાડેજા 9 બોલમાં 1 ફોર ફટકારીને 12 રને અણનમ રહ્યા હતા, જ્યારે નાન્દ્રે બર્ગરે 1 બોલમાં 1 રન બનાવ્યો હતો અને સુશાંત મિશ્રા 3 બોલમાં 1 રન બનાવીને અણનમ રહ્યા હતા. હૈદરાબાદ સામેની આ મેચમાં રાજસ્થાનના બેટ્સમેનોએ હૈદરાબાદના બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે પોતાની 4 ઓવરમાં સૌથી વધુ 64 રન લૂંટાવ્યા હતા Corporate અને તેને કોઈ સફળતા મળી ન હતી. આ સિવાય સાકિબ હુસૈને 4 ઓવરમાં 52 રન આપ્યા હતા.

### બે વાર પેરાલિમ્પિકમાં ગોલ્ડ જીતી ચૂક્યો છે

## પેરા જેવલિન થ્રોઅર સુમિતે પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

નવી દિલ્હી

પેરા જેવલિન થ્રોઅર સુમિત અંતિલે પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો. બુધવારે બેંગલુરુમાં તેણે 74.82 મીટરનો જેવલિન ફેંક્યો. સુમિતે આ પરાક્રમ આઠમી ઈન્ડિયન ઓપન પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મેન્સની જેવલિન થ્રો F64 સ્પર્ધામાં કર્યું. તેણે પાંચમા પ્રયાસમાં આ સિદ્ધિ હાંસલ કરી. એશિયન પેરા ગેમ્સમાં 73.29 મીટરનો થ્રો કર્યો હતો. સુમિતે પોતાનો જ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો. આ પહેલા તેણે 2023માં ચીનના હાંગઝોઉમાં યોજાયેલી એશિયન પેરા ગેમ્સમાં 73.29 મીટરનો થ્રો કર્યો હતો. આ વખતે તેણે પોતાના અગાઉના શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં 1.53 મીટર વધુ અંતર હાંસલ કર્યું. એશિયન ગેમ્સમાં પણ આનાથી વધુ સારું પ્રદર્શન કરશે- સુમિત




રેકોર્ડ બનાવ્યા પછી સુમિતે કહ્યું, વિચારતો હતો કે વર્લ્ડ રેકોર્ડ કેમ નથી તોડી શકતો. ઘણો સમય થઈ ગયો હતો, પણ આજે હું અહીં ફક્ત મારું પર્સનલ બેસ્ટ કરવા આવ્યો હતો. તેણે આગળ કહ્યું, મને ખુશી છે કે મેં મારો રેકોર્ડ 1.5 મીટર સુધાર્યો. આશા છે કે હું અને મારી ટીમ આવનારી પેરા એશિયન ગેમ્સમાં પણ આનાથી વધુ સારું પ્રદર્શન કરીશું. 7 વખત વર્લ્ડ રેકોર્ડ તોડી ચૂક્યો છે સુમિત અત્યાર સુધી સાત વખત વર્લ્ડ રેકોર્ડ તોડી ચૂક્યા છે. તેમણે જૂન 2019માં ઈટાલીમાં યોજાયેલી વર્લ્ડ પેરા એથ્લેટિક્સમાં 60.45 મીટરનો જેવલિન ફેંકીને પહેલો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. તે મુકાબલામાં તેમણે સિલ્વર મેડલ પણ જીત્યો હતો. આ પછી નવેમ્બર 2019માં દુબઈમાં યોજાયેલી વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં તેણે 62.88 મીટરનો થ્રો કર્યો.

## નોર્વે ચેસમાં પ્રજ્ઞાનંદાએ કાર્લસનને હરાવ્યો: ગુકેશ સતત બીજા રાઉન્ડમાં હાર્યો

### પ્રજ્ઞાનંદે ક્લાસિકલ મુકાબલામાં કાર્લસનને હરાવીને ત્રણ પોઈન્ટ્સ મેળવ્યા

મુંબઈ

ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદે નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં દુનિયાના નંબર-1 ખેલાડી મેગ્નસ કાર્લસનને હરાવીને મોટો અપસેટ સર્જ્યો. જ્યારે, વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશ સતત બીજા રાઉન્ડમાં હારી ગયો. આગળના રાઉન્ડમાં તેનો મુકાબલો મેગ્નસ કાર્લસન સાથે થશે.

પ્રજ્ઞાનંદે ક્લાસિકલ મુકાબલામાં કાર્લસનને હરાવીને ત્રણ પોઈન્ટ્સ મેળવ્યા. આ જીતથી તે 4.5 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને પહોંચી ગયો. વુમન્સ કેટેગરીમાં દિવ્યા દેશમુખે જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે. તે નંબર-2 પર છે. પ્રજ્ઞાનંદાએ નોર્વે ચેસમાં ક્લાસિકલ ફોર્મેટમાં કાર્લસનને બીજી વખત હરાવ્યો છે. તેણે 2024માં પણ પૂર્વ વર્લ્ડ ચેમ્પિયનને હરાવ્યો હતો. ભારતીય ખેલાડીએ કહ્યું કે મેચ ખૂબ જ નજીકની હતી અને ટાઈમ સ્ક્રેમ્બલમાં પરિણામ કોઈપણ તરફ જઈ શકતું હતું. સાત વખતના ચેમ્પિયન કાર્લસન છ ખેલાડીઓની પોઈન્ટ્સ ટેબલમાં 1.5 પોઈન્ટ્સ સાથે સૌથી નીચે છે. ગુકેશની મેચ 5 કલાક ચાલી, ફિરોઝા સામે હાર્યો બીજી તરફ, વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશનું ખરાબ ફોર્મ ચાલુ રહ્યું. ફ્રાન્સના અલીરેઝા ફિરોઝાએ તેને આર્માગેડન મુકાબલામાં હરાવીને 1.5 પોઈન્ટ્સ મેળવ્યા. લગભગ 5 કલાક સુધી ચાલેલો ક્લાસિકલ મુકાબલો ડ્રો રહ્યો, પરંતુ આર્માગેડનમાં ફિરોજાએ બાજી મારી લીધી. ઈજાગ્રસ્ત હોવા છતાં ફિરોઝા શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. મેચ પછી તે વ્હીલચેર અને મૂન બૂટમાં જોવા મળ્યો. તેણે સતત જીત નોંધાવીને 7.5 પોઈન્ટ્સ સાથે પોતાની




લીડ મજબૂત કરી લીધી. ગુકેશ 3.5 પોઈન્ટ્સ સાથે ચોથા સ્થાને છે. તેમને આ વર્ષે જાવોખિર સિંદારોવ સામે વર્લ્ડ ચેમ્પિયનશિપ મુકાબલો રમવાનો છે. દિવ્યા દેશમુખે અસાઉબાયેવાને હરાવી વુમન્સ કેટેગરીમાં ભારતની દિવ્યા દેશમુખે ટુર્નામેન્ટ લીડર બિબિસારા અસાઉબાયેવાને આર્માગેડનમાં હરાવીને ત્રીજી ટાઈબ્રેકર જીત નોંધાવી.

તે 4.5 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને પહોંચી ગઈ છે. જ્યારે કોનેરુ હમ્પી અન્ના મુઝીચુક સામે હારીને બે પોઈન્ટ્સ સાથે છેલ્લા સ્થાને છે. ચેસમાં આર્માગેડન એક 'સડન-ડેથ' ટાઈ-બ્રેકર ગેમ હોય છે, જેનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે કોઈ ટુર્નામેન્ટ કે મેચ ડ્રો થઈ જાય અને પરિણામ કાઢવું જરૂરી હોય. આમાં ડ્રોની કોઈ શક્યતા હોતી નથી. ચેસમાં આર્માગેડન એક 'સડન-ડેથ' ટાઈ-બ્રેકર ગેમ હોય છે, જેનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે કોઈ ટુર્નામેન્ટ કે મેચ ડ્રો થઈ જાય અને પરિણામ કાઢવું જરૂરી હોય. આમાં ડ્રોની કોઈ શક્યતા હોતી નથી.




### કંપનીઓ પર કાચા માલના ખર્ચનું દબાણ

## ખાવા-પીવાની વસ્તુઓ અને પર્સનલ કેર પ્રોડક્ટસ મોંઘા થશે

મુંબઈ

આવનારા દિવસોમાં રોજિંદા વપરાશની આવશ્યક વસ્તુઓ મોંઘી થઈ શકે છે. સિસ્ટમેટિક્સ રિસર્ચના રિપોર્ટ અનુસાર, કાચા માલની વધતી કિંમતોને કારણે કંપનીઓ સતત મોંઘવારીના દબાણ હેઠળ છે, જેના કારણે તેઓ પોતાની પ્રોડક્ટ્સના ભાવ વધારી શકે છે. છેલ્લા બે મહિનામાં 3 થી 7% સુધી ભાવ વધી ચૂક્યા છે રિપોર્ટમાં જણાવાયું છે કે અલગ-અલગ કેટેગરીની કંપનીઓએ છેલ્લા એકથી બે મહિનામાં જ પોતાની પ્રોડક્ટ્સની કિંમતોમાં સરેરાશ 3% થી 7% સુધીનો વધારો કર્યો છે. તેનું મુખ્ય કારણ એ છે કે કંપનીઓની રો મટિરિયલ બાસ્કેટની કિંમતમાં સરેરાશ લગભગ 10% નો વધારો થયો છે. રિટેલ મોંઘવારી વધીને 3.48% પર



પહોંચી એપ્રિલની રિટેલ મોંઘવારી વધીને 3.48% પર પહોંચી ગઈ છે. આ પહેલા માર્ચમાં તે 3.40% હતી. મોંઘવારી વધવાનું સૌથી મોટું કારણ ખાવા-પીવાની વસ્તુઓના ભાવમાં વધારો થવો છે. ફૂડ ઈન્ફ્લેશન એપ્રિલમાં વધીને 4.20% પર પહોંચી ગયું. માર્ચમાં આ આંકડો 3.87% હતો. કંપનીઓ કિંમત વધારવાની સાથે વજન ઘટાડી શકે છે ઈનપુટ કોસ્ટમાં થયેલા આ વધારાની ભરપાઈ કરવા માટે કંપનીઓ કિંમતો વધારવાની સાથે-સાથે 'ગ્રામ કટ' એટલે કે પેકેટનું વજન ઘટાડવાનો રસ્તો પણ અપનાવી શકે છે. પામ ઓઈલ, ક્રૂડ અને પેકેજિંગ કોસ્ટ વધી રિપોર્ટ અનુસાર, કેટલીક ખાસ કેટેગરીમાં ખર્ચ ખૂબ ઝડપથી વધ્યો છે: પેકેજિંગ મટિરિયલ (HDPE): શેમ્પૂની બોટલ, ડિટર્જન્ટ કન્ટેનર અને ફ્લેક્સિબલ પેકેજિંગમાં વપરાતા પ્લાસ્ટિક (HDPE) ની કિંમતો 56% સુધી વધી ગઈ છે. ફૂડ અને પામ ઓઈલ: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતો 32% સુધી ઉછળી ગઈ છે. જ્યારે પામ ઓઈલના ભાવમાં પણ 11%નો વધારો થયો છે. કંપનીઓના નફા અને માર્જિન પર અસર દેખાશે કાચા માલની આ મોંઘવારીની અસર માર્ચ ક્વાર્ટર (Q4FY26)માં જ દેખાવા લાગી હતી.

### જૂનમાં રિટેલ ફુગાવો વધી પાંચ ટકા થશે

## પેટ્રોલ, ડીઝલ અને સોના- ચાંદી પર આયાત શુલ્કમાં વધારાની અસર થશે

મુંબઈ

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો અને સોના અને ચાંદી પર આયાત શુલ્કમાં વધારો જૂન સુધીમાં રિટેલ ફુગાવાને લગભગ ૫% સુધી ધકેલી શકે છે. અર્થશાસ્ત્રીઓ માને છે કે રિઝર્વ બેંક વ્યાજ દરોમાં કોઈપણ ફેરફાર કરતા પહેલા પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે થોભો અને રાહ જુઓનો અભિગમ અપનાવશે. ૧૫ મેથી શરૂ થતા ૧૨ દિવસના સમયગાળામાં, પેટ્રોલના અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર નોંધપાત્ર વધારો થયો છે. અર્થશાસ્ત્રીઓના મતે, ઈંધણના ભાવમાં આ વધારો પરિવહન, સંગ્રહ અને થોડા અંશે વીજળી જેવા ક્ષેત્રોમાં ખર્ચમાં વધારો કરીને ફુગાવા પર સીધી અસર કરશે. વધુમાં, સરકારે ૧૩ મેના રોજ સોના અને ચાંદી પર આયાત શુલ્ક વધારીને ૧૫% કરીને કિંમતી ધાતુઓની બિન-આવશ્યક આયાતને રોકવાનો પ્રયાસ કરાયો હતો.




અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં સરેરાશ રૂા. ૭.૫ પ્રતિ લિટરનો વધારો રિટેલ ફુગાવામાં લગભગ ૦.૭૫% વધારો કરી શકે છે. રિટેલ ફુગાવો મે ૨૦૨૬માં ૪-૪.૫% અને જૂનમાં ૪.૫-૫% ની રેન્જમાં રહી શકે છે. તેમણે કહ્યું કે ફુગાવામાં આ વધારો ખર્ચ-આધારિત હોવાથી, રેપો રેટમાં ફેરફારની અસર મર્યાદિત હોઈ શકે છે. જો કે, જો ફુગાવો ૫% થી ઉપર વધે છે અને ઉપર તરફ વલણ દર્શાવે છે, તો કેન્દ્રીય બેંક દરમાં વધારો કરી શકે છે. જૂનમાં રિટેલ ફુગાવો ૪% થી ઉપર વધી શકે છે, પરંતુ રિઝર્વ બેંકના ૬% ના ઉચ્ચ-સ્તરના લક્ષ્યાંકમાં રહેવાની શક્યતા છે. અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ ૫ જૂને તેની બેઠકમાં તટસ્થ વલણ જાળવી રાખશે, બધા મુખ્ય નીતિ દરોને યથાવત રાખશે. જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત ફુગાવો એપ્રિલમાં ૮.૩% ની ૪૨ મહિનાની ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે ગ્રાહક ભાવ સૂચકાંક આધારિત રિટેલ ફુગાવો ૩.૪૮% હતો. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે વર્તમાન અનિશ્ચિતતાઓ પરિવહન ખર્ચ અને કાચા માલના ભાવ દ્વારા ફુગાવાના દબાણને વધારી શકે છે, જેના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બીજા ભાગમાં વ્યાજ દરમાં વધારો કરવાની જરૂર પડી શકે છે.

### સોનાનો વાયદો રૂ.1857 અને ચાંદીનો વાયદો રૂ.4462 ગબડ્યો


## ક્રૂડ તેલના વાયદામાં રૂ.222નો ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.4897.71 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.74219.11 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 3602.17 કરોડનાં કામકાજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.79116.82 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.4897.71 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.74219.11 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.455.04 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 3602.17 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.155627ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.155651 અને નીચામાં રૂ.153551ના મથાળે અથડાઈ, રૂ.155627ના આગલા બંધ સામે રૂ.1857 ઘટી રૂ.153770ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.975 ઘટી રૂ.123316ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.105 ઘટી રૂ.15515ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.1935 ઘટી રૂ.153326ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.154691ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.155240 અને નીચામાં રૂ.153402ના સ્તરને સ્પર્શી, રૂ.155240ના આગલા બંધ સામે રૂ.1589 ઘટી રૂ.153651 થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ




વાયદો કિલોદીઠ રૂ.261561ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.262389 અને નીચામાં રૂ.261013ના સ્તરને સ્પર્શી, રૂ.266212ના આગલા બંધ સામે રૂ.4462 ઘટી રૂ.261750 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.4576 ઘટી રૂ.266101 થયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.4578 ઘટી રૂ.266141ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 422.13 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.4.5 વધી રૂ.1323.55ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત મે વાયદો રૂ.1.45 વધી રૂ.371.1ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ જૂન વાયદો રૂ.1.4 વધી રૂ.385.15 થયો હતો. સીસું મે વાયદો 15 પૈસા ઘટી રૂ.204ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 814.29 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4945ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4947 અને નીચામાં રૂ.4933ના સ્તરને સ્પર્શી, રૂ.34 ઘટી રૂ.4940 થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.8838ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8900 અને નીચામાં રૂ.8703ના મથાળે અથડાઈ, રૂ.8600ના આગલા બંધ સામે રૂ.222 વધી રૂ.8822 થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.219 વધી રૂ.8821ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.1.5 ઘટી રૂ.299.8 થયો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.1.5 ઘટી રૂ.299.8ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 2517.11 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 1085.06 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. 315.02 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 49.58 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 0.93 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 56.59 કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. 3.45 કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. 417.37 કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. 393.47 કરોડનાં કામ થયાં હતાં.

## બકરી ઈદ પર આજે ભારતીય શેરબજાર બંધ: કોમોડિટી માર્કેટ સાંજે ખુલશે

- **કોમોડિટી માર્કેટમાં બપોર સુધી કામકાજ બંધ રહ્યુ પછી સાંજે 5 વાગ્યાથી ટ્રેડિંગ શરૂ થયુ હતુ**

મુંબઈ

બકરી ઈદના અવસરે આજે ગુરુવાર 28 મેના રોજ ભારતીય શેરબજાર બંધ છે. જ્યારે કોમોડિટી માર્કેટમાં બપોર સુધી કામકાજ બંધ રહેશે. અહીં સાંજે 5 વાગ્યાથી ટ્રેડિંગ શરૂ થશે. ગઈકાલે 27 મેના રોજ સેન્સેક્સ 142 પોઈન્ટના ઘટાડા સાથે 75,868 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 7 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 23,907 પર બંધ થયો. બેંકોના શેરમાં ઘટાડો જોવા મળ્યો. ક્રૂડ ઓઈલ 4% મોંઘું, અમેરિકા-ઈરાન તણાવની અસર અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે ગુરુવારે બ્રેન્ટ ક્રૂડ ઓઈલ




લગભગ 4% મોંઘું થઈને 98 ડોલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગયું છે. ક્રૂડ ઓઈલની વધતી કિંમતો વૈશ્વિક બજાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે મોંઘા ઈંધણથી મોંઘવારી, પરિવહન ખર્ચ અને સમગ્ર અર્થતંત્ર પર સીધી અસર પડે છે. આવી સ્થિતિમાં, વિશ્વભરના રોકાણકારોની નજર ક્રૂડ ઓઈલ પર ટકેલી છે. ક્રૂડ ઓઈલ મોંઘુ થવાથી શેરબજાર શા માટે ઘટે છે? ભારત તેની જરૂરિયાતનું લગભગ 80-85% ક્રૂડ ઓઈલ બહારથી આયાત કરે છે. જ્યારે ક્રૂડ મોંઘુ થાય છે, ત્યારે દેશના ડોલર બહાર જાય છે જેનાથી રૂપિયો નબળો પડે છે. આ ઉપરાંત, કંપનીઓની પડતર વધે છે, જેનાથી તેમનો નફો ઘટે છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પૂર્વ ઝોન કચેરી ભ્રષ્ટાચારનું મહા-એપિસેન્ટર..!

## ■ 3 કરોડનું ગટર કૌભાંડ પકડાયું છતાં FIR કેમ નહીં? તંત્ર કોને બચાવે છે?

અમદાવાદ (પવન માકન)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) એટલે ભ્રષ્ટાચારીઓ માટે જાણે અક્ષયપાત્ર! સામાન્ય જનતા પાસેથી ટેક્સના નામે એક-એક રૂપિયો વસૂલતું તંત્ર પોતાના જ લાંચિયા અધિકારીઓ સામે નપુંસક સાબિત થઈ રહ્યું છે. વિરાટનગર પૂર્વ ઝોન કચેરીમાં ડ્રેનેજ અને સ્ટોર્મ વૉટર લાઈનના નામે આચરાયેલું ૩ કરોડથી વધુનું મહા-કૌભાંડ બહાર આવ્યાને એક અઠવાડિયું વીતી ગયું, છતાં હજી સુધી FIR કેમ નથી થઈ? ૧૮ મેએ પાપ છાપરે પોકાર્યું અને આજે ૨૫ મે સુધી તંત્ર કેમ મૌન છે? શું ભ્રષ્ટાચારીઓને પુરાવા સબૂર કરવાનો કે દેશ છોડી ભાગી જવાનો સમય આપવામાં આવી રહ્યો છે?

પાક્કો ગુજરાત તંત્રને સીધો સવાલ પૂછે છે: આસિસ્ટન્ટથી લઈને એડિશનલ સિટી ઈજનેર સુધીના ભ્રષ્ટાચારીઓને માત્ર સસ્પેન્શનની લોલીપોપ કેમ? જેલના સળિયા પાછળ કેમ નહીં?

કામ થયું જ નથી, છતાં કરોડો રૂપિયા ઓહિયા કરી ગયા!

આ કોઈ નાનું-મોટું કૌભાંડ નથી, આ આખી




સિસ્ટમની મિલીભગતનો વરવો નમૂનો છે. જે કામ જમીન પર ક્યારેય થયું જ નથી, તેના નકલી બિલ બનાવીને પ્રજાની કચેરીમાંથી કરોડો રૂપિયા બારોબાર ઉપાડી લેવાયા. આ પાપમાં વિરાટનગર પૂર્વ ઝોનના ચાર સુપરસ્ટાર એન્જિનિયરો અને ચાર કોન્ટ્રાક્ટરોની ટોળકી આબેહૂબ સામેલ છે.

જુઓ... કોણે કેવી રીતે આચરી દેશદ્રોહ જેવી લૂંટ:

૧. રાજેશ રાઠવા (એડિશનલ સિટી એન્જિનિયર, પૂર્વ ઝોન):

કામ સ્થળ પર તપાસ કરવા જવાની તસ્દી ન લીધી. એક જ કામના બે-બે બિલ પાસ થઈ ગયા છતાં મંથલી રેકોર્ડ કે રજિસ્ટર ન બનાવ્યા.

૨. ઉત્કર્ષ ભાભોર (ડેપ્યુટી સિટી એન્જિનિયર, પૂર્વ ઝોન):

જે કામ પહેલાં થઈ ચૂક્યું હતું અને પેમેન્ટ પણ લેવાઈ ગયું હતું, તેને ફરીથી સર્ટિફાઈડ કરી દીધું. કોઈ મેજરમેન્ટ ચેક ન કર્યું.

૩. રમેશ બારિયા (આસિસ્ટન્ટ સિટી ઈજનેર, પૂર્વ ઝોન):

સ્થળ પર ગટર લાઈન નંખાઈ જ નથી, છતાં અંકોડા મિલાવીને મેજરમેન્ટ બુકમાં આંખ આંચ્યા વગર સહીઓ ઠોકી દીધી!

૪. અલ્પેશ મકવાણા (આસિસ્ટન્ટ એન્જિનિયર, પૂર્વ ઝોન):

આ તો કૌભાંડનો અસલી ખેલાડી નીકળ્યો! ખોટી સહીઓ કરી, એકનું એક કામ બીજા રજિસ્ટરમાં બતાવ્યું અને પાપ છુપાવવા મેજરમેન્ટ બુકના પાના જ બદલી નાખ્યા!

વિજિલન્સ તપાસે આ ભોપાળું વહેતું કર્યું ન હોત તો કરોડો રૂપિયા કાયમ માટે ગટરમાં દટાઈ ગયા હોત. લાખો રૂપિયાની ફી ખાઈને પ્રોજેક્ટ મોનિટરિંગ કરતી થર્ડ પાર્ટી એજન્સીઓ (PMC) અને AMCનું આંતરિક ઓડિટ ખાતું શું કમિશનના કટકા ખાઈને તમાશો જોઈ રહ્યું હતું? ચીફ એન્જિનિયર અને ડેપ્યુટી કમિશનરની નાક નીચે મહિનાઓ સુધી આ ખેલ ચાલતો રહ્યો અને તેમને ગંધ સુધ્ધાં ન આવી?

પાક્કો ગુજરાત નો વેધક સવાલ: આગામી દિવસોમાં અમદાવાદમાં અરબો રૂપિયાના ખર્ચે કોમનવેલ્થ ગેમ્સના પ્રોજેક્ટ્સ બનવાના છે. જો આવી જ ભ્રષ્ટ અને સડેલી વ્યવસ્થા રહી તો પ્રજાની કમાણીના અરબો રૂપિયા આ જ રીતે આ લાંચિયાઓ ઓહિયા કરી જશે?

આ જ પૂર્વ ઝોન કચેરીમાં થોડા સમય પહેલાં એસ્ટેટ ખાતાના TDO જીગ્નેશ શાહ અને કેતન રામી લાખોની અપ્રમાણસર મિલકતો સાથે ACBના સકંજામાં આવી ચૂક્યા છે. પૂર્વ ઝોનની આ કચેરીમાં જો વિજિલન્સ તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરે, તો હજી કેટલાય મોટા માથાઓ જેલ ભેગા થાય તેમ છે.

### પૂર્વ DySPના પાવરના ધજાગરા

# નહેરૂનગર જમીન વિવાદમાં ફાયરિંગ કરનારા અશોકસિંહ ચૌહાણ અને તેમના સંતાનો જેલ ભેગા

## વર્ષો સુધી જે પોલીસ સ્ટેશનો પર હુકમ ચલાવ્યો, તે જ પોલીસ સ્ટેશનમાં નિવૃત્ત DySP અશોકસિંહ ચૌહાણનો અહંકાર ઓગળતો જોવા મળ્યો હતો

અમદાવાદ

કાયદો હાથમાં લેનારા ગમે તેવા મોટા માથા હોય, પણ જ્યારે ખાખી પોતાનો અસલી રંગ બતાવે ત્યારે કાયદાનો પાવર દેખાડનારા પણ ઘૂંટણિયે પડી જાય છે. અમદાવાદના પોશ વિસ્તાર નહેરૂનગરમાં આવેલી ૫ વિઘા કિંમતી જમીનના વિવાદમાં ખુલ્લેઆમ ગોળીબાર કરનારા નિવૃત્ત ડેપ્યુટી સુપરિટેન્ડન્ટ ઓફ પોલીસ (DySP) અશોકસિંહ ચૌહાણ અને તેમના સંતાનોની પોલીસે સત્તાવાર ધરપકડ કરી લીધી છે. આ હાઈપ્રોફાઈલ કેસમાં કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. પાક્કો ગુજરાત ને મળતી માહિતી મુજબ, આ ધરપકડ બાદ સેટેલાઈટ પોલીસ સ્ટેશન હાઈ વોલ્ટેજ ડ્રામાનું કેન્દ્ર બન્યું હતું. વર્ષો સુધી જે પોલીસ સ્ટેશનો પર હુકમ ચલાવ્યો, તે જ પોલીસ સ્ટેશનમાં નિવૃત્ત DySP અશોકસિંહ ચૌહાણનો અહંકાર ઓગળતો જોવા મળ્યો હતો. પોલીસ સ્ટેશનની અંદર પૂર્વ DySP અને ફરજ પરના પોલીસ કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ધક્કામુક્કી થઈ હોવાનો એક સળગતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કાયદાની કોઈ ઐસીતૈસી ન ચલાવી લેવાના મૂડમાં આવેલી સેટેલાઈટ પોલીસે પૂર્વ DySP અશોકસિંહ ચૌહાણના તમામ પાવર સાઈડમાં મૂકીને તેમને પકડીને સીધા લોકઅપના સળિયા પાછળ ધકેલી દીધા હતા. આ ઘટનાએ સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર જગાવી દીધી છે. જમીન



પચાવી પાડવા કે વિવાદ ઉકેલવા માટે એક નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારી પોતાના હોદ્દાના જોરે ગોળીબાર કરવા સુધીની હિંમત કરે, તે અમદાવાદ જેવા સુરક્ષિત શહેરમાં કાયદો અને વ્યવસ્થા સામે મોટા સવાલો ઊભા કરે છે. ગુનો કર્યા બાદ પોલીસ સ્ટેશનમાં પણ રોફ જમાવવાનો પ્રયત્ન કરનારા આ નિવૃત્ત અધિકારીને સેટેલાઈટ પોલીસે જેલના સળિયા ગણતા કરી દઈને એક કડક સંદેશ આપ્યો છે કે ગુનેગાર ભલે ગમે તેટલો વગદાર હોય, કાયદો બધા માટે સરખો છે.

### અમદાવાદમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા

# ધોળા દિવસે ઘરમાં ઘૂસી સાસુની નજર સામેથી જ પુત્રવધૂનું સનસનાટીભર્યું કરાયું અપહરણ...!

અમદાવાદ

ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાં ધોળા દિવસે કાયદો અને વ્યવસ્થાની ધજ્જિયાં ઉડાવતી એક અત્યંત ચોંકાવનારી અને ફિલ્મ સ્ટાઈલ અપહરણની ઘટના સામે આવી છે. શહેરમાં કાયદાનો કોઈ ડર જ ના રહ્યો હોય તેમ ચાર જેટલા શખ્સો એક ઘરમાં ઘૂસી આવ્યા હતા અને વૃદ્ધ સાસુની નજર સામેથી જ તેમની પુત્રવધૂને બળજબરીપૂર્વક ખેંચીને હ્યુન્ડાઈ ક્રેટા કારમાં અપહરણ કરી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર રૂવાડાં ઊભા કરી દેતી ઘટના નજીકના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, ભોગ બનનાર યુવતી ઘરમાં હાજર હતી ત્યારે અચાનક એક સફેદ રંગની ક્રેટા કાર ઘર પાસે આવીને ઊભી રહે છે. તેમાંથી ચાર જેટલા અજાણ્યા શખ્સો ઘરમાં ધસી આવ્યા હતા. સાસુ કંઈ સમજે તે પહેલાં જ આ શખ્સોએ વહુ પર તરાપ મારી હતી અને તેને બળજબરીપૂર્વક ઘરની બહાર ખેંચવા લાગ્યા હતા.

લાચાર સાસુ પોતાની પુત્રવધૂને બચાવવા માટે નરાધમો સામે કરગરતી રહી, પગે પડતી રહી, પરંતુ બેખોફ અપહરણકારોએ વૃદ્ધાને ધક્કો મારી પછાડી દીધી હતી અને યુવતીને કારમાં ઠાંસીને પૂરઝડપે ગાડી ભગાડી મૂકી હતી. યુવતીની ચીસાચીસ અને સાસુની બૂમાબૂમ છતાં કોઈ કંઈ કરે તે પહેલાં જ આરોપીઓ નજર સામેથી ઓઝલ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનીય પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

# અમદાવાદમાં મહા-કૌભાંડ: ઓશિયા મોલના માલિકો 250 કરોડથી વધુનું ફુલેકું ફેરવી ફરાર

ઓશિયા મોલમાં અલગ-અલગ પ્રોડક્ટ્સ અને માલ સામાન સપ્લાય કરતા અમદાવાદના અંદાજે 267 જેટલા નાના-મોટા વેપારીઓ આ ઠગ ટોળકીનો ભોગ બન્યા છે અને મુશ્કેલીમાં મુકાયા છે

અમદાવાદ

વેપારી આલમ અને આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાંથી છેતરપિંડીનો એક અત્યાર સુધીનો સૌથી મોટો અને ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના જાણીતા ઓશિયા મોલના માલિકો દ્વારા માલ સપ્લાય કરતા સેંકડો વેપારીઓ સાથે કરોડો રૂપિયાની મહા-ઠગાઈ આચરવામાં આવી છે.

મોલના માલિક ધીરેન્દ્ર ચોપરા ઉર્ફે ધીરજ ચોપડા અને તેમની પત્ની કવિતા ચોપરા વેપારીઓના અબજો રૂપિયા ઓહિયા કરીને રાતોરાત ફરાર થઈ જતાં સમગ્ર વેપારી જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પાક્કો ગુજરાત ને મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આ આખું કૌભાંડ ૨૫૦ કરોડથી વધુ રકમનું હોવાનું અંદાજવામાં આવી રહ્યું છે. ઓશિયા મોલમાં અલગ-અલગ પ્રોડક્ટ્સ અને માલ સામાન સપ્લાય કરતા અમદાવાદના અંદાજે ૨૬૭ જેટલા નાના-મોટા વેપારીઓ આ ઠગ ટોળકીનો ભોગ




બન્યા છે અને મુશ્કેલીમાં મુકાયા છે. માલિકોએ વેપારીઓ પાસેથી માલ લીધા બાદ પેમેન્ટ પેટે એડવાન્સમાં આપેલા કરોડો રૂપિયાના ચેક પણ બેંકમાં બાઉન્સ થતાં વેપારીઓના પગ નીચેથી જમીન સરકી ગઈ છે.

પોતાની કષ્ટીની કમાણી ડૂબી જતાં અને મોલના માલિકોના ફોન સ્વીચ ઓફ આવતા આખરે કંટાળેલા ૨૬૭ વેપારીઓએ એકઠા થઈને આ મામલે પોલીસનો દરવાજો ખટખટાવ્યો છે. ભોગ બનનાર વેપારીઓ દ્વારા આ છેતરપિંડી અંગે પોલીસ મથકમાં લેખિત અરજી આપવામાં આવી છે. વેપારીઓનો આરોપ છે કે આ મોલના માલિકોએ સુનિયોજિત કાવતરું રચીને, વિશ્વાસ કેળવીને કરોડો રૂપિયાનો માલ પડાવી લીધો હતો અને જ્યારે ચૂકવણીનો સમય આવ્યો ત્યારે ફુલેકું ફેરવીને રફુચક્કર થઈ ગયા છે.

આ કરોડોના આર્થિક ફુલેકાને કારણે કેટલાય નાના વેપારીઓ આર્થિક રીતે બરબાદ થઈ જવાની અણી પર આવી ગયા છે. ઘટનાની ગંભીરતાને જોતાં પોલીસે ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હવે જોવાનું એ રહેશે કે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરીને ફરાર થયેલા ધીરજ ચોપડા અને કવિતા ચોપરાને પોલીસ ક્યારે જેલના સળિયા પાછળ ધકેલે છે અને વેપારીઓને તેમના અટકેલા નાણાં પાછા ક્યારે મળે છે. પાક્કો ગુજરાત આ મોટા આર્થિક કૌભાંડની પળેપળની વિગતો જનતા સામે લાવતું રહેશે.

### CBSEના પરિણામમાં ગોટાળો

# લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં, મોદી સરકાર જવાબ આપે : કોંગ્રેસ

અમદાવાદ

સી.બી.એસ.ઈ. પરીક્ષા પરિણામોમાં થયેલી ગંભીર ગેરરીતિઓ અને દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા ચેડા અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે આ સમગ્ર કૌભાંડની ન્યાયિક તપાસ કરવાની માંગ કરી છે.

ડૉ. મનીષ દોશીએ જણાવ્યું કે, સી.બી.એસ.ઈ. બોર્ડના પરિણામ વ્યવસ્થાપનની જવાબદારી 'COEMPT' નામની કંપનીને સોંપવામાં આવી હતી. આ જ કંપની અગાઉ ૨૦૧૯માં તેલંગાણામાં 'Globarena' નામથી ગંભીર વિવાદોમાં ઘેરાઈ ચૂકી છે. કંપનીનો આવો ખરાબ રેકોર્ડ હોવા છતાં દેશના ૧૮.૫ લાખ વિદ્યાર્થીઓનું ભવિષ્ય કયા રાજકીય દબાણ હેઠળ આ કંપનીને સોંપાયું, તેવા સવાલો કોંગ્રેસે ઉઠાવ્યા છે.

દેશમાં ૩૩,૧૦૦થી વધુ અને ગુજરાતમાં ૩૨૯થી વધુ સી.બી.એસ.ઈ. શાળાઓના ધોરણ ૧૦ અને ૧૨ના ૪૪.૭૦ લાખ વિદ્યાર્થીઓ આજે માનસિક તણાવમાં છે.

વિદ્યાર્થીઓ અને ઉત્તરવહી ચકાસનાર શિક્ષકોના હવાલાથી કોંગ્રેસે ગંભીર આક્ષેપો કર્યા છે કે: સ્કેન થયેલી કૉપીઓ ધૂંધળી હતી અને કેટલાક પાના ગાયબ હતા. સિસ્ટમે લખેલા જવાબોવાળા પેજને પણ 'બ્લેન્ક' (ખાલી) બતાવ્યા. શિક્ષકોને માત્ર ૭ દિવસની ટ્રેનિંગ આપીને કૉપીઓ અધકચરી રીતે ચકાસવામાં આવી.

### એક તરફી પ્રેમમાં યુવતીના માતા-માસીના પણ મોર્ફ ફોટો ફેક ID પર અપલોડ કર્યાં

# સો.મીડિયા ઈન્ફ્લુએન્સર યુવતીના ન્યૂડ ફોટા AIથી બનાવનાર ઝડપાયો

## યુવતીને સતત હેરાન બદનામ કરવામાં આવી રહી હતી, જેથી સાયબર ક્રાઇમે યુવતીની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી

અમદાવાદ

અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા 1મેથી સાયબર રક્ષિતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.જેમાં મહિલાઓના ફેક આઈડી, મોર્ફ કરેલા ફોટા સહિતની અલગ અલગ ફરિયાદ નોંધી કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદની સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર યુવતીના નામથી આઠથી દસ એકાઉન્ટ બનાવી યુવતીના ફોટા AI આધારિત ન્યૂડ ફોટા બનાવી પોસ્ટ કરનાર યુવકની સાયબર ક્રાઈમે ધરપકડ કરી છે.આરોપીએ માત્ર યુવતીના જ નહીં પરંતુ તેની માતા અને માસીના પણ મોર્ફ કરેલા ફોટા બનાવીને સોશલ મીડિયામાં મૂક્યા હતા. અમદાવાદમાં રહેતી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર યુવતીએ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી કે, ડિસેમ્બરથી એપ્રિલ સુધી અજાણી વ્યક્તિએ તેના નામના ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર ફેક આઈડી



બનાવી યુવતીના ફોટાનો ઉપયોગ કરીને ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કર્યા હતા.આ યુવતીના ફોટાને AIથી ન્યૂડ ફોટા બનાવી તે પણ અપલોડ કર્યા હતા. યુવતીને સતત હેરાન કરીને બદનામ કરવામાં આવી રહી હતી. જેથી સાયબર ક્રાઈમે યુવતીની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે તપાસ દરમિયાન દિલ્હીમાં રહેતા સુમિત નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું હતું કે આરોપી સોશિયલ મીડિયા પર ધાર્મિક ઉપદેશ આપે છે. આરોપીએ યુવતી સાથે ધાર્મિક વાતો કરીને મિત્રતા કરી હતી. જે બાદ આરોપી યુવતીના વધુ નજીક આવવાનો પ્રયત્ન કરતો હતો.જેથી યુવતીએ આરોપી સાથેનો સંબંધ તોડી નાખ્યો હતો. આરોપીને યુવતી સાથેનો એક તરફથી પ્રેમ થયો હતો.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની પ્રોફાઈલ ઓપન હોવાથી 100થી વધુ ફોટા મોર્ફ કરીને યુવતીના નામના જ વિવિધ એકાઉન્ટ બનાવ્યા હતા. જેમાં યુવતીના ફોટા અપલોડ કર્યા હતા. સાયબર ક્રાઈમના ડીસીપી લવીના સિંહાએ જણાવ્યું હતું કે, યુવતીના AIથી ન્યૂડ ફોટા અને રીમોવ ક્લોથ ટુલથી બનાવેલા ફોટા અપલોડ કર્યા હતા.આ ફોટા અપલોડ કર્યા બાદ આરોપી જ યુવતીને એકાઉન્ટ ડિલીટ કરાવી દેશે તેવું કહીને સંબંધ સુધારવાનો પ્રયત્ન કરતો હતો.

# અમદાવાદ પ્લેન ક્રેશ મામલે પૂર્વ CMના નામે ઉઠ્યા સવાલો..!

અમદાવાદ

ગયા વર્ષે ૧૨ જૂન ૨૦૨૫ના રોજ અમદાવાદ એરપોર્ટ પર સર્જાયેલી એર ઇન્ડિયા ફ્લાઈટ દુર્ઘટનાનો મામલો ફરી એકવાર ગરમાયો છે. બી.જે. મેડિકલ કોલેજની હોસ્ટેલ પાસે થયેલા આ ભયાનક ક્રેશમાં અંદાજે ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. હવે આ હૃદયદ્રાવક ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નામે મોટા સવાલો સોશિયલ મીડિયા પર ઉઠી રહ્યા છે અને લોકો આ મામલે સત્ય સામે લાવી ન્યાયની માંગ કરી રહ્યા છે. શરૂઆતની તપાસમાં એવો દાવો કરાયો હતો કે ટેકઓફ બાદ એન્જિનમાં ફ્યુઅલ સપ્લાય બંધ થઈ ગયો હતો. તે સમયે મીડિયા અહેવાલોમાં પાઈલટ કેપ્ટન સુમિત સબરવાલ ડિપ્રેશનમાં હોવાના અને જાણીજોઈને પ્લેન ક્રેશ કરાવ્યું હોવાના ગંભીર આરોપો લાગ્યા હતા. પરંતુ હવે આ કેસમાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. અકસ્માતમાં પરિવાર ગુમાવનાર લેબ ટેકનિશિયન રોમિન બોહરાએ દાવો કર્યો છે કે મોર્ચરીમાં કેપ્ટન સુમિતનો મૃતદેહ પ્લેનના કંટ્રોલ યોકને મજબૂતીથી પકડેલી સ્થિતિમાં હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટનો 'પગલિસ્ટિક એટીટ્યુડ' (Pugilistic Attitude) પણ દર્શાવે છે કે પાઈલટે અંતિમ સેકન્ડ સુધી મુસાફરોના જીવ બચાવવા માટે સંઘર્ષ કર્યો હતો.

# રેલવે સ્ટેશન પર મુસાફરોનો હોબાળો: વેરાવળ-ત્રિવેન્દ્રમ એક્સપ્રેસના 9 એસી કોચમાં AC બંધ

## અન્ય મુસાફરો પણ રોષ ઠાલવી રહ્યા છે 85 થી 90 વર્ષના વૃદ્ધો અને નાના નાના બાળકો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે, રેલવે તંત્રની આ બેદરકારી સામે હવે મુસાફરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે

અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સોનાના કિંમતી દાગીનાની ચોરી થવાની સનસનાટીભરી ઘટનામાં પોલીસને મોટી સફળતા મળી છે. એરપોર્ટ જેવા હાઈ-સિક્યોરિટી ઝોનમાંથી થયેલી આ ચોરીના મામલામાં પોલીસે ગણતરીના દિવસોમાં કડક કાર્યવાહી કરીને આખી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ હાઈ-પ્રોફાઈલ ચોરીના કેસમાં અલગ-અલગ જગ્યાએથી કુલ 8 શાતિર આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ, થોડા દિવસો પહેલા અમદાવાદ એરપોર્ટ પરથી એક મુસાફરના સામાનમાંથી સોનાના કિંમતી દાગીના ભરેલી બેગ અથવા તેમાંથી કરોડો/લાખોની કિંમતનું સોનું ચોરાઈ ગયું હતું. એરપોર્ટ જેવા ચુસ્ત પોલીસ અને સીઆઈએસએફ (CISF) ના




બંદોબસ્ત વચ્ચેથી સોનાની ચોરી થતાં જ એરપોર્ટ પ્રશંસા અને પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. ભોગ બનનાર મુસાફરની ફરિયાદના આધારે એરપોર્ટ પોલીસે તાત્કાલિક ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

ચોરીની આ ગંભીર ઘટનાને પગલે પોલીસની ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ ખાસ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે એરપોર્ટના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ, ટર્મિનલ અને આસપાસના વિસ્તારોના સેંકડો CCTV કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક ખંગાળ્યા હતા. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ (બાતમીદારો) ના સચોટ ઉપયોગથી પોલીસ આખરે ચોર ગેંગ સુધી પહોંચવામાં સફળ રહી હતી. ઝડપાયેલા 8 આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે તેઓ એરપોર્ટ પર આવતા-જતા મુસાફરો અને તેમના સામાન પર નજર રાખતા હતા અને મોકો મળતા જ ચોરીને અંજામ આપતા હતા. આ ગેંગમાં એરપોર્ટની અંદર કે બહાર કામ કરતા કોઈ શખ્સો સામેલ છે કે કેમ, તે દિશામાં પણ પોલીસ હાલ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીનો કેટલોક મુદ્દામાલ રિકવર કર્યો છે અને બાકીનું સોનું મેળવવા માટે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI